પેજ-08
તેરે ઈશ્ક મેં માં ધનુષ સાથે હિરોઈન તરીકે ક્રિતી સેનનની એન્ટ્રી...



# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
જસપ્રીત બુમરાહએ રચ્યો ઈતિહાસ, પ્રથમ ભારતીય ફાસ્ટ બોલરે...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 14.00 |
| વડોદરા | 29.00 | 15.00 |
| સુરત | 31.00 | 17.00 |

પેજ 5



ઈન્ફોસિસના કો-ફાઉન્ડર ગોપાલકૃષ્ણન પર SC-ST એક્ટ...

30 JANUARY-2025 THURSDAY

લેન્ડિંગ દરમિયાન અકસ્માત, અમેરિકાનું F35 ફાઈટર પ્લેન અલાસ્કામાં ક્રેશ



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76532.96 | ▲ | 631.55 |
| નિફ્ટી | 23163.10 | ▲ | 205.85 |
| સોનું | 80500.00 | ▲ | 211.00 |
| ચાંદી | 92230.00 | ▲ | 1179.00 |

વર્ષ-14 । અંક-072 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


ગત મોડી રાત્રિએ બની ઘટના.... મહાકુંભ દુર્ઘટના પર રડી પડ્યાં મુખ્યમંત્રી યોગી, દુર્ઘટના બાદ NSG કમાન્ડોએ સંગમ કિનારે ચાર્જ સંભાળ્યો

# મહાકુંભમાં ભાગદોડ...30 શ્રદ્ધાળુનાં મોત, 60 ઘાયલ







**30 મૃતકોમાંથી 25 ની ઓળખ થઈ શકી છે. જેમાં કર્ણાટકના 4 અને ગુજરાતના 1 વ્યક્તિનું મોત થયું છે.**

## મહાકુંભમાં થયેલી ભાગદોડનાં 2 મુખ્ય કારણ

■ અમૃત સ્નાનને કારણે મોટા ભાગના પોન્ટૂન પુલ બંધ કરવામાં આવ્યા હતા. આના કારણે સંગમ ખાતે કરોડો લોકોની ભીડ એકઠી થવા લાગી. એના કારણે કેટલાક લોકો બેરિકેડ્સમાં ફસાઈ ગયા અને નીચે પડી ગયા. આ જોઈને નાસભાગની અફવા ફેલાઈ ગઈ.

■ સંગમ નોઝ પર એન્ટ્રી અને એક્ઝિટના કોઈ અલગ રસ્તા નહોતા. લોકો જે રસ્તે આવી રહ્યા હતા એ જ રસ્તે પાછા જઈ રહ્યા હતા. આવી સ્થિતિમાં જ્યારે નાસભાગ મચી ત્યારે લોકોને બચવાનો મોકો મળ્યો નહીં. તેઓ એકબીજા પર પડતા રહ્યા.

## પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

વડાપ્રધાન મોદીએ મહાકુંભની ઘટનાને લઈ શોક વ્યક્ત કર્યો છે. તેમણે ટ્વિટ કરીને લખ્યું છે કે, 'પ્રયાગરાજ મહાકુંભમાં સર્જાયેલી દુઃખદ ઘટનાથી હું ખૂબ જ દુઃખી છું. જે શ્રદ્ધાળુઓએ તેમના પ્રિયજનો ગુમાવ્યા તેમના પ્રત્યે મારી ગાઢ સંવેદના છે. આ સાથે જ હું તમામ ઈજાગ્રસ્તો જલ્દીથી સાજા થાય તેવી પ્રાર્થના કરું છું.

(એજન્સી) પ્રયાગરાજ | તા.29

પ્રયાગરાજના મહાકુંભમાં ગત રાત્રે એક મોટી દુર્ઘટના બની. રાત્રે અંદાજિત 2 વાગ્યે સંગમ ઘાટ પર નાસભાગ મચી ગઈ હતી. મહાકુંભમાં થયેલી નાસભાગમાં 90 શ્રદ્ધાળુ ઘાયલ થયા હતા, જેમાંથી 30 લોકોના મોત થયા છે, જ્યારે 60 લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં 25 લોકોની ઓળખ થઈ છે. જેમાં ગુજરાતના એક શ્રદ્ધાળુની પણ ઓળખ થઈ છે. આ અંગે મેળા તંત્ર તરફથી માહિતી આપવામાં આવી છે. ઘટનાના અંદાજિત 16 કલાક બાદ પ્રેસ કોન્ફરન્સ કરીને કુંભ મેળાના DIG વૈભવ કૃષ્ણએ જણાવ્યું કે, નાસભાગમાં 30 લોકોના મોત થયા છે, જ્યારે 60 લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાંથી 25 લોકોની ઓળખ થઈ ચૂકી છે. મૃતકોમાંથી અનેક લોકો અલગ અલગ રાજ્યોમાંથી છે, જેમાં ચાર કર્ણાટકથી, એક આસામથી અને એક ગુજરાતથી છે. ઈજાગ્રસ્તોની સ્થાનિક મેડિકલ કૉલેજમાં સારવાર ચાલી રહી છે.

## 'બ્રહ્મ મુહૂર્તની રાહ જોઈ રહ્યા હતા શ્રદ્ધાળુ'




મહાકુંભ DIG વૈભવ કૃષ્ણએ જણાવ્યું કે, આ દુર્ઘટના કેવી રીતે બની. તેમણે કહ્યું કે, શ્રદ્ધાળુઓ બ્રહ્મ મુહૂર્તની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે કેટલાક શ્રદ્ધાળુ અચાનક દર્શન કરવા માટે આવી ગયા. કેટલાક ભક્તો બેરિકેડ તોડીને આગળ આવ્યા હતા. પાછળથી આવેલી શ્રદ્ધાળુઓની ભીડના કારણે નાસભાગ મચી ગઈ. 29 તારીખે કોઈ VVIP મૂવમેન્ટ ન હતી. આગામી મોટા પર્વ કે સ્નાન પર કોઈ VVIP મૂવમેન્ટ નહીં થાય. DIGએ કહ્યું કે, આજે મૌની અમાવસ્યાનું મુખ્ય સ્નાન હતું. બેલા ક્ષેત્રમાં અખાડા માર્ગમાં ભીડ વધી અને ભીડ બીજી તરફ કૂદી ગઈ. એમ્બ્યુલન્સથી કુલ 90 લોકોને હૉસ્પિટલ મોકલાયા હતા. જેમાંથી 30ના મોત થઈ ગયા.



## ભક્તોએ બેરિકેડ તોડી નાખ્યા હતા - DIG

ડીઆઈજી વૈભવ કૃષ્ણાએ જણાવ્યું હતું કે કેટલાક ભક્તો બેરિકેડ તોડીને આગળ વધવા માંગતા હતા. આ સમય દરમિયાન કેટલાક ભક્તો સૂતા હતા જે કચડાઈ ગયા. DIGએ કહ્યું કે ત્યાં કોઈ વીઆઈપી પ્રોટોકોલ નહોતો. ઘાયલોની માહિતી માટે હેલ્પલાઈન નંબર 1920 જારી કરવામાં આવ્યો છે.

## CMએ ન્યાયિક તપાસના આદેશ આપ્યા



CM યોગી આદિત્યનાથે મહાકુંભ દુર્ઘટનાની ન્યાયિક તપાસના આદેશ આપ્યા છે. તેમણે કહ્યું કે અકસ્માતના કારણોની તપાસ કરવામાં આવશે જેથી ભવિષ્યમાં આવા અકસ્માતો અટકાવી શકાય. આ ઘટનામાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે, અને હવે તેની પાછળના કારણો શોધવા માટે ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવશે. આ તપાસ જસ્ટિસ હર્ષ કુમારની અધ્યક્ષતામાં હાથ ધરવામાં આવશે. સરકારે મહાકુંભ દુર્ઘટનાની તપાસ માટે ન્યાયિક તપાસની જાહેરાત કરી છે. આ તપાસ જસ્ટિસ હર્ષ કુમારની અધ્યક્ષતામાં ભૂતપૂર્વ ડીજીના નેતૃત્વ હેઠળ હાથ ધરાશે. સીએમ યોગીએ કહ્યું કે પીએમ મોદી, અમિત શાહ અને રાજ્યપાલ તરફથી માર્ગદર્શન મળ્યું હતું.

## CM યોગીએ મૃતકોના પરિવારજનોને 25 લાખ રૂપિયાની મદદની જાહેરાત કરી



મહાકુંભમાં થયેલી ભાગદોડ પર સીએમ યોગીએ પ્રતિક્રિયા આપી છે. આ દરમિયાન તે ખૂબ જ ભાવુક દેખાતા હતા. તેમણે કહ્યું કે 30 લોકોના મોત થયા છે. આ ઘટનાથી હું ખૂબ જ દુઃખી છું. મારી સંવેદનાઓ બધા મૃતકોના પરિવારો સાથે છે. તેમણે મૃતકોના પરિવારજનોને 25 લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી. તેમજ ન્યાયિક તપાસનો આદેશ આપ્યો. યોગીએ કહ્યું કે અમે ઘટનાની ન્યાયિક તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. જેમાં જસ્ટિસ હર્ષ કુમાર, ભૂતપૂર્વ ડીજી વીકે ગુપ્તા અને નિવૃત્ત આઈએએસ ડીકે સિંહની અધ્યક્ષતામાં એક કમિશનની રચના કરવામાં આવી છે.

## 'નાની-મોટી ઘટનાઓ બનતી રહે છે' : યુપીના મંત્રીનું વિવાદાસ્પદ નિવેદન

ઉત્તર પ્રદેશ સરકારના કેબિનેટ મંત્રી સંજય નિષાદે મહાકુંભમાં થયેલી નાસભાગ અંગે વિવાદાસ્પદ નિવેદન આપી કહ્યું કે, 'શ્રદ્ધાળુઓ જ્યાં જગ્યા હોય ત્યાં સ્નાન કરે. આટલી મોટી ભીડ હોય, આટલી મોટી વ્યવસ્થા હોય, ત્યાં આવી નાની-મોટી ઘટનાઓ બનતી રહે છે.' વિવાદ ઊભો કર્યા બાદ નિષાદે સ્પષ્ટતા કરવી પડી : આ નિવેદન બાદ ચોતરફ ટીકા થતાં કેબિનેટ મંત્રી નિષાદ બરાબરના ફસાયા છે અને છેવટે તેમણે સ્પષ્ટતા કરવી પડી છે. તેમણે વિવાદ ઊભો કર્યા બાદ કહ્યું કે, 'મારી જીભ લપસી ગઈ હતી. મારાથી ભુલથી નિવેદન અપાઈ ગયું છે. આ ઘટનાથી તમામ લોકો દુઃખી છે. હું ઘટનાને નાની માની રહ્યો નથી. આ મોટી ઘટના છે.'



# સાઉદીમાં માર્ગ અકસ્માતમાં 9 ભારતીય નાગરિકનાં મોત



(એજન્સી) નવી દિલ્હી | તા.29

સાઉદી અરેબિયામાં ગમખ્વાર રોડ અકસ્માત સર્જાયો છે જેમાં 9 ભારતીયોના મોત થઈ ગયા છે. જેદ્દાહમાં ભારતીય મિશને આ અંગે જાણકારી આપી છે. મિશને જણાવ્યું કે, આ અકસ્માત પશ્ચિમી સાઉદી અરેબિયામાં જીજાન પાસે સર્જાયો છે. અમે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનો સાથે સંપર્કમાં છીએ. આ ઉપરાંત અમે સાઉદીના અધિકારીઓના સંપર્કમાં છીએ અને તેઓ પોતાનું સમર્થન આપી રહ્યા છે. ભારતીય કોન્સ્યુલેટે X પોસ્ટમાં જણાવ્યું કે, સાઉદી અરેબિયાના પશ્ચિમ ક્ષેત્રમાં જીજાન નજીક માર્ગ અકસ્માતમાં 9 ભારતીય નાગરિકોના દુઃખદ મૃત્યુ પર અમે અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના. જેદ્દાહમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ સંપૂર્ણ સહાય પૂરી પાડી રહ્યા છે.

# દિલ્હીના લોકો ભાજપની ડબલ એન્જિન સરકાર ઈચ્છે છે: PM

(એજન્સી) નવી દિલ્હી | તા.29

પીએમ મોદીએ બુધવારે દિલ્હીના કરતાર નગરમાં રેલી કરી હતી. PMએ કહ્યું- દિલ્હીના પૂર્વ સીએમએ હરિયાણાના લોકો પર ઘૃણાસ્પદ આરોપો લગાવ્યા. શું હરિયાણાના લોકો પોતાના બાળકોના પાણીમાં ઝેર ભેળવી શકે છે?

દિલ્હીમાં રહેતા અમારા તમામ જજ, જસ્ટિસ અને આદરણીય સભ્યો હરિયાણાથી મોકલવામાં આવતું આ પાણી પીવે છે. તમારા વડાપ્રધાન પણ આ જ પાણી પીવે છે. શું કોઈ કલ્પના કરી શકે કે મોદીને ઝેર આપવા માટે હરિયાણાએ ઝેર આપ્યું હશે? શું વાત કરો છો. પીએમએ ચૂંટણી રેલી દરમિયાન કુંભ દુર્ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. PMએ કહ્યું- મહાકુંભમાં થયેલા દુઃખદ અકસ્માતમાં આપણે કેટલાક પુણ્યશાળી આત્માઓને ગુમાવ્યા છે. તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું. મૌની અમાવસ્યાના કારણે કરોડો ભક્તો ત્યાં પહોંચી ગયા છે. થોડા સમય માટે નહાવાની પ્રક્રિયા અટકાવવી પડી હતી પરંતુ હવે ભક્તો સરળતાથી સ્નાન કરી રહ્યા છે.



## આપ પાર્ટી પર કર્યા પ્રહાર

[illegible]

## વિકસિત દેશની રાજધાની દેશનું મોડલ શહેર બને-પીએમ મોદી

PMએ કહ્યું કે દિલ્હી હવે એવી સરકાર ઈચ્છે છે જે ગરીબો માટે ઘરો બનાવે, જે દિલ્હીને આધુનિક બનાવે, દિલ્હી એવી સરકાર ઈચ્છે છે જે દરેક ઘરમાં નળનું પાણી પૂરું પાડે અને ટેન્કર માફિયાઓથી મુક્તિ આપે. તેમણે કહ્યું કે ભારતના કરોડો નાગરિકો વિકસિત ભારતના સંકલ્પ સાથે દિવસ-રાત કામ કરી રહ્યા છે. વિકસિત ભારતની રાજધાની પણ વિકસિત દેશનું 'મોડેલ શહેર' બને તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## યમુનાના પાણીમાં ઝેર અંગે PMનો પલટવાર

વડા પ્રધાન મોદીએ કેજરીવાલના તે નિવેદન પર પણ પ્રહારો કર્યા જેમાં તેમણે હરિયાણા પર યમુનાને ઝેર આપવાનો આરોપ મૂક્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે આપણે પણ યમુનાનું પાણી પીએ છીએ, બધા ઉચ્ચ અધિકારીઓ, વિદેશી દૂતાવાસના અધિકારીઓ, કોર્ટના ન્યાયાધીશો પણ યમુનાનું પાણી પીવે છે.

# ટ્રમ્પે ભારતના બે પડોશી દેશને આપ્યો ઝટકો, તમામ આર્થિક સહાયો આપવાની બંધ કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.29



ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના નવા રાષ્ટ્રપતિ બન્યા બાદ ભારત-અમેરિકાની ગાઢ મિત્રતા જોવા મળી રહી હોય તેવો ફરી નવો અહેવાલો સામે આવ્યો છે. વાસ્તવમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષોથી વિવાદ ચાલી રહ્યો છે. આ ઉપરાંત બાંગ્લાદેશ વચ્ચે ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. બાંગ્લાદેશમાં શેખ હસીને ઉથલાવી સત્તા પર કબજે કરનાર મોહમ્મદ યૂનુસ સરકાર ભારત વિરુદ્ધ અનેક નિર્ણયો લઈ ચુક્યા છે. જોકે પાકિસ્તાન અને બાંગ્લાદેશ સરકારે ભારત સામે પડવું ભારે પડ્યું હોય તેવી વાત સામે આવી છે. વાસ્તવમાં ડોનાલ્ડ ટ્રમ્પે બાંગ્લાદેશી સરકારને અપાતી આર્થિક સહાય બંધ કર્યા બાદ હવે પાકિસ્તાન સામે પણ આવો નિર્ણય લીધો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આદેશ અપાયા બાદ અમેરિકાએ પાકિસ્તાનને અપાતી તમામ સહાયતા અસ્થાયી રૂપે અટકાવી દીધી છે.

**અમેરિકાના નિર્ણયથી પાકિસ્તાન પર આફત :** અમેરિકાના રાષ્ટ્રપતિના આ નિર્ણય બાદ પાકિસ્તાનને મોટો ફટકો પડ્યો છે. ટ્રમ્પ તંત્રએ વિદેશને કરાતી આર્થિક મદદ પર 90 દિવસ સુધી પ્રતિબંધ લાદી દીધો છે, જેમાં બાંગ્લાદેશનો પણ સમાવેશ થાય છે. અમેરિકાએ મંગળવારથી જ અમેરિકાની આંતરરાષ્ટ્રી વિકાસ એજન્સી હેઠળના દેશોને HIV, મેલેરિયા અને ટ્યુબરક્યુલોસિસ માટેની દવાઓ તેમજ નવજાત શિશુઓ માટે તબીબી પુરવઠાના વિતરણને અટકાવી દેવાનો નિર્ણય લીધો છે.

# પાણી, ઝેર અને દારૂ....દિલ્હીનો ચૂંટણી પ્રચાર છેલ્લા તબક્કામાં કઈ દિશામાં જઈ રહ્યો છે?

(એજન્સી) નવી દિલ્હી | તા.29

દિલ્હી વિધાનસભાની 5 ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવા જઈ રહી છે. ચૂંટણીનો જબરદસ્ત જંગ ત્રણ મુખ્ય પાર્ટીઓ આમ આદમી પાર્ટી (AAP), ભારતીય જનતા પાર્ટી (BJP) અને કોંગ્રેસ વચ્ચે જામ્યો છે. જનતાના મત મેળવવા માટે ત્રણેય પાર્ટીઓ એડીચોટીનું જોર લગાવી રહી છે, એકેય મુદ્દો બાકી નથી રાખ્યો, અને એમાંનો એક મુદ્દો છે, મફતિયા રેવડીની લહાણી. કલ્યાણકારી યોજનાઓને નામે મફત સેવાઓ, નાણાકીય સહાય અને આરોગ્યસંભાળ બાબતનાં વચનો અપાઈ રહ્યા છે, જેનો બોજ સીધો રાજ્યની તિજોરી પર પડી રહ્યો છે.

## દિલ્હીમાં પાણી અને ઝેરનો દાવ

મંગળવારે અરવિંદ કેજરીવાલે પાણી અને ઝેરને લઈને મોટું નિવેદન આપ્યું હતું. કેજરીવાલે પોતાના નિવેદનમાં કહ્યું કે હરિયાણામાં યમુનાના પાણીમાં ઝેર ભેળવવામાં આવી રહ્યું છે. જો દિલ્હી જળ બોર્ડ સક્રિય નહીં થાય તો અહીંના લોકોની મુશ્કેલીઓ વધી શકે છે. કેજરીવાલના આ નિવેદન પર રાજકીય હોબાળો શરૂ થઈ ગયો છે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અંગે ટિપ્પણી કરી છે. પીએમએ કહ્યું છે કે હરિયાણાના લોકો દેશભક્ત છે અને તેમના પર આવા આરોપો ખોટા છે.

## દારૂ - શીશ મહેલ પર હોબાળો

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પહેલીવાર દારૂ અને શીશમહેલના મુદ્દા પર આમ આદમી પાર્ટીને ઘેરી લીધી છે. પટપડગંજ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર અનિલ ચૌધરી માટે પ્રચાર કરવા આવેલા રાહુલે કહ્યું કે મનીષ સિસોદિયા દારૂ કૌભાંડના શિલ્પી હતા. શીશમહલના મુદ્દા પર રાહુલે અરવિંદ કેજરીવાલને ઘેર્યા. તેમણે વધુમાં કહ્યું કે જે લોકો કાચના મહેલોમાં રહે છે તેઓ લોકોના દુઃખ જોતા નથી. આ દરમિયાન રાહુલે પીએમ મોદી અને કેજરીવાલની તુલના પણ કરી.

# દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાતનો ટેબ્લો..... સતત ત્રીજા વર્ષે પ્રથમ નંબર જાહેર





(એજન્સી) ગાંધીનગર | તા.29

76માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ ઉપર પ્રસ્તુત કરવામાં આવેલા ગુજરાતના ટેબ્લો 'આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ'ને પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં સૌથી વધુ મત પ્રાપ્ત થયા છે. ગુજરાતના ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં પોપ્યુલર ચોઈસનું પ્રથમ સ્થાન સતત ત્રીજા વર્ષે પ્રાપ્ત કરીને હેટ્રિક સર્જી છે.

## ગુજરાતની ગૌરવ સિદ્ધિમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું

વર્ષ 2024ના 75માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતે રજૂ કરેલા ટેબ્લો "ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ- UNWTO"ની પ્રસ્તુતિને પણ 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં પ્રથમ ક્રમ મળ્યો હતો. એટલું જ નહીં, ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની- જ્યુરીની ચોઈસમાં પણ ગુજરાતના આ ટેબ્લોએ 2024માં બીજો ક્રમ મેળવ્યો હતો. આ જ પરંપરામાં વધુ એક સિદ્ધિ મેળવીને 76માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજી વાર પ્રથમ ક્રમ મેળવીને હેટ્રીક સર્જવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે.

ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવોર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા 2023ના 74માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરૂ કરી છે. આ પરેડમાં રાજ્ય સરકારે "ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત" ના ટેબ્લોમાં પુન: પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલની ઝાંખી પ્રસ્તુત કરી હતી.

ગુજરાતની આ ઝાંખીને વધુ રસપ્રદ બનાવવાના હેતુસર પારંપરિક કિન્તુ અર્વાચીન દુહાના તાલે રાજ્યનો જોમવંતો 'મણિયારો' રાસ જીવંત નૃત્ય સાથે દર્શાવવામાં આવ્યો હતો. ગુજરાતની પારંપારિક લોક સંસ્કૃતિના મેરૂ સમાન આ મણિયારા રાસને વિવિધ રાજ્યોના ટેબ્લોના કલાકારો દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમની કૃતિઓની સ્પર્ધામાં પણ ત્રીજું સ્થાન મળ્યું છે. આ સમગ્ર પ્રસ્તુતિ અને ઝાંખીએ પરેડમાં સૌના મન મોહી લીધા હતા અને આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

### મુખ્યમંત્રીએ આભાર વ્યક્ત કર્યો



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છેલ્લાં ત્રણ વર્ષથી ગુજરાતનો ટેબ્લો પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ સ્થાને આવી રહ્યો છે તેની ગૌરવપૂર્ણ સિદ્ધિ અંગે ગુજરાતના સૌ નાગરિકોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો છે.

### સતત ત્રીજા વર્ષે મેળવ્યો પ્રથમ ક્રમ

ગુજરાત સરકારના માહિતી વિભાગે આ પરેડમાં પ્રસ્તુત કરેલા ટેબ્લો 'આર્નતપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસના અદભૂત સંગમ'ને સૌથી વધુ વોટ જનતા જનાર્દને આપ્યા છે. આ વિશાળ સંખ્યાના વોટિંગથી ગુજરાતના ટેબ્લો પોપ્યુલર ચોઈસમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે રહ્યો છે.

**નાગરિકોએ પસંદ કર્યો શ્રેષ્ઠ ટેબ્લો :** નવી દિલ્હીના કર્તવ્ય પથ પર 76માં પ્રજાસત્તાક પર્વ નિમિતે વિવિધ રાજ્યો અને સરકારના વિભાગોના 31 ટેબ્લોઝ રજૂ કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યના માહિતી વિભાગે પ્રસ્તુત કરેલા ટેબ્લોમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તે વિકાસ ગાથા અને પ્રાચીન વિરાસતની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી. આ પરેડમાં રજૂ થતા વિવિધ ટેબ્લૉઝ માટે નાગરિકો પોતાના વોટ ઓનલાઈન આપીને 'પોપ્યુલર ચોઈસ'ના શ્રેષ્ઠ ટેબ્લોને પસંદ કરી શકે છે.

**ગુજરાતના ટેબ્લોની શું હતી વિશેષતા? :** ગુજરાતની ઝાંખીના 12મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના સોલંકીકાળના 'કીર્તિ તોરણ'થી લઈને 21મી સદીની અજાયબી સ્વરૂપ 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે રાજ્યની 'આત્મનિર્ભરતા'ના વિવિધ વિકાસના પ્રકલ્પો સી-295 એરક્રાફ્ટ ઉત્પાદન યુનિટ, સેમી કન્ડક્ટર ચીપ અને તેના આનુષંગીક ઉપકરણો તથા અટલ બ્રિજ વગેરનું બખૂબી નિદર્શન કરવામાં આવ્યું હતું.

# પીંગલેશ્વર બીચ ઉપર આજે સૂર્યકિરણની ટીમ દ્વારા પ્રથમ વખત હવાઈ શો યોજાયો



## સૂર્ય કિરણ ટીમના ૯ જેટલા વિમાનોના કરતબે લોકોના દિલ જીત્યા



મહેશ એલ.સોની | નખત્રાણા - કચ્છ

વાયુસેનાની સૂર્યકિરણ એરોમેટિક ટીમ દ્વારા સુખોઈ ૩૦, જગુઆર વિમાન સાથેના એર શો પિંગ્લેશ્વર બીચ પર યોજાઈ ગયો. જેને જોવા માટે અબડાસા સહિત કચ્છ ભરના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને હવાઈ પ્રદર્શન નિહાળી આશ્ચર્ય પામ્યા હતા સાથે ભારત માતા કી જયના ગગન ભેદી નારા સાથે વાતાવરણને દેશભક્તિ મય બનાવી દીધું હતું. ભારતીય વાયુ સેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમની રચના1996 માં કરવામાં આવી હતી અને તે વિશ્વની કેટલીક પ્રસિધ્ધ એરોમેટિક્સ ટીમમાંની એક છે તેમજ એશિયાની એકમાત્ર એરોબિક ટીમ છે આ ટીમ અત્યાર સુધીમાં ભારતમાં 500થી વધુ હવાઈ પ્રદર્શન કરી ચૂકી છે આ ઉપરાંત ચાઈના, શ્રીલંકા, મ્યાંમાર, થાઈલેન્ડ, સિંગાપોર અને સંયુક્ત અરબ અમીરાતમાં પણ હવાઈ પ્રદર્શન કરી સરાહના મેળવી ચૂકી છે. આ દિલધડક એર શો નિહાળવા માટે બહોળી સંખ્યામાં રાજકીય અગ્રણીઓ, પદા અધિકારીઓ તેમજ ભાઈઓ બહેનો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

### 14 વર્ષ બાદ ત્રણ રંગના સ્મોકથી ડિસ્પ્લે

ઈન્ડિયન એરફોર્સના સૂર્યકિરણ એરોબેટિક ટીમના 9 હોક વિમાનો દ્વારા આકાશમાં અદ્ભૂત કરતબો કરવામાં આવ્યા હતા. આ અગાઉ પણ ગત વર્ષે જાન્યુઆરી માસમાં 2 દિવસ માટે આ એર શો ભુજના એરફોર્સ સ્ટેશન ખાતે યોજાયો હતો. સૂર્યકિરણ એરોબેટિક ટીમે 14 વર્ષ બાદ પ્રથમવાર એરફોર્સની ટ્રાય કલર ડિસ્પ્લે એટલે કે કેસરી સફેદ અને લીલા રંગના સ્મોકનો ઉપયોગ કરીને કરતબો રજૂ કરવામાં આવ્યા હતા.

# દાદા ગાંજો વાવતો, પૌત્ર પડીકામાં વેચતો


## દાહોદ SOGએ NDPSમાં બંનેની ધરપકડ કરી, ₹79 લાખના 455 લીલા છોડ અને સૂકો ગાંજો જપ્ત

દિપક રાવલ | દાહોદ લીમખેડા



દાહોદ જિલ્લાના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ ડ્રોન કેમેરાની મદદથી નાડાતોડ ગામમાંથી 79 લાખથી વધુની કિંમતનો ગાંજો પકડી પાડ્યો છે. બાતમીના આધારે દેવગઢ બારીયા તાલુકાના નાડાતોડ ગામ નજીક માદક પદાર્થની તીવ્ર દુર્ગંધની તપાસ કરવામાં આવી હતી. જેમાં આરોપી દાદા પ્રેમ પટેલે ખેતરમાં ગાંજાનું વાવેતર કર્યુ હતું. જ્યારે પૌત્ર શૈલેષ સૂકાં ગાંજાનું પેકિંગ કરીને વેચાણ કરતો હતો. બંનેની NDPS એક્ટ હેઠળ ધરપકડ કરી છે.

### રતાળુના વાવેતર સાથે ગાંજો વાવ્યો હતો



પોલીસે ડ્રોન કેમેરાથી કરેલી તપાસમાં પ્રેમભાઈ પટેલના ખેતરમાં રતાળુના વેલાની વાડની આડમાં ગાંજાનું વાવેતર મળી આવ્યું હતું. તાત્કાલિક રેઈડ દરમિયાન ખેતર માલિક પ્રેમભાઈ મોતીભાઈ પટેલને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમના ખેતરમાંથી ગાંજાના 455 લીલા છોડ અને ઘરમાંથી સૂકો ગાંજો મળી આવ્યો હતો. FSL અધિકારીઓએ સ્થળ પર જ તપાસ કરીને ગાંજાની પુષ્ટિ કરી હતી. પોલીસ તપાસમાં કુલ 790.400 કિલોગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે, જેની કિંમત રૂ.79,04,000 છે.

### પોલીસે રેડ કરીને 79 લાખનો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો

દાહોદ જિલ્લા પોલીસે સદર જગ્યાએ રેડ કરતા આશરે 79 લાખ રૂપિયાનો ગાંજાનો મુદ્દામાલ પ્રાપ્ત થયેલો, જેમાં પ્રેમ ભાઈ અને તેમના પૌત્ર શૈલેષ રમેશ પટેલની ધરપકડ કરવામાં આવી છે. દાહોદ જિલ્લા પોલીસે નશાનું વાવેતર આ મહિનામાં આ એક કેસ છે. એ ઉપરાંત મધ્યપ્રદેશથી રાજસ્થાન જે પોશડોડાની હેરફેર થતી હોય છે એના ત્રણ કેસો પકડી પાડ્યા છે. આમાં દાહોદ જિલ્લા પોલીસ દ્વારા જાન્યુઆરી મહિનામાં આશરે એક કરોડ 60 લાખની રકમનો નાર્કોટિક્સનો જથ્થો પકડી પાડવામાં સફળતા મળી છે.

# રાજ્યમાં ઠંડી વચ્ચે માવઠું ભૂક્કા બોલાવશે!

(એજન્સી) ગાંધીનગર | તા.29

ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં ગુજરાત પર માવઠાનો ખતરો. હવામાન આગાહીકાર પરેશ ગોસ્વામીએ 2થી 3 ફેબ્રુઆરી દરમિયાન માવઠાની આગાહી કરવામાં આવી છે. એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ દેશના ઉત્તર પર્વતીય પ્રદેશોમાં આવશે. 30 અને 31 જાન્યુઆરી આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં આવવાની શક્યતાઓ છે. જેના કારણે દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં પવનના તોફાનો થશે અને કમોસમી વરસાદ, કરા પડવા અને ક્યાંક મેઘ ગર્જના થાય તેવી શક્યતા છે.

## ફેબ્રુઆરીમાં મોટી ઉથલપાથલના એંધાણ

હવામાન વિભાગે ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયામાં રાજ્યના અનેક વિસ્તારોની અંદર માવઠાના વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, વેસ્ટન ડિસ્ટર્બન્સ સક્રિય થતા 2 અને 3 ફેબ્રુઆરીએ રાજ્યમાં ઠંડી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. 2 ફેબ્રુઆરીએ અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, દમણ, દાદરનગર હવેલીમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. જ્યારે 3 ફેબ્રુઆરીએ અરવલ્લી, અમરેલી, ભાવનગર, મહીસાગર , દાહોદમાં માવઠાની આગાહી કરવામાં આવી છે.

ફેબ્રુઆરી માસની શરૂઆતમાં બંગાળના ઉપસાગરમાં લો પ્રેશર સર્જાતાં, બંગાળ ઉપ સાગર અને અરબી સમુદ્રના ભેજ સજાતા મહારાષ્ટ્રના ભાગો, ગોવા નજીકના ભાગોમાં કમોસમી વરસાદ આવવાની શક્યતાઓ છે. આ ઉપરાંત પૂર્વ ગુજરાતના ભાગો, ઉત્તર ગુજરાતના ભાગો, સાબરકાંઠા, અરવલ્લીના ભાગો, પંચમહાલના ભાગોમાં કમોસમી વરસાદ અથવા ઝાપટા પડશે. મધ્ય ગુજરાતના ભાગોમાં વાદળછાયું વાતાવરણ આવશે. જોકે, લા-નીનોની અસર બાબતમાં કેટલાક તજજ્ઞોના મનમાં અવઢવ છે.



### ઠંડી વચ્ચે કમોસમી વરસાદની આગાહી

- 2 અને 3 ફેબ્રુઆરીએ માવઠાની આગાહી
- **વેસ્ટન ડિસ્ટર્બન્સ સક્રિય થતા માવઠાની આગાહી**
- વાતાવરણ અંગે હવામાન વિભાગની આગાહી
- **2 ફેબ્રુઆરીએ અમરેલીમાં માવઠાની આગાહી**
- ભાવનગર, નવસારી, વલસાડમાં માવઠાની આગાહી

# આહવા તાલુકા પંચાયતમાં પાણીની મોટર ખરીદીમાં ગૈરરીતિ થયેલ હોવાના આક્ષેપ સાથે નિષ્પક્ષ તપાસ બાબતે આવેદનપત્ર

ડાંગ, તા.29 | ડાંગ જિલ્લાનાં આહવા તાલુકા પંચાયતમાં પાણીની મોટર ખરીદીમાં ગેરરીતિ આચરવામાં આવેલ હોય તેવા આક્ષેપો સાથે ઈન્ડિયન યુથ કોંગ્રેસના ગુજરાત પ્રદેશ મંત્રી મનીષ મારકણા એ ડાંગ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. ડાંગ જિલ્લાના વિકાસ માટે જાહેર જનતાના ભરેલ ટેક્સમાંથી સરકાર નાણાની ફાળવણી કરે છે. ત્યારે આહવા તાલુકા પંચાયત દ્વારા 15માં નાણાપંચ અંતર્ગત 2020-2021માં ગ્રામ પંચાયત વાઈઝ આયોજન આહવા તાલુકાની અમુક ગ્રામ પંચાયતમાં પાણીની મોટર ખરીદી માટે GEM પોર્ટલ પર ટેન્ડર બહાર પાડેલ હતુ.એક મોટર ખરીદીનો ભાવ બઝારમાં 18,000 હોય તો 18,000+13 મોટરના =2,34,000 રૂપિયા થાય તો આહવા તાલુકાના પંચાયતના ટેન્ડર પ્રમાણે 95,500+13મોટરના =12,41,500 રૂપિયા થાય છે.જેથી 10,07,500 રૂપિયાનો ભ્રષ્ટાચારનો આક્ષેપ કરાયો છે. ત્યારે આ ટેન્ડરની કામગીરીની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને ગેરરીતિ કરેલ અધિકારીઓ પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તથા સરકારી ગ્રાન્ટનાં નાણા રિકવર કરવામાં આવે તેવી માંગ સાથે મનીષ મારકણાએ ડાંગ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.

# જાફરાબાદ લાઈટ હાઉસ રોડ ઉપર ભંગાર રૂપી બિનઅધિકૃત આગ નો પરવાનો ઉભો કરતા તત્વોં ઉપર લેખિત ફરિયાદ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ લાઈટ હાઉસ રોડ તથા રહેણાંક સોસાયટી અને ભરચક્ક વિસ્તારમાં ભંગાર એકઠો કરીને લોકોના જાનમાલનું મોટા પ્રમાણમાં નુકસાન થાય તેવી રીતે પ્લાસ્ટિક, અને પૂંઠા અને પોલીથીન તેમજ અન્ય ભંગાર રૂપી વાહનો ભરેલા તેમજ મસમોટા ઢગલાબંધ પ્લાસ્ટિક ભંગાર ઉભો કરેલ હોય અને આ બધું રહેણાંક વિસ્તારમાં ખડકાયેલુ હોય અને આગ જેવું ઝળબતુ મોત નો પરવાનો એકઠો કરવામાં આવતો હોય આ ભંગાર ના અને પ્લાસ્ટિક, તથા પૂંઠા ઓ ના જથ્થા ના કારણે કોઈ અનિચ્છનિય ઘટના ઘટે અને કોઈ મોટી જાનહાનિ સર્જાય તો જવાબદારી કોની ??? આગ જેવી ઘટના ઘટે તો આગને કાબુમાં લેવા માટે સ્થાનિક પાલિકા પાસે આધુનિક સાધનો પણ નથી પરંતુ આ રહેણાંક વિસ્તારમાં આગને આમંત્રણ આપતો પરવાનો ઉભો કરવા માટે કોઈ પણ જાતની પરવાનગી પણ ન હોય અને આજુબાજુના રહીશો આ ભંગાર ના કારણે પોતાના વાહનો ના ટાયર આ ભંગાર માંથી લોખંડના સળિયા તથા ખીલી ઓ વીલમાં આવી જતા નવા નક્કોર ટાયર પણ આ રોડ ઉપર ખડકાયેલા ભંગાર ના કારણે ફેલ થઈ જતાં હોય અને અહીં ના રહીશો ફોર વ્હીલર ગાડી લઈને નીકળે ત્યારે આ ભંગાર ના માલિક અહીં ના મેન રોડ ઉપર પોતાના વાહનો અડચણ થાય તેવી રીતે ઉભો રાખેલ હોય આ બાબતે આ ભંગાર ના માલિક ને અવારનવાર અહીં આજુબાજુની સોસાયટીના રહીશો દ્વારા કહેવા છતાં પણ ધ્યાન ઉપર લેવામાં ન આવતા લાઈટ હાઉસ રોડ ઉપર આવેલ પંજેતની સોસાયટી તેમજ આસીયાની સોસાયટી ના રહીશો દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશન માં આ ભંગાર ના વેપારી ઉપર આજુબાજુના રહીશો દ્વારા સહીં ઓ સાથે લેખિત ફરિયાદ આપવામાં આવી છે. ફરિયાદ માં રહીશો દ્વારા જણાવ્યું છે કે આ ભંગાર ના વેપારી રોડ રસ્તા માં અડચણ રૂપ થાય તેવી રીતે વાહનો જેવા કે રીક્ષા, ટ્રકો, બોલેરો તેમજ પોતાની બાઈકો જાહેર રસ્તા પર અન્ય વાહન પસાર ન થાય તેવી રીતે રાખેલ હોય અને તેમાં ભંગાર જેવો કે પ્લાસ્ટિક તેમજ પોલીથીન તેમજ અન્ય ભંગાર તે વાહનોમાં ભરેલ છે. અને જો અમો રહીશો વાહન સાઈડ માં રાખવાનુ અને જે લોકો આ બાબતે તેઓને કહેતો એકદમ ઉશ્કેરાઈ જઈ અને કહેવા લાગેલ કે તમારે જા પણ ફરિયાદ કરવી હોય ત્યા મારા નામની કરી દેજો હું કોઈ થી પણ બીતો નથી ફરિયાદી ઓ પંજેતની સોસાયટી તેમજ આશીયાના સોસાયટીમાં રહેણાંકમાં રહેતા હોય અને ગીચ વસ્તી વાળો હોય અને આ કામના સામાવાળા એ આજુ- બાજુમાં મસ મોટો પ્લાસ્ટિક નો જથ્થા નો વિશાળ સ્ટોક રહેણાંક વિસ્તારમાં ઉભો કરેલ હોય અને જેની કોઈ પાસ પરમીટ ના હોય અને જો તેમાં આગ લાગે તો આજુબાજુના રહેણાંક ના મકાનો માં પૈસા માં ન આંકી શકાય તેવું નુકસાન થાય તેમ હોય તેમજ માનવ જીંદગી જોખમાઈ તેવી પરિસ્થિતિ ઉભી થાય તેવી શક્યતા હોય તેવી લેખિત ફરિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં અહીં લાઈટ હાઉસ ના રહીશો દ્વારા આપવામાં આવી છે.




# C-MAM પ્રોગ્રામ અંતર્ગત જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરા ચૌહાણે કતવારા CMTCની મુલાકાત કરી

**ડો. હરીસિંહ ગૌર વિશ્વવિદ્યાલય, સાગર (એમ પી), ભારત**
(કેન્દ્રીય વિશ્વવિદ્યાલય)
વેબસાઈટ :- www.dhsgsu.edu.in
ટેલિફોન:- +91-7582-265228

જાહેરાત ક્રમાંક:( R/NT/2025/02)    તારીખ:- 27-01-2025

**રોજગાર સુચના**

ડૉ. હરિસિંહ ગૌર યુનિવર્સિટીમાં વિવિધ નિયમિત બિન-શૈક્ષણિક પોસ્ટ્સ (ગ્રુપ - બી અને સી) માટે નિયત ફોર્મેટમાં પાત્ર ભારતીય ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે: -

- ઓનલાઈન અરજીની શરૂઆતની તારીખ: - 01-02-2025
- ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : - 02-03-2025
- ઓનલાઈન અરજીની હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ: - 10-03-2025 એ સાંજે 06:00 વાગ્યે સુધી.
- ઓનલાઈન અરજી કરવાની લિંક (https://dhsgsunt.samarth.edu.in/) તારીખ 01-02-2025 થી ઉપલબ્ધ થશે.

નિયત શૈક્ષણિક લાયકાત, અનુભવ, અન્ય વિગતો અને અપડેટ કરેલી માહિતી માટે, તેઓ યુનિવર્સિટીની વેબસાઈટ www.dhsgsu.edu.in પર ઉપલબ્ધ છે.
જો જાહેરાતમાં કોઈ સુધારો કરવામાં આવ્યો હોય તો તે યુનિવર્સિટીની વેબસાઈટ પર જ દર્શાવવામાં આવશે.

CBC 21273/12/0014/2425    રજિસ્ટ્રાર (P)





દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદમાં કતવારા CMTC ખાતે C-MAM પ્રોગ્રામ અંતર્ગત જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી ઈરા ચૌહાણ દ્વારા મુલાકાત કરવામાં આવી હતી, આ દરમ્યાન માતા-પિતા અને હેલ્થ વક્તાઓ માટે શિક્ષણ: SAM પોષણની સ્થિતિ ધરાવતા બાળકના માતા-પિતા અને કાળજી કઈ રીતે રાખી શકાય તે અંગે સમજ આપવામાં આવી હતી. એ સાથે પોષણની મહત્વપૂર્ણ બાબતો, મજબૂતી અને વજન વધારવા માટેની યોગ્ય ખોરાક અને પોષણની યોજના: SAM ચિહ્નિત થયેલ બાળકને યોગ્ય પોષણ યોજના, થેરાપી, અને સારવાર (જેમ કે therapeutic feeding, vitamin supplements) અંગેની માહિતી આપવામાં આવી. આ મુલાકાત સંદર્ભે THR પર જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. THR એ એક પોષણ યોજના છે જે ખાસ કરીને બાળકો, ગર્ભવતી સ્ત્રીઓ, અને સ્તનપાન કરાવતી માતાઓ માટે આપવામાં આવે છે. THR નો મુખ્ય ઉદ્દેશ એ છે કે પોષણની શ્રેષ્ઠતા પ્રદાન કરવી અને પરિવારોમાં પોષણ સંબંધી આભાવ અને અશક્તિ ઘટાડવી. આ આહારના પગલે, બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે જરૂરી પોષણ ઉપલબ્ધ થાય છે, THR એવી વસ્તુઓ સાથે પૂરી પાડવામાં આવે છે જેમ કે મસૂર દાળ, દૂધ પાવડર, ચણાનો લોટ, જીરૂ, સવા વગેરે, જે બાળકના આરોગ્યને મજબૂત કરે છે અને તેની રોગપ્રતિકારક શક્તિને વધારે છે. ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓ માટે, THR જરૂરી પોષણ પૂરું પાડે છે, જે તેમના સ્વાસ્થ્ય અને નવા જન્મેલા બાળક માટે મહત્વપૂર્ણ છે. THR આપણા ખોરાકમાં માત્ર સ્વચ્છ અને વિશ્વસનીય પોષણ સ્ત્રોતોને એકસાથે એક જ પેકેટમાં પૂરી પાડે છે, જેથી ખોરાક સાથેના પોષણની યોગ્યતા, ગુણવત્તા અને મર્યાદિતતા જાળવવામાં આવે THR યોજના ફક્ત એ વ્યક્તિ માટે ફાયદાકારક જ નથી, પરંતુ સમાજના અન્ય સભ્યો માટે પણ મહત્વનું છે. ખાવા માટે ઓછા પોષણ સાથે સંઘર્ષ કરી રહ્યા હોય.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## હજીરામાં આવેલા પ્લાન્ટમાં કરાયેલા દબાણ પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું, 80,000 ચો.મી. જગ્યા ખુલ્લી કરાવાઈ

# આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલને 18 કરોડનો દંડ...



સુરત | સુરત જિલ્લાના કલેક્ટર દ્વારા નેશનલ હાઈવે અને સરકારી જમીન પર દબાણ કરનાર લોકો તેમજ ખાસ કરીને મોટા ઉદ્યોગો સામે મેગા ડિમોલિશન અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ દિવસથી આ ઝુંબેશ હેઠળ અતિક્રમણ હટાવવાની કાર્યવાહી સતત ચાલુ છે. આ અભિયાન હેઠળ સૌથી મોટી કાર્યવાહી હજીરાની AMNS (ArcelorMittal Nippon Steel India) કંપની સામે કરવામાં આવી છે, જે છેલ્લા ઘણા વર્ષોથી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી રહી હતી.

તપાસ બાદ સરકારે કંપનીને 80 હજાર ચોરસ મીટરમાં દબાણ કરવા બદલ રૂ. 18 કરોડનો દંડ ફટકાર્યો છે અને જગ્યા ખુલ્લી કરાઈ છે. જ્યારે અન્ય નાના-મોટા દબાણો દુર કરી 52 હજાર ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. AMNS કંપની હજીરામાં આવેલી એક મોટી સ્ટીલ ઉત્પાદન કરતી કંપની છે.

કંપનીએ વર્ષોથી હજારો એકર સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કર્યું હતું, જેને લઈને સ્થાનિકો દ્વારા તત્કાલીન કલેક્ટર સમક્ષ વારંવાર ફરિયાદો કરવામાં આવી હતી. સ્થાનિકોની રજૂઆતો બાદ કલેક્ટરે મામલતદારને તપાસના આદેશ આપ્યા હતા. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે AMNS કંપની દ્વારા સરકારી જમીન પર અનેક ગેરકાયદેસર કબ્જા કરવામાં આવ્યા છે.

આ પ્રકરણમાં કુલ 18 કેસ ચોર્યાસી મામલતદાર સમક્ષ આવ્યા હતા, જેમાંથી 10 કેસ AMNS કંપની વિરુદ્ધ પુરવાર થયા હતા. તપાસમાં સાબિત થયું કે કંપનીએ જમીન પર બિનઅધિકૃત કબજો કર્યો હતો, જે સરકારના નિયમો મુજબ દંડનીય ગુનો છે. આ કારણે, મામલતદાર કચેરી દ્વારા AMNS કંપનીને રૂ. 18 કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે.

### સરકારી જમીન પર દબાણ કરનાર સામે વધુ કાર્યવાહી શક્ય

સુરત કલેક્ટરની આ કાર્યવાહી માત્ર AMNS સુધી મર્યાદિત નથી. હજીરા, ઉધના, પાંડેસરા અને શહેરના અન્ય ઉદ્યોગ વિસ્તારોમાં પણ સરકારી જમીન પર કબજો કરનારા મોટા ઉદ્યોગો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી શકે છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે, આવનારા દિવસોમાં સરકારી જમીન પર દબાણ કરનારા વિરુદ્ધ વધુ મેગા ડિમોલિશન અને દંડ ફટકારવાની કાર્યવાહી ચાલુ રહેશે. AMNS માટે આ દંડ મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે.

કંપનીએ હજુ સુધી આ દંડ સામે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી, પરંતુ જો તેઓ દંડની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો સરકાર વધુ કડક પગલાં લઈ શકે છે. આમ, સુરત કલેક્ટર દ્વારા ઉદ્યોગો અને મોટા ઉદ્યોગપતિઓ સામે કડક વલણ અપનાવતાં, હવે અન્ય કંપનીઓ માટે પણ ચેતવણીરૂપ નિર્ણય બની શકે છે.

### 80,000 ચોરસ મીટર જમીનમાંથી દબાણ હટાવાયું

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલ અમારી પાસે સ્થળ તપાસ દરમિયાન 18 જેટલા કેસ કરવામાં આવ્યા હતા અને હજી વધુ કેસો કરવામાં આવી રહ્યા છે. જેમાં 08થી 10 કેસોના નિર્ણય લેવાયા છે, જેમાં આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ રૂ. 18 કરોડ દંડ કરાયો છે અને 80,000 ચોરસ મીટર જમીનમાંથી દબાણ હટાવવામાં આવ્યું છે. અમારાં બીજા કેસો પણ ચાલી રહ્યા છે, જેને નિર્ણય પર લઈ આગામી સમયમાં વધુ કાર્યવાહી કરવામાં આવશે.

# ધો.5માં ભણતા હેતાંશને અચાનક છાતીમાં દુખાવો ઊપડતા હોસ્પિટલ ખસેડાયો; સારવાર થાય એ પહેલાં બાળકે દમ તોડ્યો

(એજન્સી) રજકોટ | તા. 29

જસદણ તાલુકાના જંગવડ ગામની કુમાર પ્રાથમિક શાળામાં ભણતા હેતાંશ રશમિકાંતભાઈ દવેને અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર મળે તે પહેલાં જ બાળકને ડોક્ટરે મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

જસદણના જંગવડ ગામે ધોરણ પાંચમાં ભણતા વિદ્યાર્થી હેતાંશ દવેએ દસ દિવસ પહેલા ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએથી મેદાન માર્યું હતું. અચનાક 11 વર્ષીય હેતાંશને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. જેથી તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ હેતાંશને મૃત જાહેર કર્યો હતો. નાની ઉંમર બાળકના હૃદય રોગના હુમલાથી મોતના કારણે બ્રાહ્મણ પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

અમદાવાદના થલતેજમાં આવેલી જાણીતી ઝેબર સ્કૂલમાં ગાર્ગી રાણપરા નામની 8 વર્ષની બાળકીનું મોત થયું હતું. સવારના 8 વાગ્યે સીડી ચઢીને આવી રહી હતી ત્યારે તેને છાતીમાં દુખાવો થયો હતો, જેથી તે લોબીની ચેર પર બેસી ગઈ અને પછી થોડી ક્ષણમાં જ ઢળી પડી હતી. ત્યાર બાદ વિદ્યાર્થિનીને ઝાયડસ હોસ્પિટલમાં ખસેડી સારવાર શરૂ કરાઈ હતી, જોકે હો-સ્પિટલે વિદ્યાર્થિનીને મૃત જાહેર કરી હતી. કાર્ડિયાક એરેસ્ટ હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું.



### થોડા દિવસ પહેલાં અમદાવાદમાં 8 વર્ષની બાળકીનું મોત થયું હતું

અમદાવાદના થલતેજમાં આવેલી જાણીતી ઝેબર સ્કૂલમાં ગાર્ગી રાણપરા નામની 8 વર્ષની બાળકીનું મોત થયું હતું. સવારના 8 વાગ્યે સીડી ચઢીને આવી રહી હતી ત્યારે તેને છાતીમાં દુખાવો થયો હતો, જેથી તે લોબીની ચેર પર બેસી ગઈ અને પછી થોડી ક્ષણમાં જ ઢળી પડી હતી. ત્યાર બાદ વિદ્યાર્થિનીને ઝાયડસ હોસ્પિટલમાં ખસેડી સારવાર શરૂ કરાઈ હતી, જોકે હોસ્પિટલે વિદ્યાર્થિનીને મૃત જાહેર કરી હતી. કાર્ડિયાક એરેસ્ટ હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું.

### SNK સ્કૂલના વિવાદમાં યુ ટર્ન...

# વિદ્યાર્થી સંગઠનોના હોબાળા અને DEOની તપાસ કમિટી બાદ વાલીએ કહ્યું- 'અમારા વચ્ચે સમાધાન થઈ ગયું'

(એજન્સી) રાજકોટ | તા. 29

રાજકોટમાં આવેલી SNK સ્કૂલની વિદ્યાર્થિનીના વાઈરલ વીડિયો બાદ છેલ્લા ત્રણ ચાર દિવસથી ગાજી રહેલા મામલામાં આજે યુ ટર્ન આવ્યો છે. સ્કૂલના જ વિદ્યાર્થીઓ પરેશાન કરતા હોવાનો અને સ્કૂલ કોઈ પગલાં ન લેતી હોવાના વિદ્યાર્થિનીના આક્ષેપ બાદ DEOએ તપાસ માટે કમિટીની રચના કરી હતી. જ્યારે વિદ્યાર્થી સંગઠનોએ સ્કૂલ પર વિરોધ પ્રદર્શન કરી કાર્યવાહીની માગ કરી હતી. તેની વચ્ચે આજે વિદ્યાર્થિનીના વાલીનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તેઓએ શાળા, વાલીઓ વચ્ચે સમાધાન થઈ ગયાનું કહી રહ્યા છે. વિદ્યાર્થિનીએ વીડિયોમાં ધોરણ 11ના વિદ્યાર્થીઓ સામે આક્ષેપ કર્યો હતો પરંતુ, તેના વાલીએ કહ્યું હતું કે, આ મામલામાં કોઈ વિદ્યાર્થી નથી.

રાજકોટની SNK સ્કૂલની ધોરણ 6 ની વિદ્યાર્થિની કે જેનાં દ્વારા જ એવો આક્ષેપ કરવામાં આવી રહ્યો હતો કે ધોરણ 11નાં વિદ્યાર્થીઓ દ્વારા પજવણી કરવામાં આવી રહી છે. જો કે, આજે તેમના દ્વારા જ આજે એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે જેમાં તે વિદ્યાર્થિની ઉપરાંત અન્ય વિદ્યાર્થિનીઓ અને વાલીઓ એવું કહી રહ્યા છે કે આ સમગ્ર ઘટનામાં અમે શાળા સંચાલક સહિતનાં સાથે વાતચીત કરી લીધી છે અને તેમાં સમાધાન થઈ ગયું છે જેથી હવે આ ઘટનામાં અન્ય કોઈ સંસ્થાઓ વીડિયો વાયરલ કરવાની જરૂર નથી જેથી આ વીડિયો દૂર કરવામાં આવે તેવું જણાવ્યું હતું. આ દરમિયાન SNK સ્કૂલ દ્વારા ઓફિસિયલ લેટર જાહેર કરવામાં આવ્યો છે જેમાં તેઓ એવું લખી રહ્યા છે કે આ ઘટનામાં જે વિદ્યાર્થિનીઓ હતી તેઓ તેમજ તેમના વાલીઓ સ્કૂલ ખાતે આવી પહોંચ્યા હતા અને જિલ્લા શિક્ષણ અધિકારીની ટીમ દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓની પૂછપરછ કરવામાં આવી હતી. આ ઘટનામાં વિદ્યાર્થિનીઓ જ હતી. વિદ્યાર્થી એક પણ ન હતો. થોડા દિવસ પહેલા જ શાળામાં ધોરણ 6માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીનો વીડિયો વાઈરલ થયો હતો. જેમાં શાળાના ધોરણ-11ના છોકરા તેને પરેશાન કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો અને આ મામલે શાળાને વારંવાર ફરિયાદ કરી હોવા છતા કોઈ કાર્યવાહી ન કરાતી હોવાનો આક્ષેપ કર્યો હતો. વિદ્યાર્થિનીનો વાઈરલ વીડિયો DEO કચેરીને મળતા તેમના દ્વારા ક્લાસ-2 અધિકારીની આગેવાની એક તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. જેઓ દ્વારા વિદ્યાર્થિની અને શાળાનું નિવેદન લેવામાં આવ્યું હતું.

# વરોડ ગામે મહાદેવ મંદિરમાંથી ચોરી કરનાર તસ્કરોને 61,500નાં મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લીધા



(એજન્સી) દાહોદ | તા. 29

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના વરોડ ગામે આવેલા સોમેશ્વર મહાદેવ મંદિરમાં થયેલી ચોરીના કેસમાં દાહોદ એલસીબી પોલીસે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને તસ્કરોને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. તસ્કરોએ મંદિરના દરવાજાનું તાળું તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને દાનપેટીમાંથી રોકડ રકમ ઉપરાંત શિવલિંગ પરનું ચાંદીનું કોટિંગ અને ભગવાનના આભૂષણો મળી કુલ રૂ. 61,500નો મુદ્દામાલ ચોરી કર્યો હતો. વહેલી સવારે મંદિરના દરવાજાની તૂટેલી હાલત જોઈને સ્થાનિક લોકોએ લીમડી પોલીસને જાણ કરી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી. એલસીબી પોલીસે ડ્રોન કેમેરાની મદદથી વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં તસ્કરોને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. પોલીસની આ કામગીરીને ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ બિરદાવી હતી અને દાહોદના એસપી તથા તેમની ટીમને અભિનંદન પાઠવ્યાં હતા. આ ઘટના ગુજરાત પોલીસના હાઈટેક બનવાની દિશામાં એક મહત્વનું ઉદાહરણ બની રહી છે.

### કાર 12 ફૂટ ઊંચે ઊછળી ટ્રક સાથે અથડાઈ, CCTV...

# સોમનાથ-ઉના નેશનલ હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં કારમાં સવાર ત્રણ યુવકનાં મોત

(એજન્સી) ગીર સોમનાથ (વેરાવળ) | તા. 29

સોમનાથ-ઉના નેશનલ હાઈવે પર ગતરાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરફાટ ઝડપે આવતી કાર ડિવાઈડર પરથી લગભગ 12 ફૂટ ઊંચે ઊછળી સામેથી આવતા ટ્રક સાથે ટકરાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે, કારસવાર ચાર યુવકોમાંથી ત્રણના મોત નિપજ્યા છે, જ્યારે એકની હાલત હજુ ગંભીર છે. આ સમગ્ર ઘટનાના CCTV ફુટેજ પણ સામે આવ્યા છે.

સોમનાથ-ઉના નેશનલ હાઈવે પર સીમાસી ગામ નજીક ગઈકાલે રાત્રે 9 વાગ્યાના સુમારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઉના તરફથી આવી રહેલી સ્વિફ્ટ કાર (GJ.32.B.2808)ના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર પરથી લગભગ 12 ફૂટ ઊંચે ઊછળી હતી. આ દરમિયાન સામેથી આવી રહેલા ટ્રક સાથે ધડાકાભેર અથડાતા કારનો અકસ્માત સર્જાયો હતો. આ સમગ્ર ઘટના CCTV કેમેરામાં પણ કેદ થઈ છે.



આ અકસ્માતમાં કારમાં સવાર ચાર યુવકમાંથી બે યુવકનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે બે યુવક ગંભીર રીતે ઘાયલ થતા તેઓને હોસ્પિટલ ખસેડાયા હતા, જેમાંથી વધુ એક યુવક મૃત્યુ પામ્યો હતો. આમ આ અકસ્માતમાં કુલ ત્રણ યુવકોના મોત નિપજ્યા છે. જેમાં ઉદયભાઈ દેવાતભાઈ વાઢેર, જેસાભાઈ ગોવિંદભાઈ રામ અને પીયુષભાઈ લખમણભાઈ રામનો સમાવેશ થાય છે.

પોલીસે અકસ્માત અંગે વિગતવાર તપાસ શરૂ કરી

આ અકસ્માત અંગે તપાસમાં સામે આવી માહિતી મુજબ મૃતક યુવકો સુત્રાપાડા, આજેઠા અને ભાલપરા ગામના રહેવાસી હતા. આ ગમખ્વાર અકસ્માતની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પોલીસે અકસ્માત અંગે વિગતવાર તપાસ શરૂ કરી છે.

# સ્લેબ ભરવાના કામ દરમિયાન બાજુનું મકાન તૂટી પડ્યું, દુર્ઘટનામાં મહિલા અને કડિયો ઈજાગ્રસ્ત



(એજન્સી) જામનગર | તા. 29

જામનગર શહેરના રતનબાઈ મસ્જિદ નજીક લંગાવાળના ઢાળિયા વિસ્તારમાં આજે એક દુર્ઘટના સર્જાઈ હતી. હનીફ પિઠડીયાના રહેણાંક મકાનની બાજુમાં ચાલી રહેલા બાંધકામ દરમિયાન સ્લેબ ભરવાનું કામ ચાલુ હતું, તે સમયે સ્લેબનો ભાર જૂના મકાન પર પડતાં તેધરાશાયી થયું હતું. આ દુર્ઘટનામાં હનીફની પત્ની મેમુનાબેન પીઠડીયાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. સાથે જ બાંધકામ સ્થળે કામ કરી રહેલા એક કડિયાને પણ ઈજાઓ પહોંચી હતી. બંને ઘાયલોને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ જામનગર ફાયર બ્રિગેડ અને એસ્ટેટ વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મકાન માલિક હનીફભાઈએ જણાવ્યું કે બાજુના મકાનમાં ચાલી રહેલા બાંધકામના કારણે તેમના રહેણાંક મકાનને નુકસાન થયું છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મકાનને ભારે નુકસાન થયું છે.

# મહારાણા પ્રતાપ સર્કલથી માળિયા ફાટક સુધી 100 દબાણો દૂર કરાયા

(એજન્સી) મોરબી |તા. 29

મોરબી મહાનગરપાલિકાએ 'વન વીક વન વોર્ડ' અભિયાન અંતર્ગત શહેરના મુખ્ય માર્ગો પરથી દબાણો હટાવવાની મહત્વપૂર્ણ કામગીરી શરૂ કરી છે. જેથી આજે મહારાણા પ્રતાપ સર્કલથી માળિયા ફાટક અને ત્રાજપર ચોકડી સુધીના વિસ્તારમાંથી લગભગ 100 જેટલા નાના-મોટા કાચા-પાકા દબાણો દૂર કરવામાં આવ્યા છે.

મહાનગરપાલિકાના કમિશનર સ્વપ્નિલ ખરેના નેતૃત્વમાં હાથ ધરાયેલી આ કામગીરી શહેરના 28 કિલોમીટર લાંબા મુખ્ય માર્ગોને દબાણમુક્ત કરવાના અભિયાનનો એક ભાગ છે. મુખ્યમંત્રીના વિશેષ નિર્દેશ બાદ શરૂ થયેલા આ અભિયાન હેઠળ દર બુધવારે એક વોર્ડના એક રોડ પરથી દબાણો હટાવવામાં આવશે.

આ પગલું શહેરમાં ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા અને નાગરિકોને સરળ અવરજવર માટે લેવામાં આવ્યું છે. મહાનગરપાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ, આગામી



સમયમાં પણ આ અભિયાન નિયમિતપણે ચાલુ રહેશે અને શહેરના તમામ મુખ્ય માર્ગોને ક્રમશઃ દબાણમુક્ત કરવામાં આવશે. આ અભિયાનથી શહેરની સુંદરતા અને વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થશે તેવી અપેક્ષા છે.

# રાજકોટ સિવિલમાં ખોદેલા ખાડામાં પડી જતા દર્દીનું મોત

રાજકોટ | રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર પર બેદરકારીનો આરોપ લાગ્યો છે. જેમાં સારવાર લઈ રહેલા દર્દીને મોત મળ્યું હતું. વહેલી સવારે હોસ્પિટલમાં બનતા ગેટના પિલોર માટેનાં ખાડામાં પડતા જગદીશ મનસુખભાઈ ચાવડા નામના દર્દીનું મોત નિપજ્યું છે. આ દર્દી પેટનાં સોજાની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ હતો. સવારે ચા પીવા માટે વોર્ડમાંથી નીચે ઉતરતા ખાડામાં પડી જવાથી આ દર્દીને સાજા થવાને બદલે મોત મળ્યું હતું. સમગ્ર મામલે પરિવારે કોઈપણ પ્રકારના બેરીકેડ ન લગાવ્યા હોવાથી દુર્ઘટના બની હોવાનો આરોપ પરિવારજનોએ લગાવ્યો છે. જોકે સિવિલ અધિક્ષકે ઘટના અંગે દુઃખ વ્યક્ત કરી તપાસ કમિટીની દેખરેખમાં તપાસ કરવાની ખાતરી આપી છે. ત્યારે સાચી હકીકત તપાસ પૂર્ણ થયા બાદ જ સામે આવશે.

મૃતક જગદીશભાઈનાં મોટાભાઈ સંજય ચાવડાએ આ અંગે જણાવ્યું હતું કે, મારા ભાઈને પેટમાં સોજા હોવાથી તેને ત્રણ દિવસ પહેલા દાખલ કરવામાં આવ્યો હતો. આ સારવાર સફળ રહેતા તે સાજો થયો હતો. અને આજે તેને રજા આપવાના હતા. ડોક્ટરે તેને ચાલવાનું કહ્યું હોય તે સવારે ચાલીને નીકળ્યો હતો. દરમિયાન ગેઈટનું કામ ચાલતું હતું ત્યાં કોઈ બેરીકેડ નહીં હોવાથી ત્યાંથી ચા પીવા ગયો હતો. અને ઊંડા ખાડામાં પડી જતા ભાઈને સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું છે. સિવિલ તંત્ર દ્વારા કોઈ બેરીકેડ લગાવ્યા નહોતા જેને કારણે આ દુર્ઘટના બની છે. તંત્રએ સાવચેતી રાખવી જોઈએ.

# સગા ભાઈ-બહેનને સરકારી નોકરીના નકલી ઓર્ડર આપી 3 લાખની ઠગાઈ

(એજન્સી) રાજકોટ | તા. 29

લાલપુરના દ્વારકાધીશ પાર્કની વતની અને રાજકોટમાં રહી ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરતી યુવતીને રાજકોટ મહાનગરપાલિકાના સિવિક સેન્ટરમાં સ્ટાફ નર્સ તરીકે નોકરી અપાવી દેવાની તથા તેના ભાઈને જેટકોમાં નોકરી અપાવવાની લાલચ આપી ઉપેલટા પંથકના શખ્સે રૂ.3,08,100 રૂપિયા પડાવ્યા હતા, એટલું જ નહીં આ ગઠિયાએ યુવતી અને તેના ભાઈને નોકરીના નકલી ઓર્ડર અને તાલીમના નકલી ઓર્ડર પણ આપ્યા હતા. પોલીસે આરોપીને ઝડપી લઇ તપાસ શરૂ કરી હતી.

લાલપુરની ઉપાસના ડાડુભાઈ કરમુરે (ઉ.વ.26) યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ઉપલેટાના વાવડી ગામના પ્રતિક કિરીટ ડઢાણિયાનું નામ આપ્યું હતું. ઉપાસનાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે માર્ચ 2024માં વોકહાર્ટમાં નર્સ તરીકે નોકરી કરતી હતી. તેની સાથે જ નોકરી કરતી એક યુવતીએ તેને કહ્યું હતું કે, તેના ગામ મોટી વાવડીનો પ્રતિક ડઢાણિયા તેને રાજકોટ મહાનગરપાલિકમાં નોકરી કરાવી અપાવાનો છે. તારે પણ મનપામાં નોકરી કરવી હોય તો હું તેને વાત કરું. ઉપાસના સાથી કર્મચારી યુવતીની વાતમાં ફસાઈ હતી અને તેણે પણ નોકરી માટે ઈચ્છા દર્શાવતા પ્રતિકે શરૂઆતમાં ઉપાસનાનો ઈન્સ્ટાગ્રામથી સંપર્ક કર્યો હતો અને તમે લાલપુરના છો તો તમને જામનગર કોર્પોરેશનમાં નોકરી કરાવી આપીશ તે માટે રૂપિયાનો ખર્ચ થશે, અને ત્યાં ન થાય તો રાજકોટ કોર્પોરેશનમાં તો નોકરી કરાવી જ આપીશ તેવી ખાતરી આપી એકબીજાના મોબાઈલ નંબરની આપ લે કરી હતી.

ત્યારબાદ 11 ઓગસ્ટના ઉપાસના પુષ્કરધામમાં આવેલી હોસ્ટેલના રૂમે હતી ત્યારે પ્રતિક ડઢાણિયાએ ફોન કરી જામનગરની નોકરી થઈ જશે તેમ કહી રૂ.2500 ગૂગલ પે યુવતી પાસે કરાવડાવ્યા હતા અને બાદમાં રાજકોટ મનપામાં સિવિક સેન્ટરમાં સ્ટાફ નર્સ તરીકે નોકરી તેના ઓર્ડર, તેની તાલીમ સહિતના નામે અલગ અલગ રકમ પડાવી હતી.

### નવા રજૂ થયેલા ટ્રમ્પ તથા મેલનિયા ક્રિપ્ટોમાં પણ ૬૦ ટકા સુધીનો કડાકો બોલી ગયો

# માંદી સરકારી કંપનીઓ માટે રૂ.13,000 કરોડના રાહત પેકેજની યોજના બનાવાઇ



(એજન્સી) મુંબઈ | તા 29

૨૦૨૫ના એક મહિના કરતાં પણ ઓછા સમય પહેલા, કેન્દ્ર સરકાર બે સરકારી માલિકીની કંપનીઓને બચાવવા માટે લગભગ ૧.૫ બિલિયન ડોલરના (રૂ.૧૩ હજાર કરોડ) બેલઆઉટ પેકેજની યોજના બનાવી રહી છે, જેને તે ખાનગી કંપનીઓને વેચવામાં નિષ્ફળ ગઈ છે. સરકારે ઓછામાં ઓછા નવ સરકારી એકમોના ખાનગીકરણને મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે, જેનો સંબંધિત મંત્રાલયો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો હતો. જે કંપનીઓનું ખાનગીકરણ મુલતવી રાખવામાં આવ્યું છે તેમાં મદ્રાસ ફર્ટિલાઈઝર્સ, ફર્ટિલાઈઝર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, MMTC અને NBCC (ઈન્ડિયા) નો સમાવેશ થાય છે. હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનને પણ ખાનગીકરણ માટે ચિહ્નિત કરવામાં આવ્યું હતું. સરકારી ભંડોળથી પુનર્જીવિત થનારી સરકારી માલિકીની કંપનીઓમાં હેલિકોપ્ટર ઓપરેટર પવન હંસનો સમાવેશ થાય છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર તેના જૂના કાફલાને આધુનિક બનાવવા માટે પવન હંસમાં ૨૩૦-૩૫૦ મિલિયન ડોલરનું રોકાણ કરવાની યોજના બનાવી રહી છે. આ કંપનીને વેચવાના ચાર પ્રયાસો નિષ્ફળ ગયા છે. ગયા અઠવાડિયે, સરકારે દેવામાં ડૂબેલી સ્ટીલ ઉત્પાદક રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડ (RINL)ના પુનરુત્થાન માટે ૧.૩ બિલિયન ડોલરના પેકેજની જાહેરાત કરી હતી. ચાલુ વર્ષના બજેટ દસ્તાવેજો અનુસાર, સરકારે ૨૦૨૪-૨૫માં સરકારી ટેલિકોમ કંપની MTNLના બોન્ડ ચુકવણી માટે ૮૦ અબજ રૂપિયા ફાળવ્યા છે. ખાનગીકરણ નીતિની જાહેરાત કર્યાના ૪ વર્ષ પછી, મોદી સરકારને ફક્ત ૩ સફળતા મળી છે. આમાં સૌથી મોટી સિદ્ધિ એર ઈન્ડિયાને ટાટા ગ્રુપને વેચવાની હતી. સ્ટીલ ઉત્પાદક નીલાચલ ઈસ્પાત નિગમ લિમિટેડનો હિસ્સો ટાટા સ્ટીલને અને ફેરો સ્ક્રેપ નિગમનો હિસ્સો કોનોઈક ટ્રાન્સપોર્ટ કંપનીને વેચવામાં આવ્યો હતો.

# 2014-24ના સમયમાં બેંકોએ રૂપિયા 16.6 લાખ કરોડના માંડીવાળેલા દેવામાંથી લગભગ 16 ટકા રકમ જ વસૂલ કરી

(એજન્સી) મુંબઈ | તા 29



તાજેતરના એક રિપોર્ટ અનુસાર ભારતીય બેંકો ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન ૧૬.૬ લાખ કરોડ રૂપિયાના માંડી વાળેલ દેવામાંથી લગભગ ૧૬ ટકા રકમ જ વસૂલ કરી શકી છે તેમ એક આરટીઆઈમાં ખુલાસો થયો છે. આરટીઆઈ હેઠળ પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં દેશની મધ્યસ્થ બેંક, આરબીઆઈ દ્વારા આપવામાં આવેલા ડેટા અનુસાર, ૧ એપ્રિલ, ૨૦૧૪થી ભારતીય બેંકોએ ૧૬,૬૧,૩૧૦ કરોડ રૂપિયાના દેવા માફ કર્યા છે. સામે પક્ષે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીનો ડેટા દર્શાવે છે કે આ રકમમાંથી ફક્ત ૨,૬૯,૭૯૫ કરોડ રૂપિયા જ વસૂલ કરવામાં આવ્યા છે. આરટીઆઈમાં માંગવામાં આવેલા જવાબના આંકડા અનુસાર જાહેર ક્ષેત્રની બેંકો એટલે કે સરકારી બેંકો ૧૨,૦૮,૬૨૧ કરોડ કરોડ રૂપિયાના રાઈટ-ઓફ સાથે સૌથી આગળ રહી છે, ત્યારબાદ ખાનગી ક્ષેત્રની બેંકોએ ૪,૪૬,૬૬૯ કરોડ રૂપિયા અને શહેરી સહકારી બેંકોએ ૬૦૨૦ કરોડ રૂપિયા માંડી વાળ્યા છે. તમામ સેક્ટરની બેંકોનો વસૂલાત દર એટલે કે રિકવરી રેશિયો નીચો જ રહ્યો છે. જાહેર ક્ષેત્રની બેંકોએ ૨,૧૬,૫૪૭ કરોડ રૂપિયા વસૂલ કર્યા છે, જ્યારે ખાનગી ક્ષેત્રની બેંકોએ ૫૩,૨૪૮ કરોડ રૂપિયા વસૂલ કર્યા છે. આરબીઆઈએ આરટીઆઈના જવાબમાં નોંધ્યું છે કે શહેરી સહકારી બેંકોનો વસૂલાતનો ડેટા ઉપલબ્ધ નથી. આમ રાઈટ ઓફ કરેલ લોનનો રિકવરી રેશિયો આશરે ૧૬ ટકા આસપાસ છે અને છેલ્લા ૧૦ વર્ષના ૧૩,૯૧,૫૧૫ કરોડ રૂપિયા હજુ પણ વસૂલ નથી થયા. ઓગસ્ટ ૨૦૨૪ના એક અલગ આરટીઆઈનો જવાબ દર્શાવે છે કે બેંકોએ છેલ્લા પાંચ વર્ષમાં માત્ર ૧૮.૭ ટકા રાઈટ-ઓફ લોન વસૂલ કરી હતી. કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ નવેમ્બર ૨૦૨૪માં લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં જાહેર કરેલા ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં બેંક રાઈટ-ઓફ રૂ. ૧.૭ લાખ કરોડ સુધી પહોંચી ગયો - જે વર્ષ ૨૦૨૦માં રૂ. ૨.૩૪ લાખ કરોડની ટોચ પર પહોંચ્યા પછી પાંચ વર્ષમાં સૌથી ઓછો છે. જાહેર ક્ષેત્રની બેંકોમાં પંજાબ નેશનલ બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ સૌથી વધુ રાઈટ-ઓફ નોંધાવ્યા છે, જ્યારે ખાનગી ક્ષેત્રની બેંકોમાં એચડીએફસી બેંક, એક્સિસ બેંક અને આઈસીઆઈસીઆઈ બેંક આગળ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં એકંદર રાઈટ-ઓફમાં ઘટાડો થયો હોવા છતાં ૨૦ ટકાથી વધુ બેંકોએ પાછલા વર્ષ કરતા વધુ રાઈટ-ઓફ નોંધાવ્યા છે.

### મુકેશ અંબાણીએ વિદ્યાર્થીઓને આપ્યા લાઈફલેશન

# ઉર્જા ઉત્પાદનોમાં ગુજરાત દેશનું નેતૃત્વ કરે: મુકેશ અંબાણી

(એજન્સી) મુંબઈ | તા 22



28 જાન્યુઆરી 2025એ ગાંધીનગર સ્થિત પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU)નો 12મો પદવીદાન સમારંભ યોજાયો.સાંજે 5 વાગ્યે યુનિવર્સિટી કેમ્પસમાં પદવીદાન સમારંભની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં કોટક મહિન્દ્રા બેન્કના સ્થાપક અને ડિરેક્ટર ઉદય કોટક મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા તથા PDEUના પ્રેસિડેન્ટ મુકેશ અંબાણીએ સ્નાતક થનારા વિદ્યાર્થીઓને સંબોધન કર્યું. તમને જણાવી દઈએ કે PDEUના 12માં પદવીદાન સમારંભમાં કૂલ 1890 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી, મુખ્ય મહેમાન ઉદય કોટક અને PDEUના પ્રેસિડેન્ટ મુકેશ અંબાણીની હાજરીમાં તમામ વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા અને ડ્રિગી પણ આપવામાં આવી. આ સાથે મુકેશ અંબાણી તમામ વિદ્યાર્થીઓને સારા ભવિષ્ય માટે શુભકામનાઓ પણ પાઠવી. વધુમાં મુકેશ અંબાણી વિદ્યાર્થીઓને સંબોધન કરતા કહ્યું કે આપણે આપણા દુરંદેશી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો હૃદયપૂર્વક આભાર માનીએ, કારણ કે પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીનો જન્મ તેમના અસાધારણ વિઝનમાંથી થયો હતો. વડાપ્રધાન બન્યાના ઘણા સમય પહેલા તેમણે સ્વપ્ન જોયું હતું કે ભારતને ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની જરૂર છે. 20 વર્ષ પહેલાં તેમણે મને કહ્યું હતું કે તેઓ ઈચ્છે છે કે ગુજરાત ઊર્જા અને ઊર્જા ઉત્પાદનોના ક્ષેત્રમાં દેશનું નેતૃત્વ કરે, જે સપનું આજે પૂર્ણ થઈ રહ્યું છે અને ગુજરાત દેશમાં ઊર્જા ઉત્પાદનના ક્ષેત્રમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરી રહ્યું છે.

## સુપ્રીમ પાવર ઈક્વિપમેન્ટની સ્ટેન્ડઅલોન આવક નાણાકીય વર્ષ 25ના ત્રીજા ત્રિમાસિકમાં 36% વધી

ચેન્નઈ : સુપ્રીમ પાવર ઈક્વિપમેન્ટ લિમિટેડ (NSE - SUPREMEPWR) પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીમાં અગ્રણી કંપનીઓમાંની એકે નાણાકીય વર્ષ 25ના 9 માસિક અને ત્રીજા ત્રિમાસિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે.

**મુખ્ય સ્ટેન્ડઅલોન નાણાકીય વિશેષતાઓ**

ના.વ.25 9 માસિક
કુલ આવક 86.96 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 21.44%
EBITDA 15.21 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 12.14%
ચોખ્ખો નફો 10.34 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 10.16%
શેર દીઠ કમાણી 4.14, વાર્ષિક વૃદ્ધિ 10.11%

ના.વ.25 ત્રીજુ ત્રિમાસિક
કુલ આવક 30.22 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 36.25%
EBITDA 4.75 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 7.54%
ચોખ્ખો નફો 3.17 કરોડ, વાર્ષિક વૃદ્ધિ 8.74%

**શેર દીઠ કમાણી ₹1.27, વાર્ષિક વૃદ્ધિ 8.55%** પ્રદર્શન પર ટિપ્પણી કરતા, સુપ્રીમ પાવર ઈક્વિપમેન્ટ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી વી રાજમોહને જણાવ્યું, "અમને અમારા નાણાકીય વર્ષ 25ના 9 માસિક અને ત્રીજા ત્રિમાસિકના પરિણામોમાં મજબૂત વૃદ્ધિ નોંધાવતા આનંદ થઈ રહ્યો છે, જે કુલ આવકમાં બે આંકડાની વૃદ્ધિ દર્શાવે છે. આ પ્રદર્શન સોલાર ટ્રાન્સફોર્મર્સની મજબૂત માંગને કારણે મહત્વપૂર્ણ રીતે આગળ વધ્યું છે, જેણે અમારી આવકમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે.

# ઈન્ફોસિસના કો-ફાઉન્ડર ગોપાલકૃષ્ણન પર SC-ST એક્ટ હેઠળ કેસ, હનીટ્રેપમાં ફસાવવાનો પણ આરોપ

(એજન્સી) મુંબઈ | તા 29



ઈન્ફોસિસના કો-ફાઉન્ડર એસ. કે. ગોપાલકૃષ્ણન અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સના પૂર્વ ડિરેક્ટર બાલારામ સહિત 18 લોકો સામે એસસી-એસટી એક્ટ હેઠળ બેંગલુરૂના સદાશિવ નગર પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. શહેરની સેશન કોર્ટના આદેશ પર દાખલ કરવામાં આવેલી FIRમાં એક શખ્સ દ્વારા આરોપ લગાવવામાં આવ્યો છે કે, તેને હનીટ્રેપમાં ખોટી રીતે ફસાવવામાં આવ્યો અને બાદમાં આ કારણ આપી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સની નોકરીમાંથી કાઢી મૂક્યો. ગોપાલકૃષ્ણન આ સંસ્થામાં બોર્ડ ઑફ ટ્રસ્ટીઝના મેમ્બર રહ્યા છે. ફરિયાદ કરનાર દુર્ગપ્પા બોવી આદિવાસી સંપ્રદાયમાંથી આવે છે. દુર્ગપ્પાનું કહેવું છે કે, તે IISના સેન્ટર ફોર સસ્ટેનેબલ ટૅક્નોલૉજીમાં ફેકલ્ટી મેમ્બર હતા. દુર્ગપ્પાનો દાવો છે કે, '2014માં મને ખોટી રીતે હનીટ્રેપમાં ફસાવવામાં આવ્યો અને બાદમાં તેના બહાને નોકરીમાંથી કાઢી દેવાયો. મને જાતિગત ગાળો આપી ધમકાવવામાં આવ્યો હતો.' આ કેસમાં ગોવિંદન રંગરાજન, શ્રીધર વોરિયર, સંધ્યા વિશ્વવૈરૈયા, હરિ કેવીએસ, દાસપ્પા, બલરામ પી, હેમલતા મહીસી, કે. ચટ્ટોપાધ્યાય અને પ્રદીપ ડી. સાવરકર સામેલ છે. અત્યાર સુધી આ મામલે FIR અથવા ગોપાલકૃષ્ણનની તરફથી કોઈ નિવેદન સામે નથી આવ્યું.

## મહિન્દ્રાએ વીરો સીએનજીના વેચાણનો પ્રારંભ કર્યો, કિંમત રૂ. 8.99 લાખથી શરૂ



મુંબઈ : ભારતના અગ્રણી યુટિલિટી વ્હિકલ નિર્માતા અને એલસીવી <3.5 t સેગમેન્ટમાં અગ્રેસર મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે તેના વીરો લાઈટ કમર્શિયલ વ્હિકલ (એલસીવી)ના સીએનજી વેરિઅન્ટની કિંમત જાહેર કરી છે. વીરો સીએનજી બે ટ્રીમમાં ઉપલબ્ધ બનશે જેની શરૂઆત બેઝ 1.4 XXL SD V2 વિકલ્પ માટે એક્સ-શોરૂમ કિંમત રૂ. 8.99 લાખ અને 1.4 XXL SD V4 (A) સીએનજી ટ્રીમની કિંમત એક્સ-શોરૂમ રૂ. 9.39 લાખથી શરૂ થાય છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં સૌપ્રથમ વખત પ્રદર્શિત કરાયેલ વીરો સીએનજીનું વેચાણ આજથી શરૂ થશે. મહિન્દ્રાના મોડ્યુલર અર્બન પ્રોસ્પર પ્લેટફોર્મ (યુપીપી) દ્વારા વીરો સીએનજી નિર્મિત છે. તે સેગમેન્ટને પુનઃવ્યાખ્યાયિત કરવા માટે ડિઝાઈન કરાયું છે તથા માલીકીના ખર્ચ, સુરક્ષા, ક્ષમતા, કેબિન આરામ અને ડિઝાઈનમાં નવા ધોરણો સ્થાપિત કરવા માટે સજ્જ છે. તે ટકાઉ અને સ્વચ્છ મોબિલિટી પ્રત્યે મહિન્દ્રાની કટીબદ્ધતા દર્શાવે છે. મહિન્દ્રા વીરો સીએનજી 19.2 કિમી/કિલોગ્રામ*ના જબરદસ્ત માઈલેજ સાથે બેજોડ મૂલ્ય પ્રદાન કરે છે અને 150-લિટર સીએનજી ટેન્ક 480 કિમીની શ્રેષ્ઠ સીએનજી રેન્જ પૂરી પાડે છે. આ ઉપરાંત તેમાં કટોકટી માટે 4.5-લિટર પેટ્રોલની ટાંકી છે, જે સાથે તેની કુલ રેન્જ 500 કિમીથી વધુ સુધી લંબાવશે.

# સોનામાં ઘટાડો: ટ્રમ્પની ચેતવણી છતાં સાઉદી અરેબીયા ક્રુડના ભાવ વધારશે : વૈશ્વિક ચાંદી ઔંશના 30 ડોલરની અંદર ઉતરી


(એજન્સી) મુંબઈ | તા 29



મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. વિશ્વ બજારના સમાચાર પીછેહટ બતાવતા હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડ વધતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીં વધ્યાની ચર્ચા હતી. વિશ્વ બજાર ઘટતાં ઘરઆંગણે પણ ઈમ્પોર્ટ કોસ્ટ નીચી આવતાં કિંમતી ધાતુઓના ભાવમાં પીછેહટ દેખાઈ હતી. કરન્સી બજારમાં રૂપિયોતૂટતાં ઝવેરી બજારોમાં ભાવ ઘટાડો મર્યાદિત રહ્યો હતો. એવું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૭૬૨થી ૨૭૬૩ વાળા નીચામાં ૨૭૩૪ થઈ ૨૭૪૪થી ૨૭૪૫ ડોલર રહ્યા હતા. ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૮૨૮૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૩૦૦૦ રહ્યા હતા. જો કે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૫૦૦ વધી રૂ.૯૧૫૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૩૦.૫૦થી ૩૦.૫૧ વાળા નીચામાં ૨૯.૮૮થી ૩૦.૧૫થી ૩૦.૧૬ ડોલર રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૮૦૦૭૫ વાળા રૂ.૭૯૯૯૧ જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૮૦૩૯૭ વાળા રૂ.૮૦૩૧૩ રહ્યા હતા મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૯૦૨૭૪ વાળા રૂ.૮૯૭૫૦ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. વિશ્વ બજારમાં કોપરના ભાવ આજે ૦.૭૩ ટકા વધ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંશના નીચામાં ૯૩૮ તથા ઉંચામાં ૯૫૦ થઈ ૯૪૬થી ૯૪૭ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ નીચામાં ૯૫૮ તથા ઉંચામાં ૯૭૦ થઈ ૯૬૩થી ૯૬૪ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઘટયા પછી વધ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૮.૧૪ વાળા નીચામાં ૭૭.૦૧ થઈ ૭૭.૬૯ ડોલર રહ્યા હતા. ક્રૂડ ઉત્પાદક દેશોએ ભાવ ઘટાડવા જોઈએ એવી હાકલ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે કર્યા પછી ભાવ નીચા ઉતર્યા હતા. જો કે સાઉદી અરેબિયા માર્ચમાં એશિયા માટે ક્રૂડના ભાવ વધારવા વિચારણા કરી રહ્યાની ચર્ચા વિશ્વ બજારમાં સંભળાઈ હતી.

# સેન્સેક્સ 632 અને નિફ્ટી 206 પોઈન્ટના વધારા સાથે બંધ થયો

(એજન્સી) મુંબઈ | તા 29



બુધવારે, BSE સેન્સેક્સ 631.55 પોઈન્ટ (0.83%) વધીને 76,532.96 પર બંધ થયો. બીજી તરફ, NSEનો નિફ્ટી 50 ઈન્ડેક્સ પણ 205.85 પોઈન્ટ (0.9%) ના વધારા સાથે 23,163.10 પોઈન્ટ પર બંધ થયો. શેર બજાર બંધ 29 જાન્યુઆરી, 2025: મંગળવાર પછી, આજે ફરી એકવાર ભારતીય શેરબજારમાં સારી રિકવરી જોવા મળી. બુધવારે, BSE સેન્સેક્સ 631.55 પોઈન્ટ (0.83%) વધીને 76,532.96 પર બંધ થયો. બીજી તરફ, NSEનો નિફ્ટી 50 ઈન્ડેક્સ પણ 205.85 પોઈન્ટ (0.9%) ના વધારા સાથે 23,163.10 પોઈન્ટ પર બંધ થયો. જણાવી દઈએ કે મંગળવારે સેન્સેક્સ 535.24 પોઈન્ટના વધારા સાથે 75,901.41 પોઈન્ટ પર બંધ થયો હતો અને નિફ્ટી 128.10 પોઈન્ટના વધારા સાથે 22,957.25 પોઈન્ટ પર બંધ થયો હતો. આજે આઈટી શેરોમાં સારી ચમક જોવા મળી.

**ITC હોટેલ્સના શેરમાં ભારે ઘટાડો**

બુધવારે, સેન્સેક્સની 30 માંથી 23 કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા, જ્યારે બાકીની 7 કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ રંગમાં બંધ થયા હતા.

**શેરબજાર વધારા સાથે લીલા નિશાન પર બંધ થયા**

આજે સેન્સેક્સમાં લિસ્ટેડ બાકીની કંપનીઓમાં, ટાટા મોટર્સના શેર 3.29 ટકા, ઈન્ફોસિસ 2.73 ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ 2.38 ટકા, ટેક મહિન્દ્રા 2.31 ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા 2.19 ટકા, બજાજ ફાઈનાન્સ 2.02 ટકા, કોટક મહિન્દ્રા બેંક 1.97 ટકા વધ્યા. , અદાણી પોર્ટ્સ 1.88 ટકા, સન ફાર્મા 1.81 ટકા, HCL ટેક 1.66 ટકા, ટાટા સ્ટીલ 1.63 ટકા, પાવર ગ્રીડ 1.55 ટકા, TCS 1.52 ટકા, NTPC 1.46 ટકા, ઈન્ડસઈન્ડ બેંક 1.40 ટકા, બજાજ ફિનસર્વ 1.22 ટકા, નેસ્લે ઈન્ડિયા 1.11 ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૧.૦૦ ટકાના વધારા સાથે બંધ થયા.

# જાન્યુઆરી મહિનામાં એફઆઈઆઈનો અત્યારસુધીનો ત્રીજો મોટો આઉટફ્લો

(એજન્સી) નવી દિલ્હી | તા 28



વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ભારતીય ઈક્વિટીસમાં અત્યારસુધી ૭.૮૦ અબજ ડોલરની નેટ વેચવાલી આવી છે જે અત્યારસુધીના જાન્યુઆરીની સૌથી મોટી વેચવાલી છે. એટલું જ નહીં ભારતીય શેરબજારમાં જાન્યુઆરીનો આઉટફલો અત્યારસુધીનો ત્રીજો મોટો આઉટફલો રહ્યાનું પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે. આ અગાઉ ૨૦૨૪ના ઓકટોબરમાં વિદેશી રોકાણકારો ૧૧.૨૦ અબજ ડોલરના નેટ વેચવાલ રહ્યા હતા જે કોઈ એક મહિનામાં સૌથી વધુ વેચવાલી રહી છે. આ ઉપરાંત માર્ચ ૨૦૨૦માં એફઆઈઆઈએ ૮.૪૦ અબજ ડોલરની નેટ વેચવાલી કરી હતી. વર્તમાન મહિનામાં વિદેશી રોકાણકારોનું નાણાંકીય સ્ટોકસમાં જંગી ઓફ્ફલોડિંગ રહ્યું છે. આ ઉપરાંત કન્ઝયૂમર સર્વિસીસ, પાવર તથા કેપિટલ ગુડસમાં પણ જંગી વેચવાલી જોવા મળી છે.

નાણાંકીય સેવા ક્ષેત્રના સ્ટોકસમાં ૧.૪૦ અબજ ડોલર, કન્ઝયૂમર સર્વિસીસમાં ૪૦.૫૦ કરોડ ડોલર, વીજ ક્ષેત્રમાં ૩૬ કરોડ ડોલર જ્યારે કેપિટલ ગુડસ ક્ષેત્રના ૩૦.૩૦ કરોડના મૂલ્યના શેરોની વિદેશી રોકાણકારોએ વેચવાલી કરી છે. આઈટી, ઓટો તથા બાંધકામ ક્ષેત્ર દરેકમાં ૨૦ કરોડ ડોલરથી વધુની ઈક્વિટીસ ઓફ્ફલોડ કરાઈ હોવાનું ડેટા જણાવે છે.

બેન્ચમાર્ક ઈન્ડાઈસિસની વાત કરીએ તો સેન્સેકસ તથા નિફટીમાં અત્યારસુધી ૩.૫૦ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે જે ૨૦૧૭ બાદ સૌથી મોટો માસિક ઘટાડો હોવાનું ડેટા પરથી જણાય છે.

ભૌગોલિકરાજકીય અશાંતિ, વૈશ્વિક આર્થિક મંદી, ઊંચા વ્યાજ દરો, કોર્પોરેટના નબળા પરિણામોને કારણે વિદેશી રોકાણકારો ભારતમાંથી ઉચાળા ભરી રહ્યા હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું. આ ઉપરાંત ટ્રમ્પની સખત નીતિની પણ અસર જોવા મળી રહી છે.

## રેફેક્સ ઈન્ડસ્ટ્રીઝે નાણાકીય વર્ષ 25ના ત્રીજા ત્રિમાસિમાં સ્ટેન્ડઅલોન ચોખ્ખા નફામાં 200.12%નો વધારો નોંધાવ્યો

(એજન્સી) ચેન્નઇ | તા 29

રેફેક્સ ઈન્ડસ્ટ્રીઝે નાણાકીય વર્ષ 25ના ત્રીજા ત્રિમાસિમાં સ્ટેન્ડઅલોન ચોખ્ખા નફામાં 200.12%નો વધારો નોંધાવ્યો ચેન્નઇ, 28 જાન્યુઆરી, 2025 - રેફેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (NSE - REFEX | BSE - 532884), એશ અને કોલ હેન્ડલિંગ, રેફ્રિજન્ટ ગેસ અને ગ્રીન મોબિલિટી સહિતના વ્યાપક પોર્ટફોલિયો સાથે ભારતમાં ટકાઉપણાને પ્રોત્સાહન આપતી કંપની છે, તેણે નાણાકીય વર્ષ 25ના ત્રીજા ત્રિમાસિક અને 9માસિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની ગર્વથી જાહેરાત કરે છે, જે હરિયાળા ભવિષ્ય તરફની તેની સફરમાં વધુ એક પગલું છે.

**ના.વ.25ના ત્રીજા ત્રિમાસિકની સ્ટેન્ડઅલોન મુખ્ય નાણાકીય વિશેષતાઓ**

કુલ આવક 733.48 કરોડ, વાર્ષિક ધોરણે 140.71% વૃદ્ધિ
ચોખ્ખો નફો 59.04 કરોડ, વાર્ષિક ધોરણે 200.12% વૃદ્ધિ
બેસિક શેર દીઠ કમાણી () 4.70, વાર્ષિક ધોરણે 162.56% વૃદ્ધિ

**ના.વ.25ની 9માસિકની સ્ટેન્ડઅલોન મુખ્ય નાણાકીય વિશેષતાઓ**

કુલ આવક 1,853.44 કરોડ, વાર્ષિક ધોરણે 77.70% વૃદ્ધિ
ચોખ્ખો નફો 132.31 કરોડ, વાર્ષિક ધોરણે 103.58% વૃદ્ધિ
બેસિક શેર દીઠ કમાણી () 11.00, વાર્ષિક ધોરણે 86.44% વૃદ્ધિ.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2081, મહા સુદ-01

## હિંદુ આસ્થાની મજાક



કોંગ્રેસ અને તેના નેતાઓ ભાજપ પર નિશાન સાધવાના ચક્કરમાં કઈ રીતે વારંવાર હિંદુઓની આસ્થાની અવગણના કરવા, તેની મજાક ઉડાવવા અને તેના પર આઘાત કરવા ટેવાઈ ગયા છે, તેનો નવો નમૂનો છે પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું એ નિવેદન કે ગંગામાં ડૂબકી લગાવવાથી ગરીબી દૂર નથી થવાની. હિંદુ સમાજની આસ્થા પર કુઠારાઘાત કરનારા આવા કોઈ નિવેદનની શી જરૂર પડી હશે? તેમનું આ નિવેદન તો એ જ દર્શાવે છે કે તેઓ હિંદુઓની આસ્થાનું ધ્યાન રાખવાનું તો દૂર રહ્યું, પરંતુ તેના પર સામાન્ય સંવેદનશીલતા દર્શાવવાની પણ જરૂર નથી સમજતા. જો તેમણે ભાજપ પર હુમલો જ કરવો હતો તો તેના માટે કોઈ પણ વિષય પસંદ કરી શકતા હતા. વિષયોની અછત નથી. પરંતુ ખડગેને એ ખટકી રહ્યું છે કે ભાજપના અનેક નેતાઓ મહાકુંભમાં ડૂબકી લગાવી રહ્યા છે. તેઓ કોંગ્રેસના જૂના નેતા છે અને તેમને ખબર હોવી જોઈએ કે મહાત્મા ગાંધીએ પણ કુંભ સ્નાન કર્યું હતું. એ જ રીતે વડાપ્રધાન રહેતી વખતે જવાહરલાલ નેહરુ પણ કુંભ ગયા હતા. ત્યારે તેમની સાથે પાર્ટીના અનેક વરિષ્ઠ નેતાઓ પણ હતા. ઈન્દિરા ગાંધી પણ લાલબહાદુર શાસ્ત્રીનાં અસ્થિઓને એ સમયે સંગમમાં પ્રવાહિત કરવા ગયાં હતાં, જ્યારે ત્યાં કુંભ ચાલી રહ્યો હતો. સોનિયા ગાંધીએ પણ કુંભની મુલાકાત લીધી છે! ભાજપ પર નિશાનો સાધવાના ચક્કરમાં ગંગા સ્નાનની મજાક ઉડાવનારા મલ્લિકાર્જુન ખડગે એ પણ ભૂલી ગયા કે ૨૦૨૧માં પ્રિયંકા ગાંધીએ પણ સંગમમાં ડૂબકી લગાવી હતી. કોઈ કુંભમાં ડૂબકી લગાવે કે કોઈ મંદિર જાય, એ તેની પોતાની આસ્થાની બાબત છે. જો ખડગેને આ બધું ઠીક ન લાગતું હોય તો તેમની મરજી, પરંતુ તેનો એ મતલબ નહીં કે તેઓ કરોડો હિંદુઓની મજાક ઉડાવે. જો તેમને ધાર્મિક, સાંસ્કૃતિક પરંપરાઓ પર વિશ્વાસ ન હોય તો શું તેઓ આવી જ વાત અન્ય મત-મજહબ માટે કરી શકશે? તેઓ એવું કરવાનું વિચારી પણ નહીં શકે અથવા તો એમ કહો કે એવું કરવાની તેમનામાં હિંમત નથી. જો તેઓ ખુદને નાસ્તિક ગણાવવા માગતા હોય તો તેઓ સ્વતંત્ર છે, પરંતુ તેમની નાસ્તિકતાના નિશાના પર માત્ર હિંદુઓની જ આસ્થા કેમ? જો કોંગ્રેસ ખડગેના નિવેદનનું સમર્થન કે બચાવ કરે છે, તો તેનો એ જ મતલબ કહી શકાય કે તે હિંદુ વિરોધ અને તુષ્ટીકરણની નીતિ અપનાવીને રસ્તો ભટકી ગઈ છે અને જે રસ્તે તે ચાલી રહી છે તેનાથી તેની વાપસી આસાન નથી. શું આ એ જ કોંગ્રેસ છે, જેના યુવરાજ રાહુલ ગાંધી એક સમયે ચૂંટણી સમયે મંદિર-મંદિર જઈ રહ્યા હતા અને ખુદને જનોઈધારી બ્રાહ્મણ ગણાવીને શિવભક્ત બનીને કૈલાસ માનસરોવરની યાત્રા પણ કરી આવ્યા હતા? જો કોંગ્રેસ અધ્યક્ષ ખરેખર એ જાણવા માગતા હોય કે કરોડો લોકો કુંભમાં ડૂબકી કેમ લગાવે છે તો તેમણે પોતાના સહયોગી પક્ષ સપાના પ્રમુખ અખિલેશ યાદવને પૂછી લેવું જોઈએ, જેમણે હાલમાં જ ગંગા સ્નાન કર્યું હતું.

# સ્થાનિકોની રોજગારી માટે બનાવાયેલી 180 દુકાનો 3 વર્ષથી ધૂળ ખાય છે

## સ્થાનિકો રોજગારીમાં તાપમાં બેસી આખો દિવસ ધંધો કરે છે, SOU સત્તામંડળ આ દુકાનો વહેલા ફાળવે તે જરૂરી

**કરોડોના ખર્ચે વિકાસના કામો થઇ રહ્યા છે પણ બની ગયા પછી તેનો ઉપયોગ ના થાય એ શું કામનું?**



ભરત શાહ | નર્મદા

સરદાર સરોવર નર્મદા બંધ હોય કે સ્ટેચ્યુ ઓફ યુનિટી આ મોટા પ્રોજેક્ટોમાં જમીનો ગુમાવનારા અસરગ્રસ્તો હજુ પોતાના હક્કો માટે લડે છે. જમીનો સરકાર માં જતા ગુજરાન ચલાવવા માટે સ્થાનિકો જાહેર રસ્તાઓ પર લારી ગલ્લા અને SOU ના બે પોઈન્ટ પર લાઈનો લગાવી તાપથી બચવા ઓથું કરી ખાદ્ય અને અન્ય ચીજવસ્તુઓ વેચી રહ્યા છે. સવારે 8 વાગ્યા થી સાંજે 7 વાગ્યા સુધી ધંધો કરે છે. ત્યારે પરિવારનો ચૂલો સળગે છે. SOU ના ઝગમગાટ વચ્ચે સ્થાનિકો ની હાલત દિવા તળે અંધારું હોય એવું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. પ્રધાનમંત્રી નરેંદ્ર મોદી સ્થાનિકોને રોજગારી આપવાનો હંમેશા ભાર મૂકે છે. નોકરી ના હક્કો માટે સ્થાનિકો ટાવરો પર ચઢવાના કિસ્સા પણ વધ્યા છે. પરંતુ અધિકારીઓ આ લોકોને તેમના હક્કો આપવામાં વિલંબ કેમ કરે છે એ સમજાતું નથી. નર્મદા નિગમ દ્વારા સ્થાનિકોને રોજગારી માટે લારી ગલ્લા લઇ બહારના બેસે એ માટે દુકાનો બનાવી આપવાના વાયદા પ્રમાણે 180 જેટલી પાકી દુકાનો બનાવી જેમાં કેવડિયા ગામ પાસે જ્યા પાર્કિંગ એરિયા છે ત્યાંથી ઉતરી લોકો આ દુકાનોમાં જાય જ્યારે બીજી જંગલ સફારી સામે આમ બે બજારો ઉભા થયા છે. પરંતુ આ દુકાનો લગભગ 3 વર્ષથી ધૂળ ખાઈ રહી છે. હવે આ દુકાનો આટલા વર્ષો થી ખંડેર થવાની તૈયારીઓ છે. ત્યારે સામે ઉનાળો આવે છે. ઊનાળાના 35 થી 45 ડિગ્રી તાપમાન વચ્ચે ખુલ્લામાં બેસી લોકો રોજગારી મેળવે છે એના કરતા દુકાનો ફાળવવામાં આવે તો સ્થનિકો શાંતિથી ધંધો કરી શકે. હાલમાં સત્તામંડળ પાસે ફાળવણી કરવાની સત્તા હોય વહેલી તકે આ દુકાનો ની ફાળવણી થાય તે જરૂરી બન્યું છે.

સ્થાનિકો ને દુકાનો આપવાની છે જે બાબતે તંત્ર વિલંબ કેમ કરે છે તે સમજાતું નથી. અમારી લારી ગલ્લા હટાવી દેવાયા જેના બદલામાં દુકાનો આપવાની છે ત્યારે હવે પેકેજમાં દુકાનો લો તેવી શરતો તંત્ર મૂકે છે.જમીનોના વળતર અને જે મળવા પાત્ર હક્કો અમને આપો, ધંધા માટે દુકાનો આપો આવું નક્કી હોવા છતાં અમારી માંગો સ્વીકારતા નથી અને તેમની મનમાની કરે છે. લીસ્ટ તૈયાર છે તો સત્તા મંડળે ફાળવણી કરવી જોઈએ છતાં કોની રાહ જુવે છે એ સમજાતું નથી, જો વહેલીતકે દુકાનો ના ફાળવી તો તેને પુનઃ મરમ્મત ની જરૂર પડશે તેમ વાગડીયા ગામના અગ્રણી શૈલેષ તડવી એ જણાવ્યું હતું.

કપાસ અનાજ સહીત ડીજે સિસ્ટમ બળી જતા લાખોનું નુકસાન

# ગરુડેશ્વર તાલુકાના જંતર ગામમાં આગમાં 2 ઘરો બાળીને ખાખ થયાં

## રસ્તાના અભાવે અગ્નિશામક ના પહોંચી શક્યું અને બે ભાઈઓની જમાપૂંજી વધુ બાળીને ખાખ થઇ ગયું



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના અંતરિયાળ ગામ જંતર સુધી જતા ત્રણ કિમી રસ્તાને કારણે અગ્નિશામક ફાયર ફાઈટરો ના પહોંચી શક્યા અંતે ગામના બે ભાઈઓની જીવન ની જમા પૂંજી બાળીને ખાખ થઇ ગઈ. સ્થાનિક તંત્ર એ ત્યાં પહોંચ્યા જરૂરી કાર્યવાહી કરી.

પ્રાપ્ત માહિતી અનુસાર જંતર ગામના જાંબલી ફળિયામાં રહેતા કનીશ ગુંજાભાઈ વસાવા ની બે ગાળાનું મકાન હતું જેમાં બે ભાઈ ના પરિવાર રહેતા હતા. ખેતી સાથે ડીજે નું પણ આ ભાઈઓ કામ કરતા હતા, ઘરમાં ચૂલા પર દાળ ચઢાવવા મૂકી હતી અને ભાઈ બળદ બાંધવા ગયો હતો ત્યારે કદાચ તણખો લાગ્યો હોય કે બીજું કોઈ કારણ પણ અચાનક ઘરમાં આગ લાગી અને થોડીક વારમાં જ વિકરાળ આગે ઘરને લપેટમાં લઇ લીધું હતું જેમાં આખું ફળિયું ભેગું થયું પાણી છંટકાવ કર્યો પણ આગ કાબુમાં ના આવી, ત્યારબાદ કેવડિયા અગ્નિશામક માં ફોન કરી બોલાવવામાં આવી પરંતુ આ જંતર ગામ સુધી જતા કાચા અને પહાડી રસ્તા ને કારણે ફાયર ફાઈટર પહોંચી ના શક્યું અને ઘરનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો. ઘરમાં રાખેલ અનાજ કપડાં વાસણ કપાસ અને મુખ્ય ડીજેનો લાખોનો સમાન હતો તે બધું બાળીને ખાખ થઇ ગયું છે. સ્થાનિક તલાટી, તંત્ર દ્વારા જરૂરી નુકસાની નો પંચકયાસ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# સુરત | વરાછામાંથી 150 કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપાયો, 3ની અટકાયત

(એજન્સી) સુરત | તા.29

સુરતમાં અખાદ્ય પનીરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. વરાછા તાસની વાડીમાંથી 150 કિલો પનીર ઝડપાયું છે. આ શંકાસ્પદ પનીરનો જથ્થો હોટલ, રેસ્ટોરન્ટ અને ડેરીમાં પનીર વેચતા હોવાની શંકા સેવાઇ રહી છે. સુરત શહેરમાં પનીર ખાતા લોકો માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. સુરતના વરાછા તાસની વાડીમાંથી 150 કિલો શંકાસ્પદ પનીર ઝડપાયું છે. પોલીસ દ્વારા પાલિકાની આરોગ્ય ટીમે વરાછા તાસની વાડીમાં તપાસ કરતા 150 કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપાયો છે. 150 કિલો શંકાસ્પદ પનીરના આરોગ્ય ટીમે સેમ્પલ લીધા છે. સમગ્ર મામલે વરાછા પોલીસે ત્રણ યુવકોની અટકાયત કરી છે.

આરોગ્ય સાથે ચેડા ક્યારે બંધ થશે? નકલી ઘી બાદ હવે શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપાયો છે. લગ્ન સિઝન આવતાની સાથે રાજ્યમાં નકલી ઘી, નકલી તેલ અને નકલી પનીરના જથ્થા ઝડપાવાના કિસ્સાઓ દિવસેને દિવસે વધી રહ્યા છે. ભેળસેળીયા વેપારીઓ પર આરોગ્ય વિભાગે તવાઈ બોલાવી છે. સુરતના વરાછા તાસની વાડીમાંથી 150 કિલો શંકાસ્પદ પનીર ઝડપાયું છે. પોલીસ દ્વારા પાલિકાની આરોગ્ય ટીમ સાથે દરોડા પાડ્યા હતા અને આરોગ્ય ટીમે પનીરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પનીરના જથ્થા સાથે વરાછા પોલીસે ત્રણ યુવકોની અટકાયત કરી છે.

# પાલનપુર એસ.ટી.વિભાગ ખાતે મીકેનીક ડીઝલ અને હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર એપ્રેન્ટીસ તાલીમાર્થી તરીકે જોડાવાની તક

માહિતી બ્યુરો | પાલનપુર

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના પાલનપુર વિભાગ ખાતે એપ્રેન્ટીસ એક્ટ ૧૯૬૧ પ્રવર્તમાન નિયમાનુસાર (૧) મીકેનીક ડીઝલ (૨)હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર, આઈ.ટી.આઈ.પાસ તથા જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ -૧૦ પાસ, આઈ.ટી.આઈ. પાસ ઉમેદવારોને એપ્રેન્ટીસ તાલીમાર્થી તરીકે ભરતી બહાર પડાઈ છે. ઉમેદવારોએ www.apprenticeshipindia.gov વેબસાઈડ ઉપર રજીસ્ટ્રેશન કરી તેની હાર્ડ કોપી મેળવી તેની સાથે એલ.સી.,માર્કશીટ,આઈ.ટી.આઈ.તથા જાતી અંગેનું પ્રમાણપત્ર તેમજ કોઇ ગુનાહીત પ્રવૃતિ આચરવામાં આવેલ નથી તે સબબનો પોલીસનો દાખલો અને બે પ્રતિષ્ઠીત વ્યક્તિના ચાલચલગતનો દાખલો પાસપોર્ટ સાઇઝનો ફોટા તેમજ જરૂરી ડોક્યુમેન્ટ સાથે વિભાગીય કચેરી,એરોમા સર્કલ જી.ડી.મોદી કોલેજ સામે પાલનપુર વહીવટી શાખા ખાતે રજૂ કરવાના રહેશે.

# ડીસા તાલુકાના નાના રસાણા મધ્યાન ભોજન યોજના કેન્દ્ર પર સંચાલક કમ કુક (વ્યવસ્થાપક)ની ભરતી

માહિતી બ્યુરો | પાલનપુર



ડીસા તાલુકાના નાના રસાણા મધ્યાન ભોજન યોજના કેન્દ્ર પર સંચાલક કમ કુક (વ્યવસ્થાપક) ની તદ્દન હંગામી ધોરણે માસિક રૂપિયા ૪૫૦૦/- ઉચક માનદ વેતનથી વર્ષ ૨૦૨૪-૨૫ માટે જાહેરાત બહાર પડાઈ છે. આ જગ્યા ભરવા માટે ડીસા તાલુકાના જે તે ગામના મૂળ રહેવાસી હોય તેવા ફક્ત સ્થાનિક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. આ માટે ઉમેદવારોને અરજી પત્રક વિના મૂલ્યે મધ્યાન ભોજન યોજના શાખા મામલતદાર ડીસા ગ્રામ્ય ખાતેથી મળી રહેશે.

ઉમેદવારો પાસેથી અરજીઓ આગામી તા.૭/૦૨/૨૦૨૫ સુધીમાં કચેરી સમય સુધી સ્વીકારવામાં આવશે. સંચાલક કમ કુક (વ્યવસ્થાપક) માટે શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછી ધોરણ ૧૦ પાસ જરૂરી છે. વધુ લાયકાત વાળા ઉમેદવારો ઉપલબ્ધ થશે તો ઓછી લાયકાત વાળા ઉમેદવારોની અરજીઓ રદ કરવામાં આવશે. અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૦ વર્ષથી ઓછી નહીં તેમજ ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ, સ્થાનિક, વિધવા, ત્યકતા, વિકલાંગ મહિલાઓને અગ્રતાક્રમ આપવામાં આવશે. અરજી સાથે અરજદારોએ શાળા છોડ્યાના દાખલાની પ્રમાણિત નકલ, શૈક્ષણિક લાયકાતની માર્કશીટની પ્રમાણિત નકલ, ઓળખ કાર્ડની નકલ, ઉમેદવારના રેશનકાર્ડની નકલ, ઉમેદવાર સ્વતંત્ર અથવા સંયુક્ત ખાતે દુકાન/પ્લોટ/ખેતીની જમીન ધરાવતા હોય તો આધાર પુરાવાની નકલ, ઉમેદવાર કોઈ ગુનામાં સંડોવાયેલા નથી કે કોઈ કોર્ટ કેસ ચાલતો નથી તે અંગે પોલીસ અધિકારીશ્રીનો દાખલો, તાજેતરના બે પાસપોર્ટ સાઇઝના ફોટા, અરજી પર મોબાઈલ નંબર અવશ્ય દર્શાવાનો રહેશે તેમ મામલતદાર ડીસા (ગ્રામ્ય) દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વડોદરાના કાસમાલા બ્રિજ ઉપર આવી ચડ્યો 11 ફૂટનો મગર

(એજન્સી) અમદાવાદ | તા.29



વડોદરામાં વગર ચોમાસે મગર નીકળવાની ઘટનાનો સિલસિલો ચાલુ છે. ગતરાત્રે શહેરના કામઆલા સ્મશાન પાસેના બ્રિજ પરથી 11.5 ફૂટના મહાકાય મગરને રેસ્ક્યૂ કરવામાં આવ્યો છે. મગર નદી વિસ્તારમાંથી નીકળીને રહેણાંક સોસાયટી તરફ જઇ રહ્યો હતો. જો કે, મગરે સ્થાનિકોને જોતા જ તેણે યુ ટર્ન માર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યાર બાદ મગરે ઓવર બ્રિજના ફૂટપાથ પાસે અડિંગો જમાવ્યો હતો. આખરે દોઢ કલાકની જહેમત બાદ મગરને રેસ્ક્યૂ કરીને સહીસલામત રીતે વન વિભાગને સોંપી દેવામાં આવ્યો છે. જેને પગલે સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે.

# ઉત્તરાયણમાં કરૂણા અભિયાન અતંર્ગત રેસ્કયૂ કરાયેલ 91 ટકા પશુ-પક્ષીઓને જીવનદાન અપાયું





(એજન્સી) અમદાવાદ | તા.29

ઉત્તરાયણ પર્વ દરમિયાન ઘાયલ થયેલા પશુ-પક્ષીઓને રેસ્ક્યૂ કરીને તુરંત સારવાર આપી નવજીવન આપી શકાય તેવા ઉમદા હેતુથી દર વર્ષે રાજ્ય સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી "કરૂણા અભિયાન"નું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે રાજ્યભરમાં અંદાજે કુલ ૧૭,૦૬૫ જેટલા પક્ષીઓને રેસ્ક્યુ કરી સમયસર સારવાર આપીને ૧૫,૫૭૨ જેટલા પક્ષીઓને જીવનદાન આપવામાં આવ્યું છે.

**૯૧ ટકા જેટલા પશુ-પક્ષીઓને નવજીવન મળ્યું**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને દિશા-દર્શનમાં રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ કરુણાસભર પહેલના પરિણામે આ વર્ષે ઉત્તરાયણ દરમિયાન રેસ્ક્યૂ કરવામાં આવેલા અબોલ પશુ-પક્ષીઓ પૈકી ૯૧ ટકા જેટલા પશુ-પક્ષીઓને નવજીવન



મળ્યું છે. વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તેમજ પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલના નેતૃત્વમાં કાર્યરત "કરૂણા અભિયાન-૨૦૨૫"માં સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં આશરે ૬,૬૯૫, સુરતમાં ૫,૧૭૮, રાજકોટમાં ૯૨૦, વડોદરા જિલ્લામાં ૮૯૪ સહિત વિવિધ જિલ્લાઓમાંથી અનેક પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરીને સારવાર પૂરી પાડવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે કબૂતર, સમડી, કાગડો, પોપટ, બગલા જેવા ૫૧ થી વધુ પશુ-પક્ષીઓનો સમાવેશ થાય છે.

**કરૂણા અભિયાન ગુજરાતની આગવી પહેલ બન્યું**

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વર્ષ-૨૦૧૭થી ઉત્તરાયણ પર્વ દરમિયાન પ્રતિ વર્ષ તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી પતંગ દોરાથી પક્ષીઓને ઘાયલ થતાં બચાવવા માટે અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે કરૂણા અભિયાન હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૧.૧૨ લાખથી વધુ ઘાયલ પક્ષીઓની સારવાર કરવામાં આવી છે. જેમાંથી ૯૨ ટકા સાથે ૧.૩ લાખ જેટલા પક્ષીઓને જીવનદાન આપવામાં આવ્યું છે. ઉત્તરાયણ જેવા તહેવારો અને લોકોત્સવોની ઉજવણી દરમિયાન અબોલ જીવોની ચિંતા કરી તેની સારવાર-માવજત માટે યોજતું કરૂણા અભિયાન ગુજરાતની આગવી પહેલ બન્યું છે.

**૮૦૦૦થી વધુ સેવાભાવી સ્વયંસેવકો જોડાયા :** ગત વર્ષ ૨૦૨૪માં કરૂણા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૧૩,૮૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયા હતા, જેમાં ૪,૪૦૦થી વધુ પશુઓ અને ૯,૩૦૦થી વધુ પક્ષીઓનો સમાવેશ થાય છે. "કરૂણા અભિયાન-૨૦૨૫"માં આશરે ૬૦૦થી વધુ વેટરનિટી તબીબો તેમજ ૮૦૦૦થી વધુ સેવાભાવી સ્વયંસેવકો જોડાયા હતા.

**૧૦૦૦થી વધુ સારવાર કેન્દ્રો પણ ઉભા કરવામાં આવ્યા હતા :** સાથે જ, પશુપાલન વિભાગ, વન વિભાગ અને વિવિધ સેવાભાવી સંસ્થાઓના મળીને રાજ્યભરમાં કુલ ૧૦૦૦થી વધુ સારવાર કેન્દ્રો પણ ઉભા કરવામાં આવ્યા હતા. આ અભિયાન દરમિયાન રાજ્યભરના ૮૬૫ પશુ દવાખાના, ૩૪ વેટરનરી પોલિક્લિનિકઉપરાંત ૫૮૭ જેટલા ફરતા પશુદવાખાના અને ૩૭ કરુણા એનીમલ એમ્બ્યુલન્સ રજાના દિવસે પણ કાર્યરત રાખવામાં આવ્યા હતા.

**NEWS BRIEF**

## સાંકળા ચોરીનો આક્ષેપ લાગતા 15 વર્ષીય કિશોરીએ કૂવામાં ઝંપલાવી આપઘાત કર્યો



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના દાભવણ ગામમાં કિશોરી એ ચોરી નો આક્ષેપ લાગતા કૂવામાં કૂદી જીવન નો અંત આણ્યો હતો. મળતી માહિતી અનુસાર અરૂણાબેન મહેશભાઇ અંબાલાલભાઈ તડવી રહે.દાભવણ તળાવ ફળિયું તા.દેડીયાપાડા જી.નર્મદા નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ મરનાર કિંજલબેન મહેશભાઇ તડવી ઉ.વ.૧૫ રહે. દાભવણ તળાવ ફળિયું તા.દેડીયાપાડા જી.નર્મદા નાઓને ગામના બંસીભાઇ બાલુભાઇ તડવી એ પોતાની છોકરી અસ્મિતાના સાંકળા ચોરી લીધાનો આક્ષેપ કરતા છોકરીને મનમાં લાગી આવતા ઘરની નજીકમા આવેલ ઊંડા કુવાના પાણીમા ડુબી જતા તેનું મોત નિપજ્યું હતું. દેડિયાપાડા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કચ્છના શિક્ષણ કાર્યને સુઘડ કરવામા વહિવટી તંત્ર નિષ્ક્રિય

મહેશ સોની | નખત્રાણા

કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળ ના પ્રમુખ રાજેશ સોનીના જણાવ્યા મુજબ સ્ટાફ ઘટ હોય કે પછી ઉચ્ચ શિક્ષણ અધવચ્ચે છોડવા મજબૂર થતાં વિધાર્થીઓ ની સમસ્યા સતત વધતી જાય છે કચ્છના આંતરિયાળ ગામડામાં હજુ પ્રાઈવેટ સ્કૂલો નથી ત્યારે આ સમસ્યાનો ઉકેલ લાવવા તંત્ર હજુ સુધી અસરકારક કામગીરી કરી શકી નથી. સ્ટાફ ઘટની સમસ્યા વર્ષો થી કચ્છને સતાવતી રહી છે કચ્છના ઉચ્ચ અભ્યાસ કરેલ વિધાર્થીઓ ને નિયમોમાં ફેરફાર કરીને કચ્છના શિક્ષણ વિભાગ માં સમાવેશ કરવામાં આવે તેમજ કચ્છમાં હાલના સમયમાં ત્રૂટક ત્રૂટક જે અભ્યાસ છે જેમકે ધોરણ ૧ થી ૬ ૬ થી૮ ૮ થી ૧૦ તેમજ ૧૦ થી ૧૨ વિધાર્થીઓ ને આ શિક્ષણ સરળતાથી મળી રહે તે માટે કચ્છની સરકારી શાળામાં સ્કૂલ બસની સુવિધા ઉપલબ્ધ કરાવી જોઈએ જેથી વાહનવ્યવહાર ની સુવિધા ના અભાવે જે વિધાર્થીઓ ને અભ્યાસ છોડવો પડે છે તે સમસ્યા હલ થવી જોઈએ. હવે જ્યારે કચ્છ ઔધોગિકરણ તરફ આગળ વધી રહ્યો છે ત્યારે કચ્છના યુવાનો શિક્ષિત બની ને કચ્છમાં જ નોકરી કરે એવું આયોજન કરવાની માંગ કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળ પ્રમુખ રાજેશ સોની દ્વારા કરવામાં આવી છે.

## સાત વર્ષ પહેલાં મૃત્યુ પામેલ પત્નીના વિરહમાં પતિ એ ઝેરી દવા પી આપઘાત કર્યો



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના સામરપાડા(સિધ્ધી) ગામમાં બનેલી ઘટના માં પત્ની ના વિરહ માં પતિ એ ઝેરી દવા પી લેતા મોત નિપજ્યું હતું. મળતી માહિતી અનુસાર મરનાર શંકરભાઇ પ્રથમભાઈ વસાવા ઉ.વ.૬૦ રહે.સામરપાડા જી. નર્મદા નાઓની પત્ની સાત વર્ષ પહેલા મૃત્યુ પામી હોય હાલ તેઓ એકલા રહેતા હતા જેથી તેના ટેન્સનમા આવી સામરપાડા (સીધ્ધી) ગામે પોતાની જાતે ઝેરી દવા પી જતા તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સમા સારવાર માટે સરકારી હોસ્પિટલ દેડીયાપાડા ખાતે લઈ આવી દાખલ કરેલ અને વધુ સારવાર માટે રાજપીપલા સીવીલ હોસ્પિટલ ખાતે દાખલ કરેલ હતા ત્યાથી તા.૨૮/૦૧/ ૨૦૨૫ ના રોજ સારવાર દરમ્યાન ફરજ ઉપરના ડોકટરે તેમને મૃત જાહેર કરતા દેડિયાપાડા પોલીસે તપાસ હાથ ધરી છે.

## ખાંભા તાલુકાના નવા માલકનેશ થી હનુમાનપરા સુધીનો બિસ્માર રોડ થી લોકો ત્રાહિમામ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખાંભા તાલુકાના નવા માલકનેશ થી હનુમાનપરા સુધીનો બિસ્માર રોડ લોકો માટે બન્યો આફત, વાહન ક્યાં ચલાવવું લોકોમાં મૂંઝવણ. ગુણવત્તા ભર્યા રોડ અને હાઈવે વિકાસની ગતિ માટે પાયાની જરૂરિયાત છે. પરંતુ ભ્રષ્ટાચારનો શિષ્ટાચાર આપણા રોડમાં મોટા ગાબડા પાડી ગયો છે. જેના કારણ વિકાસની યાત્રા નિર્ધારિત સમયમાં પોતાની મંજિલ સુધી પહોંચતી નથી.અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નવા માલકનેશ ગામથી પસાર થતા રોડ છેલ્લાં ઘણા સમયથી અહીંનો બિસ્માર રોડ લોકો માટે આફત બની ગયો છે. નેતાઓને અનેકવાર મૌખિક રજૂઆતો કરવામાં આવી હોઈ પરંતુ નેતાઓ ચૂંટણી સમયે વાયદાઓ કરીને જતા રહે છે. પરંતુ ચૂંટણી જીત્યા બાદ આ વાયદાઓ માત્ર વાયદા બનીને રહી જાય છે. અને અંતે જનતાના નસીબમાં તો હાડમારી જ સહન કરવાનો વારો આવે છે. બિસ્માર રોડને કારણે હાડમારી ભોગવતા નવા માલકનેશ- હનુમાનપરા સહિત ગામલોકોની સમસ્યાનો ઉકેલ ક્યારે આવે છે.!!!

# કેટલાક લોકો આ 4 કારણોને લીધે હોય છે આળસુ, તેને આ રીતે કરો દૂર

**આજના સમયમાં પોતાને એક્ટિવ રાખવું એ સૌથી મોટો પડકાર બની ગયો છે. ઘણી વાર કામ કરવાની ક્ષમતા અને ઈચ્છા હોવા છતાં આપણે આળસ અને સુસ્તીથી ઘેરાયેલા હોઈએ છીએ. આ ફક્ત એક આદત કે રોજિંદા જીવનનો એક ભાગ નથી, પરંતુ તેની પાછળ ઘણા ઊંડા કારણો છે. આળસ ફક્ત સમય બગાડવા સુધી મર્યાદિત નથી, તે આપણા જીવનની પ્રગતિને ધીમી પણ કરી શકે છે અને માનસિક સ્વાસ્થ્ય પર નેગેટિવ ઈફેક્ટ કરી શકે છે.**



**મૂંઝવણ |** કેટલાક લોકોને કામ અંગે ઘણી મૂંઝવણ હોય છે. કામ કેવી રીતે અને ક્યાંથી શરૂ કરવું તે નક્કી ન કરી શકવું એ આળસનું મુખ્ય કારણ બની શકે છે. સ્પષ્ટતાનો અભાવ વ્યક્તિને કામથી દૂર લઈ જાય છે.

**નિષ્ફળતાનો ડર |** કેટલાક લોકો કોઈ પણ કામ શરૂ કરતા પહેલા વિચારે છે કે જો તેઓ આ કાર્યમાં નિષ્ફળ જાય તો શું થશે? નિષ્ફળતાના આ ડરને કારણે તે લોકો કામથી પાછળ હટી જાય છે જે આળસનું સૌથી મોટું કારણ બની જાય છે. આ ડર તેમને આળસ અને સુસ્તી તરફ ધકેલી દે છે.

## આ છે કારણો

સેલ્ફ ડાઉટ - સેલ્ફ ડાઉટ વ્યક્તિને તેના કાર્યમાં નિષ્ફળતાનો ડર કરાવે છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના પર વિશ્વાસ ગુમાવે છે ત્યારે તે કામને ટાળે છે. તે વ્યક્તિને લાગે છે કે તે આ કામ કરી શકશે નહીં અને તે કામ કરવાથી પાછળ હટી જાય છે.

**લોકો શું કહેશે તેનો ડર |** કેટલાક લોકો માટે બીજાનો અભિપ્રાય ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. તે લોકોથી ડરવા લાગે છે જો લોકો મારા કામ પર સવાલ ઉઠાવશે તો? જો લોકોને મારું કામ પસંદ ન આવે તો શું કરશે? લોકોની ટીકા આવી વ્યક્તિને કામથી દૂર લઈ જાય છે.

**આળસ દૂર કરવાના ઉપાયો |** જો તમને કોઈ કામ કરવાનું મન ન થાય તો તેને નાના ભાગોમાં વહેંચો. આનાથી કામ સરળ લાગશે અને તે પૂર્ણ કરવાની પ્રેરણા પણ મળશે. વ્યક્તિએ પોતાનો આત્મવિશ્વાસ વધારવાની જરૂર છે. આ માટે તે નાના પ્રયાસની પ્રશંસા કરો. પોતાના પર વિશ્વાસ રાખો અને નિષ્ફળતાના ડરને પાછળ છોડી દો. દિવસની શરૂઆતમાં પ્રાથમિકતાના આધારે કાર્યોની યાદી તૈયાર કરો. આનાથી મૂંઝવણ ઓછી થશે અને તમને ખબર પડશે કે તમારી પાસે કયા કામ માટે કેટલો સમય છે. પોઝિટિવ વિચાર રાખો અને તમારા અચિવમેન્ટને યાદ રાખો. આનાથી તમારો ઉત્સાહ વધશે અને તમને નવું કામ કરવાની ઉર્જા પણ મળશે.

# રાત્રે કપડા બહાર કેમ ન સુકવવા જોઈએ ?



રોજિંદા જીવનમાં મોટેભાગે લોકો દિવસ દરમિયાનનું કામ વહેલા જ પતાવી દેતા હોય છે. પણ ઘણા લોકો એવા પણ હોય છે. જે પોતના દિનચર્યાના કામ રાત્રે કરતા હોય છે તેમાંનુ એક છે રાત્રે બહાર કપડા સુકવવાનું પરંતુ રાત્રે કપડાં સુકવવા ન જોઈએ. જો તમે પણ રાત્રે કપડાં સુકવો છો તો સાવચેત રહો. આનાથી કપડાંમાં બેક્ટેરિયા અને જંતુઓનું જોખમ વધી શકે છે જે બાળકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. દિવસ દરમિયાન કપડાં સૂકવવા વધુ સારું છે કારણ કે સૂર્ય કિરણો બેક્ટેરિયાનો નાશ કરે છે અને કપડાં ઝડપથી સુકાઈ જાય છે, જેનાથી સ્વચ્છતા સારી રહે છે રાત્રે કપડાં બહાર સુકવવા માટે આ કાર્ય છે જેને વડીલો સૂર્યાસ્ત પછી કરવાની ના પાડતા હતા એ છે રાત્રે બહાર કપડા સુકવવા. તેઓ કહે છે કે રાતના સમયે કપડા ન ધોવા જોઈએ. જો કોઈ કારણે ધોવા પણ પડી જાય તો તેને સુકવવા માટે બહાર ન ફેલાવવા જોઈએ. તમારા વડીલોની આ વાત થોડી અટપટી લાગી શકતી હોય પણ તેની પાછળ શાસ્ત્ર અને વિજ્ઞાન બંને છિપાયા છે.

**સ્વાસ્થ્યને નુકસાન |** રાત્રે ઝાકળને કારણે કપડાં ભીના રહે છે. આ ભેજ બેક્ટેરિયા, વાયરસ અને ફૂગને જન્મ આપી શકે છે જે બાળકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે.

**સમસ્યાઓનું કારણ |** ભેજને કારણે, મચ્છર અને જંતુઓ કપડાં પર બેસી શકે છે. તેઓ તેમના ઈંડા અને ગંદકી છોડી શકે છે, જે ત્વચાની એલર્જી અથવા ત્વચાની સમસ્યાઓનું કારણ બની શકે છે અને તમને હોસ્પિટલમાં દાખલ થવું પડી શકે છે.

**વાતાવરણ ખૂબ જ જરૂરી |** કપડાંને અસરકારક રીતે સૂકવવા માટે સૂર્યપ્રકાશ અને શુષ્ક વાતાવરણ જરૂરી છે. રાત્રે આ સુવિધાઓ ઉપલબ્ધ નથી જેના કારણે કપડાં સંપૂર્ણપણે સુકાઈ જતા નથી. રાત્રે હવામાન અચાનક ખરાબ થઈ શકે છે. વરસાદ, ધૂળ અને કાદવ કપડાંને ગંદા અને બગાડી શકે છે, જેનાથી તમારા બધા પ્રયત્નો નકામા થઈ જાય છે. જેને પહેરવાથી સ્કિન ઈન્ફેક્શનનો સામનો પણ કરવો પડી શકે છે. સૂર્ય કિરણો કપડાં પર રહેલા બેક્ટેરિયાનો નાશ કરે છે અને દુર્ગંધ અટકાવે છે. દિવસ દરમિયાન સૂકવવાથી કપડાં પર કરચલીઓ ઓછી થાય છે.

# સાઉથ ઈન્ડિયન નાસ્તા ઈડલી અને ઉપમામાં કેટલી કેલરી હોય છે?

સાઉથ ઈન્ડિયન નાસ્તાનું નામ આવતા જ જીભ પર ઈડલી, ઢોસા અને ઉપમાનો સ્વાદ સૌથી પહેલા આવી જાય છે. આ નાસ્તો ફક્ત સ્વાદિષ્ટ જ નથી પણ હળવો અને પૌષ્ટિક પણ છે. ખાસ કરીને ઈડલી અને ઉપમા, જે સ્વસ્થ નાસ્તા તરીકે સૌથી વધુ પસંદ કરવામાં આવે છે. આ નાસ્તો એવા લોકો માટે યોગ્ય છે જેઓ પોતાની ફિટનેસનું ધ્યાન રાખે છે. ઘણીવાર લોકો વજન ઘટાડતી વખતે કે વધારતી વખતે જાણવા માંગે છે કે તેમના ખોરાકમાં કેટલી કેલરી છે. આવી સ્થિતિમાં એ સમજવું મહત્વપૂર્ણ છે કે ઈડલી અને ઉપમા જેવા નાસ્તામાં કેટલી કેલરી હોય છે અને તે તમારા સ્વાસ્થ્ય માટે કેવી રીતે ફાયદાકારક હોઈ શકે છે.

## ઈડલીમાં કેટલી કેલરી હોય છે?

ઈડલી ચોખા અને અડદની દાળમાંથી બનાવવામાં આવે છે. તે વરાળમાં રાંધવામાં આવે છે, જેથી તેમાં ઓઈલ હોતું નથી. ઈડલીની કેલરી માત્રા તેના કદ પર આધાર રાખે છે. ઉદાહરણ તરીકે લગભગ 30 ગ્રામ વજનની નાની ઈડલીમાં 61 કેલરી હોય છે. જ્યારે 40 ગ્રામ વજનની મધ્યમ કદની ઈડલીમાં 81 કેલરી હોઈ શકે છે.



**ઈડલી ખાવાના ફાયદા |** ઈડલી મેગ્નેશિયમ, સેલેનિયમ, મેંગેનીઝ અને પેન્ટોથેનિક એસિડનો સારો સ્ત્રોત છે. ઈડલી વરાળ પર રાંધવામાં આવતી હોવાથી તેમાં ચરબીનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે. તે ઉચ્ચ પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટ્સથી ભરપૂર છે. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત લોકો માટે ઈડલી એક ઉત્તમ નાસ્તો છે.



## ઉપમામાં કેટલી કેલરી હોય છે?

ઉપમા સોજીમાંથી બનાવવામાં આવે છે. તેને હળવા મસાલા અને શાકભાજી સાથે રાંધવામાં આવે છે, જે તેને સ્વસ્થ અને સંતુલિત આહાર બનાવે છે. ઉપમાની કેલરી તેની માત્રા પર આધાર રાખે છે. ઉદાહરણ તરીકે, જો તમે 100 ગ્રામ ઉપમા ખાઓ છો, તો તમને 209 કેલરી મળશે. જ્યારે 200 ગ્રામ ઉપમામાં લગભગ 416 કેલરી હોઈ શકે છે.

**ઉપમાના ફાયદા |** ઉપમા સોજી અને અનેક પ્રકારના શાકભાજીથી બનાવવામાં આવે છે. આવી સ્થિતિમાં આ વાનગી વિટામિન બી અને ઈનો સારો સ્ત્રોત છે. આ ઉપરાંત ઉપમા ઉચ્ચ ફાઈબર અને પ્રોટીનથી પણ ભરપૂર છે. ઉપમા એ સરળતાથી સુપાચ્ય ખોરાક છે. જો તમે નાસ્તામાં ઉપમા ખાઓ છો તો તે તમારા પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે.

**બંનેમાંથી કોને હેલ્ધી માનવામાં આવે છે? |** ઈડલી અને ઉપમા બંનેમાં કેલરી ઓછી હોય છે, જે વજન ઘટાડવાના આહાર પર રહેલા લોકો માટે યોગ્ય બનાવે છે. આ નાસ્તો હળવો અને સરળતાથી સુપાચ્ય છે. તેમાં રહેલા કાર્બોહાઈડ્રેટ્સ આખા દિવસ માટે પૂરતી ઉર્જા પૂરી પાડે છે. સ્વસ્થ હોવાની સાથે આ નાસ્તો સ્વાદમાં પણ ઉત્તમ છે. જો તમને ઓછી કેલરી અને ઓછી ચરબીવાળો વિકલ્પ જોઈતો હોય તો ઈડલી વધુ સારી છે. બીજી બાજુ જો તમને વધુ ઉર્જા અને પોષણ જોઈતું હોય તો ઉપમા તમારા માટે યોગ્ય રહેશે.

# જેમને જોતાંની સાથે જ આપણું મસ્તક નમી જાય એમનું નામ ગુરુ



ગુરુ શુક્રાચાર્ય



ગુરુ આસ્થા

- રુપાલી દવે



ગુરુ દ્રોણાચાર્ય

ગુરૂ બ્રહ્મ

ગુરૂ આસ્થા શું? આ સમજવા માટે જેને તમે ગુરુ પદે સ્થાપો છો એનો તન,મન,ધન,હદય થી આશ્રય સ્વીકારી લ્યો. ગુરુમાં દેવ અને દૈત્ય ના ગુરુ એવો ભેદભાવ નથી હોતો. શિષ્ય નો ગુરુમાં આશ્રય ભાવ જ શિષ્ય ને તાકાતવર બનાવે છે. કેવી રીતે? દેવી ભાગવત અનુસાર દેવો તાકાતવર બનતા સ્વર્ગ ના રાજા ઈન્દ્ર એ દૈત્યો ને પરાજિત કરવા દેવો ને યુદ્ધ કરવા મોકલ્યા. યુદ્ધભૂમિમાં તાકાતવર દેવો એ દૈત્યો ને મારી મારીને પરાજિત કરવા નું શરુ કરતા દૈત્યો ત્રાહિમામ ત્રાહિમામ પોકારી ને મોતના ભયના લીધે એના ગુરુ શુક્રાચાર્ય શરણ માં ગયા. દૈત્યો ના મુખ પર પરાજય નો ભય નિહાળતા ગુરુ શુક્રાચાર્ય એ સલાહ કે જ્યારે તમારા પાસે દુશ્મન સામે લડવાની તાકાત કે સામર્થ્ય નથી ત્યારે અજ્ઞાત વાસ માં દુશ્મન ની નજર થી દુર અદશ્ય થઈને મૌન અથવા તપશ્ચર્યા નો આશરો લેવો જોઈએ. દુશ્મન ને નાનો કે મોટો સમજવાના બદલે દુશ્મન ને દુશ્મન જ સમજવો જોઈએ.આ મુજબ શુક્રાચાર્ય એ શિષ્યોને સમજાવી ને કહ્યુ કે અત્યારે જ કૈલાસ નિવાસી મારા આરાધ્ય ભગવાન ભોલેનાથ પાસે જઈને દેવો ની તાકાત સામેનો વિકલ્પ શોધવા માટે પ્રસ્થાન કરું છું.ખાસ ધ્યાન રાખજો કે જ્યાં સુધી હું પરત ના આવું ત્યાં સુધી તમે બધા સાધુ વેશ ધારણ કરીને વન મા વસતા મુનિઓના આશ્રમ માં આશ્રય લઈને એની સેવામાં વ્યસ્ત દિવસો વીતાવજો. દેવો ના ભયવશ દૈત્યો સાધુ વેશ ધારણ કરીને અલગ અલગ ગ્રુપ મા રહેવા લાગ્યા.સાધુ મુનિઓના આશ્રમ મા વરસો સુધી આશ્રય લીધો હતો. પરંતુ અમુક વર્ષો બાદ દેવો એ સાધુ રૂપમાં મુનિના આશ્રમમા રહેતા દૈત્યો ને શોધી લીધા.

સાધુ મુનિ ના આશ્રમ મા આવીને તાકાતવર બનેલા દેવો એ એકઠા થઈ ને દૈત્યોને મારવાનું શરૂ કર્યું.વિકલ્પ કે રસ્તો દેખાડનાર ગુરુ તો તપશ્ચર્યા માં લીન હતા.આ કારણોસર દૈત્યો શુક્રાચાર્ય ના માતા શુક્ર માતા પાસે જઈને આશ્રય લીધો. ગુરૂ માતા ના આશ્રય માં રહીને બધા દૈત્યો પોતાને સલામત સમજવા લાગ્યા હતા.પરંતુ શુક્ર માતા ના આશ્રમ મા આવીને દેવો એ પુનઃ દૈત્યો ને મરવા નું અને પરેશાન કરવાનું શરૂ કરી દીધું. ગુરૂ માતા એ નજર સામે દેવો ને પોતાના પુત્ર સમાન દૈત્યો ને પરેશાન કરતાં નિહાળતા જ ગુસ્સા થી લાલ બનીને દેવો પર નિંદ્રા ની વિદ્યા ભણી. શુક્રાચાર્ય ની માતા શુક્ર દેવી એ તપશ્ચર્યા દ્વારા અનેક માયાવી અને તામસી વિદ્યા હાંસિલ કરી હતી. નિંદ્રા વિદ્યા ની અસર ના લીધે દેવો એ શસ્ત્ર ફેંકી દીધા ને ત્યાં જ ગાઢ નિંદ્રા માં પોઢી ગયા.આમ ગુરુ દેવ ની ગેર હાજર માં પણ દૈત્યો નું રક્ષણ ગુરુને આપેલ વચન ના લીધે થયું હતું.

કૌરવો એ પાંડવો ને દ્યુંત ક્રીડા માં હરાવ્યા બાદ ૧૨ વર્ષ ના ગુપ્ત વાસ ની સજા કરી હતી. શરત એ રાખી હતી કે ગુપ્તવાસ દરમિયાન જો એ લોકો ઓળખાય ગયા તો એની ગુપ્ત વાસ ની સજામાં વધારી થયા કરશે. આ સ્થતિ માં પાંચ પાંડવો માંથી ચાર પાંડવો,માતા કુંતી અને દ્રૌપદી પાસે ખુદ ને સંતાડી રાખી શકે એમ હતા પરંતુ ભીમ માટે અશક્ય હતું. ભીમ નો બાહરી દેખાવ અને ભૂખ બન્ને વાત છૂપાવી અશક્ય હતી. છતાંય શર્ત નું પાલન કરવું ફરજિયાત હતું,આવી વિકટ પરિસ્થિતિમાં કરવું તો શું કરવું એ સમજાતું નહતું. પાંચ પાંડવો અને દ્રૌપદી માટે પોતાના ગુરુ, સખા અને ઈશ ભગવાન શ્રી કૃષ્ણ હતા. પાંડવો ના ડગલે ને પગલે આવતી પ્રત્યેક મુસીબત માં ભગવાન શ્રી કૃષ્ણ પડછાયા માફક સાથે રહેતા હતા. આ વિકટ પરિસ્થિતિમાં ભગવાન શ્રી કૃષ્ણ એ પાંડવો ને સમજાવ્યું કે જો આપણા સાથે બળ કે સામર્થ્ય ના હોય ત્યારે બળવો કે લડાઈ કરવાથી પરાજય થાય છે ને સમસ્યા હોય એના કરતાં વિકટ બની જતી હોય છે. સામર્થ્ય વગર ના મનુષ્ય ને મૌન,ધીરજ અને સાદગી ત્રણ આભૂષણ સ્વીકારવા જરૂરી છે. જ્યાં સંપૂર્ણ સામર્થ્ય ના આવે ત્યાં સુધી “મૌન” ની તાકાત ને પ્રબળ બનવવી જોઈએ. અત્યારે પ્રશ્ન ભીમ ને છુપાવવા નો છે તો એનો આસાન રસ્તો ભીમ એ રાજાના રસોઈ ઘર ને પોતાનું નિવાસ્થાન બનાવવું જેથી ભીમ નું કદ અને ભૂખ બન્ને ગુપ્ત બની રહેશે. જ્યાં ગુરુ આરાધ્ય છે ત્યાં અમાસ ના અંધારા માં પણ રસ્તો મળી જશે.

કૃષનમ વંદે જગત ગુરુ..

મહાભારતના યુદ્ધ મા કૌરવોના સેનાપતિ ગુરુ દ્રોણાચાર્ય ને પરાજિત કરવા પાંડવો માટે તદન સ્વપ્ન હતું.ગુરુ દ્રોણાચાર્ય એ પાંડવો અને કૌરવો ને શસ્ત્ર વિદ્યા શીખવી હતી એટલે મહાભારત ના યુદ્ધ મા પાંડવો ના ગુરુ દ્રોણાચાર્ય ને હરાવવા ના પેંતરા ઉલટા પડતાં હતાં. જો ગુરુ દ્રોણાચાર્ય પરાજિત ના થાય તો કૌરવો ની તાકાત યુદ્ધ મેદાન મા બરકરાર રહે.કરવું તો શું કરવું? પાંડવો એ ભગવાન શ્રી કૃષ્ણ ને સમસ્યા નું સમાધાન પૂછ્યું ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ કહ્યું કે યુદ્ધ ને યોદ્ધા એ સામ, દંડ ભેદભાવ કે અન્ય કોઈ પણ રીતે જીતવાની જીજીવિષા રાખવી જરૂરી છે. યુદ્ધ મા સાચું ખોટું માન્ય નથી રાખતું,યુદ્ધ ને યુદ્ધ મા સમજી ને લડવું જોઈએ. ગુરૂ દ્રોણાચાર્ય ને એનો પુત્ર અશ્વસ્થામા અત્યંત પ્રિય છે એટલે યુદ્ધ ના મેદાનમાં એવું કરવું કે જેમાં “સાપ ના મરે ને લાઠી તૂટે” પાંડવો પૂછ્યું કે શું? ભગવાન શ્રી કૃષ્ણ એ ઉપાય સમજાવતા કીધું કે તમે બધા જાણો છો કે યુદ્ધ ના મેદાન માં અર્જુન અને ગુરુ દ્રોણાચાર્ય વચ્ચે યુદ્ધ જામે ત્યારે ભીમ એ મોટે મોટેથી બૂમ પડવાની “અશ્વત્થામા હણાયો.. અશ્વસ્થામા હણાયો..”.જ્યારે ગુરુ દ્રોણાચાર્ય પુત્ર વિયોગ ના દર્દ માં દુઃખી થતા યુધિષ્ઠિર ને પૂછે કે કોણ અશ્વસ્થામા હણાયો હાથી કે પુત્ર? ત્યારે યુધિષ્ઠિર એ જવાબ માં “નારોવા કુંજરવા” મતલબ કે ખબર નથી કે અશ્વસ્થામા હાથી કે અશ્વસ્થામા ગુરુ પુત્ર. આ પ્રમાણે ભગવાન શ્રી કૃષ્ણ એ પાંડવો ને યુદ્ધ નીતિ માં કૂટનીતિ નો ઉપયોગ કરવાનું અને અસમર્થ સ્થતિ માં મૌન બનીને શરણાગતિ સ્વીકારવા નું પણ સમજાવ્યું હતું.

ધર્મ કે કર્મ યુદ્ધ ગમે તેવું કે ગમે તે હોય જો પથ દર્શક ગુરુ હોય તો અઘરા માં અઘરું યુદ્ધ જીતી શકાય છે. જેને ગુરુ માં આસ્થા અને શ્રદ્ધા છે એ લાઈફ ની એકપણ લડત હારતો નથી.ગુરુ દ્રશ્ય કે અદશ્ય કેમ ના હોય?છતાંય શિષ્ય ની શ્રધ્ધા બળ થી નિર્જીવ પથ્થર ને પણ હામી ભરવી પડતી હોય છે. એક લવ્ય એ ગુરુ દ્રોણાચાર્ય ની મૂર્તિ ને ગુરુ સ્થાને સ્થાપી ને જે શસ્ત્ર વિદ્યા ગુરુ દ્રોણાચાર્ય એ કુરુ અને પાંડુ વંશ ને શીખવી હતી એ બધી જ વિદ્યા એકલવ્ય એ ગુરુ દ્રોણાચાર્ય ની પથ્થર ની મૂર્તિ પાસેથી શીખી હતી.જ્યારે ગુરુ દ્રોણાચાર્ય એ એકલવ્ય ની શસ્ત્ર વિદ્યા નજર સમક્ષ નિહાળી ત્યારે એને ખુદ ને આશ્ચર્ય થયું હતું.

શાસ્ત્ર અનુસાર ગુરુ એટલે જેના પર તમને ખુદ કરતા પણ વધારે વિશ્વાસ હોય,એના વચન અને પ્રત્યેક શરત ને આજ્ઞા સમજી ને અનુસરણ કરી શકો તો જ એને જ શિષ્ય ભાવ માનવામાં આવે છે. સ્વાર્થ સાધવા માટે નું મશીન એટલે ગુરુ સમજવું સરાસર નિરર્થક છે. ગુરૂ આકરા માંથી આકરી સમસ્યા માંથી છોડાવી પણ શકે છે ને આકરી સજા કરીને બચાવી પણ શકે છે.

ગુરૂ ગોવિંદ દોનો ખડે કીસ્કો લાગુ પાય,
બલિહારી ગુરુ આપકી ગોવિંદ કીયો સહાય,
કબીરા,ગોવિંદ કીયો સહાય..



# 'ડોન 3'માં '12th ફેલ' એક્ટર બનશે વિલન: વિક્રાંત બીજી વખત રણવીર સાથે સ્ક્રીન શેર કરશે, થોડા સમય પહેલાં એક્ટિંગમાંથી બ્રેક લેવાની કરી હતી જાહેરાત


(એજન્સી) મુંબઈ | તા.29

ફરહાન અખ્તરે 'ડોન' ફ્રેન્ચાઈઝીના ત્રીજા ભાગ એટલે કે 'ડોન 3' પર ફરીથી કામ શરૂ કરી દીધું છે. તાજેતરમાં એવી અફવા ફેલાઈ હતી કે રણવીર સિંહ અને કિયારા અડવાણી અભિનીત આ ફિલ્મને પડતી મૂકવામાં આવી છે. પરંતુ પછી મેકર્સે આવા દાવાઓને ખોટા ગણાવ્યા હતા. હવે આ ફિલ્મ સાથે જોડાયેલા એક રસપ્રદ સમાચાર સામે આવ્યા છે. એવી ચર્ચા છે કે ફિલ્મમાં વિલનની ભૂમિકા માટે વિક્રાંત મેસીને સાઈન કરવામાં આવ્યો છે. '12મી ફેલ'માં સરળ સ્વભાવના મનોજ કુમાર શર્માની ભૂમિકા ભજવનાર વિક્રાંત હવે 'ડોન 3'માં નેગેટિવ રોલમાં જોવા મળશે.

ચોકલેટી બોય વિક્રાંત વિલનની ભૂમિકા ભજવશે આ સુપરહિટ બોલિવૂડ ફ્રેન્ચાઈઝીમાં ચોકલેટી ફેસવાળા વિક્રાંતને ખલનાયકની ભૂમિકા ભજવતા જોવું રસપ્રદ રહેશે. ગયા વર્ષે, તેણે OTT પર રિલીઝ થયેલી ફિલ્મ 'સેક્ટર 36' માં એક સાયકો-કિલરની ભૂમિકા ભજવી હતી અને તે હિટ રહી હતી. ફિલ્મફેરના અહેવાલમાં આધારે વિક્રાંતને આ ભૂમિકા માટે સાઈન કરવામાં આવ્યો છે તેવા સમાચાર છે.

વિક્રાંત મેસીએ ડિસેમ્બરમાં જ બ્રેક લેવાની જાહેરાત કરી હતી વિક્રાંત મેસીના કાસ્ટિંગ વિશેની આ માહિતી એવા સમયે પણ આવી છે જ્યારે ડિસેમ્બર 2024માં જ, વિક્રાંત મેસીએ જાહેરાત કરી હતી કે તે તેના આગામી બે પ્રોજેક્ટ્સ પછી થોડા સમય માટે ફિલ્મોમાંથી વિરામ લેશે.

પછી, પોતાની લાગણીઓ વ્યક્ત કરતી વખતે, એક્ટરે કહ્યું હતું કે, જેમ જેમ હું આગળ વધી રહ્યો છું, તેમ તેમ મારા માટે એક પગલું પાછળ હટવું, મારા મૂળ સાથે જોડાવું અને પતિ, પિતા, પુત્ર અને એક્ટર તરીકેની મારી ભૂમિકાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું મહત્વપૂર્ણ છે. 'ડોન 3'નું શૂટિંગ આ વર્ષે શરૂ થશે જોકે, વિક્રાંત મેસી કે ફરહાન અખ્તર બંનેમાંથી કોઈએ આ કાસ્ટિંગ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. ઓગસ્ટ 2023 માં, ફરહાન અખ્તરે ખુલાસો કર્યો કે રણવીર સિંહ 'ડોન 3' માં નવા માફિયા ડોનની ભૂમિકા ભજવશે. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મનું શૂટિંગ 2025 માં શરૂ થશે.




'આંખો કી ગુસ્તાખિયાં'નું શૂટિંગ કરી રહ્યો છે વિક્રાંત વિક્રાંત મેસી હાલમાં શનાયા કપૂર સાથે 'આંખો કી ગુસ્તાખિયાં' પર કામ કરી રહ્યો છે. આ ફિલ્મના ડિરેક્ટર સંતોષ સિંહ છે, જ્યારે નિરંજન આયંગર અને માનસી બાગલાએ તેની સ્ટોરી લખી છે.

શાહરૂખ 'ડોન 3'માં ન હોવાથી ચાહકો નારાજ! ફરહાન અખ્તરની 'ડોન 3' પણ મુખ્ય ભૂમિકામાં રણવીર સિંહને કાસ્ટ કરવાને લઈને સમાચારમાં હતી. શાહરૂખ ખાનના ચાહકો આનાથી ખૂબ નારાજ છે કારણ કે કિંગ ખાને 2006માં 'ડોન' અને 2011માં 'ડોન 2'માં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

# ધમકીઓ વચ્ચે રેલવે સ્ટેશન પર સલમાન ખાનનું શૂટ...




(એજન્સી) મુંબઈ | તા.29

સલમાન ખાનનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તે ભારે સુરક્ષામાં શૂટિંગ કરતો જોવા મળી રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે મુંબઈના રેલવે સ્ટેશન પર ભારે ભીડ વચ્ચે સલમાન આગામી ફિલ્મ 'સિકંદર'નું શૂટિંગ કરી રહ્યો છે.

નજીકમાં પોલીસની હાજરી છે. આ વીડિયો સો. મીડિયા પર જલ્દીથી વાઈરલ થઈ રહ્યો છે. હવે આ વીડિયો ખરેખર રેલવે સ્ટેશનનો છે કે પછી સેટ બનાવવામાં આવ્યો છે તેની પુષ્ટિ થઈ નથી.

ધમકીઓ વચ્ચે ભીડમાં શૂટિંગ કરવામાં આવ્યું સલમાન ખાનને ઘણી બધી વખત જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. આવી સ્થિતિમાં, આટલા બધા લોકોની વચ્ચે તેનું શૂટિંગ પોતાનામાં ખૂબ જ રોમાંચક છે.

વીડિયોમાં જોઈ શકાય છે કે સલમાન બ્લેક શર્ટ અને બ્લુ જીન્સમાં શૂટિંગ કરી રહ્યો છે. ફેન્સ પણ તેને જોવા માટે ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. સલમાન પણ તેને શુભેચ્છા પાઠવતો જોવા મળ્યો હતો.

અગાઉ પણ તસવીરો આવી ચૂકી છે તાજેતરમાં જ સલમાન ખાનનો 'સિકંદર'ના શૂટિંગ દરમિયાનનો વધુ એક વીડિયો વાઈરલ થયો હતો. જેમાં સલમાન ટેક્સીમાંથી નીચે ઉતરતો જોવા મળ્યો હતો. આ દરમિયાન સલમાને ડેનિમ જીન્સ અને બ્લુ શર્ટ પહેર્યો હતો.

આ ફિલ્મ ઈદ પર રિલીઝ થશે આ વર્ષે ઈદના અવસર પર રિલીઝ થયેલી ફિલ્મ 'સિકંદર'નું ડિરેક્શન એઆર મુરુગાદોસે કર્યું છે. આ ફિલ્મમાં રશ્મિકા મંદાના અને કાજલ અગ્રવાલ પણ છે. માનવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મમાં સલમાનનો નવો લુક જોવા મળશે.

# હુમલા બાદ સૈફ-કરીના દીકરાઓની સુરક્ષાને લઈ ગંભીર

(એજન્સી) મુંબઈ | તા.29

સૈફ અલી ખાન અને કરીના કપૂર ખાન પરિવારની સુરક્ષાને લઈને ખૂબ જ ગંભીર બની ગયા છે. બંનેએ પાપારાઝીને વિનંતી કરી છે કે તેઓ તેમના પુત્રો તૈમુર અને જેહના ફોટા ન પાડે. સૈફ અને કરીનાના પીઆર મેનેજરે મંગળવારે સાંજે મુંબઈના ખારમાં તેમની ઓફિસમાં પાપારાઝી સાથે મીટિંગ કરી હતી. મેનેજરે ફોટોગ્રાફર્સને મીટિંગ દરમિયાન ઘરની બહાર રહેવાની પણ મનાઈ કરી છે. ઘરમાંથી બહાર નીકળતી વખતે કે પરત ફરતી વખતે એક્ટર કે તેના પરિવારના ફોટા ન લેવા પણ વિનંતી કરવામાં આવી છે. પીઆર મેનેજરે પાપારાઝીને કહ્યું કે જો કરીના અને સૈફ કોઈપણ ઈવેન્ટમાં જાય તો તેમની તસવીરો લઈ શકાય.

15 જાન્યુઆરીએ સૈફ પર ચાકુ વડે હુમલો 15 જાન્યુઆરીની મોડી રાત્રે આરોપી બાંદ્રા સ્થિત સૈફ અલી ખાનના ઘરમાં ઘૂસ્યો. આરોપીઓએ સૈફ પર છરી વડે હુમલો કર્યો હતો. તેને ગરદન, પીઠ, હાથ અને માથા સહિત છ જગ્યાએ છરા મારવામાં આવ્યા હતા. રાત્રે જ એક્ટરને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

સૈફ અને કરીનાનું નવું ઘર જ્યાં હુમલો થયો હતો હુમલા પહેલા સૈફ અને કરીના તેમના બે પુત્રો સાથે મુંબઈના બાંદ્રા સ્થિત સતગુરુ શરણ એપાર્ટમેન્ટમાં રહેતા હતા. સૈફની ફ્રેન્ડ અને ફેમસ ઈન્ટિરિયર ડિઝાઈનર દર્શિની શાહે તેને ડિઝાઈન કરી છે. જૂના ઘરની જેમ સૈફના નવા ઘરમાં પણ લાઈબ્રેરી, આર્ટ વર્ક, સુંદર ટેરેસ અને સ્વિમિંગ પૂલ છે. રોયલ લુક આપવા માટે આ એપાર્ટમેન્ટને વ્હાઈટ અને બ્રાઉન કલરમાં સજાવવામાં આવ્યું છે. બાળકો માટે નર્સરી અને થિયેટરની જગ્યા પણ છે.

16 જાન્યુઆરી: કરોડરજ્જુમાં અટવાયેલો છરીનો ટુકડો કાઢવામાં આવ્યો લીલાવતી હોસ્પિટલના ડૉક્ટરના જણાવ્યા અનુસાર, સૈફની કરોડરજ્જુમાં છરીનો ટુકડો ફસાઈ ગયો હતો અને પ્રવાહી પણ નીકળી રહ્યું હતું. તેને સર્જરી દ્વારા દૂર કરવામાં આવ્યો છે. ડૉક્ટરે કહ્યું કે જો એક્ટરની કરોડરજ્જુમાં છરી 2 મી.મી. જો તે વધુ અંદર ગયો હોત, તો કરોડરજ્જુને નુકસાન થઈ શક્યું હોત.

17 જાન્યુઆરી: સૈફને ઓપરેશન બાદ ICUમાંથી સ્પેશિયલ રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યો મુંબઈની લીલાવતી હોસ્પિટલના મુખ્ય ન્યુરોસર્જન ડૉ. નીતિન ડાંગે અને સીઓઓ ડૉ. નીરજ ઉત્તમાણીએ શુક્રવારે જણાવ્યું હતું કે સૈફને ICUમાંથી વિશેષ રૂમમાં ખસેડવામાં આવ્યો છે. તેઓ ખતરાની બહાર છે.

18 જાન્યુઆરી: પોલીસે છત્તીસગઢમાંથી એક શકમંદની ધરપકડ કરી પોલીસે શનિવારે છત્તીસગઢના દુર્ગમાંથી એક શકમંદની અટકાયત કરી હતી. આરપીએફના પ્રભારી સંજીવ સિન્હાના જણાવ્યા અનુસાર, શકમંદને શાલીમાર જ્ઞાનેશ્વરી એક્સપ્રેસમાંથી પકડવામાં આવ્યો હતો. આ વ્યક્તિ જનરલ ડબ્બામાં બેઠો હતો. મોકલવામાં આવેલા ફોટોગ્રાફ્સના આધારે તેની ઓળખ થઈ હતી.



# શ્રીદેવીની ક્રેઝી ફેન ફોલોઈંગ

## વકીલનો ખુલાસો - માત્ર એક ઝલક જોવા બિનજરૂરી રીતે એક્ટ્રેસને કોર્ટમાં બોલાવવાનો આદેશ કર્યો હતો



(એજન્સી) મુંબઈ | તા.29

હિન્દી સિનેમાની પ્રથમ મહિલા સુપરસ્ટાર ગણાતી શ્રીદેવીની ફેન ફોલોઈંગ કોઈનાથી છુપાયેલી નથી. સામાન્ય લોકો જ નહીં મોટા કલાકારો પણ શ્રીદેવીના ચાહક હતા. રજનીકાંત પણ એક્ટ્રેસને પસંદ કરતા હતા. હવે તાજેતરમાં, શ્રીદેવી માટે કામ કરતા વકીલે એક કિસ્સો શેર કર્યો જ્યારે મેજિસ્ટ્રેટે તેમને બિનજરૂરી રીતે કોર્ટમાં બોલાવ્યા કારણ કે તે શ્રીદેવીને જોવા માગતા હતા.

શ્રીદેવી માટે કામ કરનાર વકીલ મજીદ મેનને હાલમાં જ તેની ઓટોબાયોગ્રાફી બહાર પાડી છે. આમાં તેણે શ્રીદેવી, શાહરુખ અને સલમાનના ફેમસ કેસનો પણ ઉલ્લેખ કર્યો છે. દરમિયાન ઈન્ડિયન એક્સપ્રેસ સાથે વાત કરતા તેણે કહ્યું કે, એક સમયે હું શ્રીદેવીના કેસને જોઈ રહ્યો હતો. તે સમયે તે ઈન્ડસ્ટ્રીમાં ટોચ પર હતા. તેમની એક ઝલક મેળવવા લોકો ઉમટી પડતા હતા. કોર્ટના મેજિસ્ટ્રેટ પણ તેમને જોવા માંગતા હતા. મેં શ્રીદેવી વતી કેસમાંથી જામીન માટે અરજી કરી હતી, પરંતુ તે સ્વીકારવામાં આવી ન હતી. મેજિસ્ટ્રેટ મને મારા અસીલને કોર્ટમાં રજૂ કરવા કહ્યું હતું, કારણ કે તેઓ શ્રીદેવીને જોવા માંગતા હતા. આખરે જ્યારે તેઓ કોર્ટમાં આવ્યા ત્યારે ભીડ બેકાબૂ થઈ ગઈ હતી. વાતચીત દરમિયાન મજીદ મેનને એ પણ જણાવ્યું કે આ કેસમાં ગ્લેમર ઉમેરવા માટે જ ઈન્ડસ્ટ્રીના ફેમસ ભરત શાહમાં શાહરુખ ખાન અને સલમાન ખાનના નામ ઉમેરવામાં આવ્યા હતા. મજીદ મેનને પોતાની આત્મકથામાં પણ આ કેસનો ઉલ્લેખ કર્યો છે. શું હતો ભરત શાહ કેસ? 2001માં અંડરવર્લ્ડ ડોન છોટા શકીલની નજીક હોવાના કારણે ફિલ્મમેકર ભરત શાહની ધરપકડ કરવામાં આવી હતી.

## આ વર્ષે 28મી નવેમ્બરે રીલિઝ કરાશે...

# તેરે ઈશ્ક મેં માં ધનુષ સાથે હિરોઈન તરીકે ક્રિતી સેનનની એન્ટ્રી...



મુંબઈ : આનંદ એલ રાયની ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'માં ધનુષ સાથે હિરોઈન તરીકે ક્રિતી સેનન હશે એવી સત્તાવાર ઘોષણા કરી દેવામાં આવી છે. આજે ફિલ્મનું ટીઝર રીલિઝ કરાયું હતું. તેમાં ક્રિતીને લીડ હિરોઈન તરીકે દર્શાવાઈ હતી. ફિલ્મ આગામી તા. ૨૮મી નવેમ્બરે રીલિઝ કરવાની જાહેરાત પણ કરાઈ હતી. 'તનુ વેડ્સ મનુ' અને 'રાંઝણા' સહિતની ફિલ્મો બનાની ચૂકેલા આનંદ એલ રાયની આ ફિલ્મ માટે હંમેશ મુજબ હિમાંશુ શર્માએ સ્ક્રીન પ્લે લખ્યો છે એ. આર. રહેમાનનું મ્યુઝિક હશે અને ઈરશાદ કામિલનાં ગીતો હશે.

# સોની સબની 'વાગલે કી દુનિયા' એક અદભૂત વળાંકનું અનાવરણ કરે છે

## કારણ કે રાજેશ વાગલે ભવિષ્યની આગાહી કરવાની એક રહસ્યમય શક્તિ મેળવે છે!

મુંબઈ : સોની સબની 'વાગલે કી દુનિયા - નયી પીઢી નયે કિસ્સે' ટેલિવિઝન પર એક સીમાચિહ્ન શો રહ્યો છે, જેણે 2021 માં તેની શરૂઆત થઈ ત્યારથી તેના સંબંધિત પાત્રો અને અસરકારક વાર્તા કહેવા સાથે હૃદય જીત્યું છે. મનોરંજક વાર્તાઓ દ્વારા સતત પુનઃશોધ કરવાની ક્ષમતા માટે જાણીતા, આ શોએ તાજેતરમાં 'રિશ્તો કા રિસ્ટાર્ટ' થીમ હેઠળ માતાપિતા અને બાળકો વચ્ચેના વિકસતા સંબંધો પર પ્રકાશ પાડ્યો છે. આ તબક્કાએ સુંદર રીતે દર્શાવ્યું કે કેવી રીતે માતાપિતાએ સતત બદલાતી દુનિયામાં તેમના બાળકો સાથે વિકાસ કરવો જોઈએ. વાગલે કી દુનિયા હવે એક રસપ્રદ અને અનોખી વાર્તા સાથે નવા યુગમાં પ્રવેશ કરી રહી છે જે દર્શકોને આકર્ષિત રાખવાનું વચન આપે છે. તેજસ્વી સુમિત રાઘવન દ્વારા ભજવવામાં આવેલા શોના મુખ્ય પાત્ર રાજેશ વાગલે, એક સુપરપાવર – ભવિષ્યમાં જોવાની ક્ષમતા મેળવવાની તૈયારીમાં છે. આ નવી શક્તિ શોમાં એક નવી ગતિશીલતા ઉમેરે છે, જ્યાં રાજેશની અસાધારણ ભેટને ધ્યાનમાં રાખીને નવા અનુભવો પ્રગટ થાય છે. તાજેતરમાં લોન્ચ થયેલા પ્રોમોએ ચાહકોમાં અપેક્ષા જગાવી છે, જેમાં 'કલ ક્યા હોગા કિસકો પતા' ની નોસ્ટાલ્જિક ટ્યુન દર્શાવવામાં આવી છે. રાજેશ આત્મવિશ્વાસથી કહે છે, 'મુજ્હે પતા હૈ!', જેનાથી પ્રેક્ષકો જાણવા માટે ઉત્સુક બને છે કે આ અદ્ભુત ક્ષમતા તેની સફર અને શોના વર્ણનને કેવી રીતે આકાર આપશે. પ્રોમોથી રાજેશ આ નવી શક્તિનો ઉપયોગ કેવી રીતે કરશે તે આકર્ષક પ્રશ્ન ઉભો થાય છે. શું તે નિયતિને બદલી શકશે અને આ ક્ષમતાનો વધુ સારા માટે ઉપયોગ કરી શકશે, અથવા આ ભેટ અનપેક્ષિત પડકારો લાવશે? સુમિત રાઘવન, જે રાજેશ વાગલેની ભૂમિકા ભજવે છે, તેમણે કહ્યું, 'રાજેશ વાગલે એક પાત્ર છે જે ખરેખર રોજિંદા વ્યક્તિના સારને મૂર્ત બનાવે છે, જે તેને અમારા દર્શકો માટે ખૂબ જ સંબંધિત બનાવે છે. જ્યારે રાજેશની ભવિષ્યની ઝલક આપવાની ક્ષમતા અસાધારણ સંભવિતતા લાવે છે, પરંતુ તે નોંધપાત્ર જવાબદારી પણ લાવે છે. જેમ કહેવત છે, મહાન શક્તિ સાથે મોટી જવાબદારી આવે છે. તેને વિવિધ પડકારોનો સામનો કરવો પડશે, પરંતુ જે વસ્તુ તેને સંબંધિત બનાવે છે તે તેના મૂળ મૂલ્યો પ્રત્યે સાચા રહેતી વખતે આ અવરોધોને નેવિગેટ કરવાની તેની પ્રતિબદ્ધતા છે. વળી, તે જોવાનું રોમાંચક છે કે તે કેવી રીતે આ નવી શક્તિનો ઉપયોગ તેની આસપાસની દુનિયાને સકારાત્મક રીતે પ્રભાવિત કરવા માટે કરી શકે છે. આ આર્ક ફક્ત મનોરંજન જ નહીં, પણ વિચારશીલ ચિંતન પણ ઉત્તેજિત કરશે, અને હું દર્શકોને તેનો અનુભવ થાય તેની રાહ જોઈ શકતો



# ફરી એકવાર સલમાન આઈકોનિક અવતારમાં જોવા મળશે...

## ફિલ્મમેકર સૂરજ બડજાત્યાએ કહ્યું- આ વખતે પ્રેમનું પાત્ર વધુ મેચ્યોર હશે



(એજન્સી) મુંબઈ | તા.29

ફિલ્મમેકર સૂરજ બડજાત્યાએ તાજેતરમાં કન્ફર્મ કર્યું છે કે તે ટૂંક સમયમાં ફરી એકવાર સલમાન ખાન સાથે કામ કરશે. એક ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું હતું કે તે ફરી એકવાર સલમાનને પ્રેમના રૂપમાં દર્શકોની સામે લાવશે, પરંતુ આ વખતે તેના પાત્રમાં ઘણી નવી વસ્તુઓ જોવા મળશે.

સૂરજ બડજાત્યાએ જણાવ્યું કે તે સલમાન ખાન સાથે એક નવા પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. આ પ્રોજેક્ટ ચોક્કસપણે કામ કરવામાં આવશે, પરંતુ તેમાં થોડો સમય લાગશે.

સૂરજ બડજાત્યાએ આગળ કહ્યું, હવે આપણે સ્વીકારવું પડશે કે મારી અને સલમાન બંનેની ઉંમર થઈ ગઈ છે. હવે મારે નવો 'પ્રેમ' બનાવવો પડશે. આ વખતે આપણો પ્રેમ વધુ મેચ્યોર હશે.

પ્રેમ નામ સલમાનની ઓળખ બની ગયું હતું આજે સલમાનની ઈમેજ ચાહકોમાં દબંગ, ભાઈજાન, ટાઈગર અને સુલતાન તરીકે ઓળખાય છે, પરંતુ એક સમય હતો જ્યારે તે 'પ્રેમ'ના નામથી ઓળખાતો હતો. પોતાની ત્રણ દાયકા લાંબી કારકિર્દીમાં, સલમાને 85 થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે, જેમાંથી 15 ફિલ્મોમાં તેનું સ્ક્રીન નેમ 'પ્રેમ' હતું. આ સફરની શરૂઆત સૂરજ બડજાત્યાની ફિલ્મ 'મૈંને પ્યાર કિયા'થી થઈ હતી.

સલમાન ખાને 1989માં સૂરજ બડજાત્યાની ફિલ્મ 'મૈંને પ્યાર કિયા'થી હીરો તરીકે પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. આ પછી તે સૂરજની ફિલ્મ 'હમ આપકે હૈ કૌન', 'હમ સાથ સાથ હૈ' અને 'પ્રેમ રતન ધન પાયો'માં પણ જોવા મળ્યો હતો. આ બધી ફિલ્મોમાં તેનું નામ પ્રેમ હતું.

સૂરજે OTT પ્લેટફોર્મ પર ડેબ્યૂ કર્યું સૂરજ બડજાત્યાએ વેબ સીરિઝ 'બડા નામ કરેંગે'થી OTTમાં ડેબ્યૂ કર્યું છે. આ એક સામાન્ય છોકરા-છોકરીની વાર્તા છે, જે શહેરમાં આવીને પોતાની ઓળખ બનાવે છે. આ શ્રેણી 7મી ફેબ્રુઆરીએ સોની લિવ પર પ્રસારિત થશે. આ એક પ્યોર લવ સ્ટોરી છે જેમાં તમને સૂરજ બડજાત્યાના ડિરેક્શનની ઝલક જોવા મળશે.

# IND Vs ENG: રાજકોટમાં આ ખેલાડીઓએ બગાડી મેચ





(એજન્સી) મુંબઈ તા 29

રાજકોટમાં સિરીઝમાં 3-0ની અજેય લીડ મેળવવાનું ટીમ ઈન્ડિયાનું સ્વપ્ન સાકાર થઈ શક્યું નહીં. ઈંગ્લેન્ડે શાનદાર પ્રદર્શન કર્યું અને ત્રીજી T20માં ટીમ ઈન્ડિયાને 26 રને હરાવ્યું. આ જીત સાથે, ઈંગ્લિશ ટીમે સિરીઝમાં પણ પોતાને જીવંત રાખી છે. પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 171 રન બનાવ્યા હતા, જેના જવાબમાં ભારતીય ટીમ 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 145 રન જ બનાવી શકી હતી. ઈંગ્લેન્ડ તરફથી બેન ડકેટે અડધી સદી ફટકારી હતી, જ્યારે બોલિંગમાં જેમી ઓવરટને ત્રણ વિકેટ લીધી હતી. તમને તે ખેલાડીઓના નામ જણાવીએ જેમના કારણે રાજકોટમાં જીત હાથમાંથી નીકળી ગઈ. હાર્દિક પંડ્યા તેની વિસ્ફોટક બેટિંગ માટે જાણીતો છે. પરંતુ રાજકોટમાં હાર્દિક તેની રમતથી બિલકુલ વિરુદ્ધ રમતા જોવા મળ્યો. 40 રન બનાવવા માટે હાર્દિકે 35 બોલનો સામનો કર્યો. આ સાથે, જ્યારે ટીમને તેના તરફથી કેટલાક વિસ્ફોટક શોટ્સની જરૂર હતી, ત્યારે તેને પોતાની વિકેટ ભેટ તરીકે આપી દીધી. વચ્ચેની ઓવરોમાં હાર્દિકની ધીમી ઈનિંગ્સ ભારતીય ટીમ માટે ખૂબ જ મોંઘી સાબિત થઈ અને જીત તેમના હાથમાંથી સરકી ગઈ. ત્રીજી T20 માં વોશિંગ્ટન સુંદર બોલ કે બેટથી કોઈ જાદુ બતાવી શક્યો નહીં. બોલિંગમાં સુંદરે એક ઓવર નાખી અને તેમાં 15 રન આપ્યા. આ પછી તેને બેટિંગ ક્રમમાં પ્રમોશન આપવામાં આવ્યું, પરંતુ તે તેનો ફાયદો ઉઠાવી શક્યો નહીં. અક્ષર પટેલ અને ધ્રુવ જુરેલની સામે બેટિંગ કરવા આવતા, સુંદરે 15 બોલમાં ફક્ત 6 રન બનાવ્યા. સુંદરની ધીમી બેટિંગને કારણે હાર્દિક પર પણ વધુ દબાણ વધવા લાગ્યું. સંજુ સેમસન અને કેપ્ટન સૂર્યકુમાર યાદવ સતત ત્રીજી મેચમાં બેટિંગમાં ખરાબ રીતે નિષ્ફળ ગયા. સંજુ પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે તે આ મેચમાં ટીમને ધમાકેદાર શરૂઆત આપશે, પરંતુ એવું થઈ શક્યું નહીં. સેમસન માત્ર 3 રન બનાવીને આઉટ થયો. આ સાથે, કેપ્ટન સૂર્યા પણ બેદરકાર શોટ રમીને પેવેલિયન પરત ફર્યો. સૂર્યકુમાર 7 બોલનો સામનો કરીને અને 14 રન બનાવીને આઉટ થયો. જો સૂર્યાએ થોડી જવાબદારી સાથે રમી હોત અને ઈનિંગ્સ બનાવવાનો પ્રયાસ કર્યો હોત, તો કદાચ મેચનું પરિણામ અલગ હોત.

# ચક્રવર્તીના ચક્રવ્યૂહમાં ફસાયું ઈંગ્લેન્ડ રાજકોટમાં વરુણે મચાવી ધૂમ



(એજન્સી) મુંબઈ તા 29

રાજકોટમાં પણ ઈંગ્લેન્ડના બેટ્સમેનો વરુણ ચક્રવર્તીના જાળમાં ફસાયેલા રહ્યા. વરુણે પાંચ વિકેટ લઈને ઈંગ્લેન્ડની બેટિંગ ઓર્ડર ધ્વસ્ત કરી દીધો. ઈંગ્લેન્ડના બેટ્સમેન વરુણના સ્પિન પર હેરાન થતાં જોવા મળ્યા. વરુણે શાનદાર બોલિંગ કરી અને જોસ બટલર, જેમી સ્મિથ, ઓવરટન, બ્રાયડન કાર્સ અને જોફ્રા આર્ચરને પેવેલિયન મોકલ્યા. આ સિરીઝમાં ઈંગ્લેન્ડના બેટ્સમેન માટે વરુણ ચક્રવર્તી એક વણઉકેલાયેલ રહસ્ય રહ્યું છે. પહેલી બે મેચમાં 5 વિકેટ લીધા બાદ ભારતીય સ્પિનરનો જાદુ ત્રીજા T20 આંતરરાષ્ટ્રીય મેચમાં કમાલ કામ કરી ગયો. વરુણે જોસ બટલરને પોતાનો પહેલો શિકાર બનાવ્યો. આ પછી, વરુણે જેમી સ્મિથને પણ પેવેલિયનનો રસ્તો બતાવ્યો, જ્યારે જેમી ઓવરટન પહેલા જ બોલ પર રહસ્યમય સ્પિનર દ્વારા ક્લીન બોલ્ડ થયો. વરુણના સ્પિનિંગ બોલને સમજવામાં ઈંગ્લેન્ડ નિષ્ફળ બ્રાયડન કાર્સ પણ વરુણના સ્પિનમાં ફસાઈ ગયો અને માત્ર 3 રન બનાવીને આઉટ થઈ ગયો. જોફ્રા આર્ચર પણ વરુણના સ્પિનિંગ બોલને સમજવામાં નિષ્ફળ ગયો અને ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયો. વરુણે તેના 4 ઓવરના સ્પેલમાં 24 રન આપીને 5 વિકેટ લીધી. આ બીજી વખત છે જ્યારે વરુણે T20 માં એક ઈનિંગમાં પાંચ વિકેટ લીધી છે.ત્રીજા T20 મેચમાં પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 171 રન બનાવ્યા હતા. ટીમ માટે બેન ડકેટે શાનદાર બેટિંગ કરી અને 28 બોલમાં 51 રનની ઝડપી ઈનિંગ રમી. લિયામ લિવિંગસ્ટને 24 બોલનો સામનો કરીને 43 રન બનાવ્યા. કેપ્ટન જોસ બટલરે 24 રનનું યોગદાન આપ્યું. ઈંગ્લેન્ડે 147 રનના સ્કોર પર પોતાની નવમી વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ આદિલ રશીદ અને માર્ક વુડે શાનદાર બેટિંગ કરી અને મહત્વપૂર્ણ 24 રન ઉમેર્યા, જેના કારણે ટીમ સન્માનજનક સ્કોર સુધી પહોંચી શકી.

# મોહમ્મદ શમીનું 14 મહિના બાદ ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ-11માં કમબેક

(એજન્સી) મુંબઈ તા 29

રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પાંચ મેચની T20 સિરીઝની ત્રીજી મેચ રમાઈ રહી છે. ટીમ ઈન્ડિયા આ સિરીઝમાં હાલમાં 2-0થી આગળ છે. શ્રેણીની ત્રીજી મેચ માટે, ટીમ ઈન્ડિયાએ પ્લેઈંગ 11માં મોટો ફેરફાર કર્યો છે. ભારતીય ઝડપી બોલર મોહમ્મદ શમીની ભારતીય ટીમના પ્લેઈંગ 11માં વાપસી થઈ છે. ભારતીય ઝડપી બોલર મોહમ્મદ શમીની ભારતીય ટીમના પ્લેઈંગ 11માં વાપસી સાથે ભારતીય ચાહકોની 14 મહિનાની રાહનો અંત આવ્યો છે. મોહમ્મદ શમીએ આ પહેલા 2023 ODI વર્લ્ડ કપ દરમિયાન ટીમ ઈન્ડિયા માટે તેની છેલ્લી મેચ રમી હતી. મોહમ્મદ શમી ODI વર્લ્ડ કપ 2023 દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. ત્યારથી તે ટીમ ઈન્ડિયાની બહાર હતો. આ પછી ફેબ્રુઆરી 2024માં તેણે પગની ઘૂંટીની સર્જરી કરાવવી પડી. ત્યારબાદ તેણે ડોમેસ્ટિક ક્રિકેટ રમીને પોતાની ફિટનેસ ટેસ્ટ કરી અને ટીમ ઈન્ડિયામાં વાપસી કરી. હવે તે પ્લેઈંગ 11માં પણ પરત ફર્યો છે. શમી લાંબા સમય બાદ ભારતીય ટીમ માટે T20 મેચ રમવા આવ્યો છે. 2022 T20 વર્લ્ડ કપ પછી આ પ્રથમ વખત છે જ્યારે તે ભારત માટે T20 મેચ રમી રહ્યો છે. મોહમ્મદ શમીએ આ મેચ પહેલા ટીમ ઈન્ડિયા માટે માત્ર 23 T20 મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન, તેણે 8.94ની ઈકોનોમીથી રન આપ્યા છે અને માત્ર 24 વિકેટ લીધી છે. T20માં શમીની વાપસીથી તેની ફિટનેસ કેવી છે તે જાણી શકાશે. મોહમ્મદ શમીને ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં મોહમ્મદ શમી માટે તેનું ફોર્મ પાછું મેળવવા માટે આ શ્રેણી ખૂબ જ મહત્વપૂર્ણ છે. શમી છેલ્લા કેટલાક સમયથી ડોમેસ્ટિક ક્રિકેટ રમી રહ્યો હતો. પરંતુ આ દરમિયાન તેના ઘૂંટણમાં થોડો સોજો આવી ગયો હતો, જેના કારણે તેની ટીમ ઈન્ડિયામાં વાપસીમાં પણ વિલંબ થયો હતો.

# ઉત્તરાખંડમાં 38માં રાષ્ટ્રીય રમતોનું મોદીએ ઉદ્ઘાટન કર્યું

(એજન્સી) મુંબઈ તા 29

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઉત્તરાખંડમાં 38માં રાષ્ટ્રીય રમતોનું ઉદ્ઘાટન કર્યું છે. આ પહેલા અલ્મોરાના રહેવાસી ભારતીય બેડમિન્ટન સ્ટાર લક્ષ્ય સેને વડાપ્રધાનને રાષ્ટ્રીય રમતોની તેજસ્વીની મશાલ સોંપી હતી. રાષ્ટ્રીય રમતોમાં લગભગ 10,000 ખેલાડીઓ 32 રમતોમાં મેડલ જીતવા માટે પડકાર ફેંકશે. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે દેશમાં રમતગમતનો એક સુંદર ગુલદસ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેમાં દરેક ઋતુમાં ફૂલો ખીલે છે અને ટુર્નામેન્ટ સતત યોજાતી રહે છે. દેહરાદૂન ખાતે 38માં રાષ્ટ્રીય રમતોના ઉદ્ઘાટન પ્રસંગે પીએમ મોદીએ વધુમાં કહ્યું કે હોકીના જૂના ભવ્ય દિવસો પાછા ફરી



રહ્યા છે. આપણી ખો-ખો ટીમે વર્લ્ડ કપ જીત્યો છે. ગુકેશે વિશ્વ ચેસ ચેમ્પિયનશિપ જીતીને દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી છે. જ્યારે કોઈ દેશ રમતગમતમાં પ્રગતિ કરે છે, ત્યારે દેશની વિશ્વસનીયતા અને પ્રોફાઈલ પણ વધે છે. અમે ખેલાડીઓ માટે વધુને વધુ તકો ઉભી કરી રહ્યા છીએ, જેથી તેઓ તેમની ક્ષમતાઓમાં વધુ વધારો કરી શકે. પીએમએ વધુમાં કહ્યું કે આ સફળતા દર્શાવે છે કે ભારતમાં રમતગમત હવે કોઈ અભ્યાસેતર પ્રવૃત્તિ નથી રહી, પરંતુ તે એક મુખ્ય કારકિર્દી વિકલ્પ તરીકે ઉભરી આવી છે. જેમ આપણા ખેલાડીઓ મોટા લક્ષ્યો સાથે આગળ વધે છે, તેમ આપણો દેશ પણ મોટા સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે. ભારત 2036 ઓલિમ્પિકનું આયોજન કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યું છે અને જ્યારે ઓલિમ્પિક ભારતમાં થશે, ત્યારે તે ભારતીય રમતોને નવી ઊંચાઈઓ પર લઈ જશે. તેમણે કહ્યું કે અહીં ઘણા રેકોર્ડ તૂટશે, નવા રેકોર્ડ પણ બનશે પરંતુ આ રાષ્ટ્રીય રમતો માત્ર એક રમતગમત સ્પર્ધા નથી, પરંતુ ’એક ભારત, શ્રેષ્ઠ ભારત’ માટે એક મજબૂત પ્લેટફોર્મ છે. તમારે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ કે તમારો મેડલ ભારતની એકતા અને શ્રેષ્ઠતાની ચમકને પ્રતિબિંબિત કરે. સ્વસ્થ શરીર જ સ્વસ્થ મન અને સ્વસ્થ રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે.

વડાપ્રધાને યુસીસી લાગુ કરવા બદલ ઉત્તરાખંડ સરકારને પણ અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું કે હું ઉત્તરાખંડની ભાજપ સરકારને આ ઐતિહાસિક પગલા માટે અભિનંદન આપું છું. પીએમએ યુસીસીને ધર્મનિરપેક્ષ નાગરિક સંહિતા તરીકે પણ વર્ણવ્યું અને કહ્યું કે આ કાયદો આપણી દીકરીઓ, માતાઓ અને બહેનોના ગૌરવપૂર્ણ જીવનનો આધાર બનશે અને બંધારણની ભાવના પણ મજબૂત થશે

# વિરાટ કોહલીએ દિલ્હી પહોંચતા જ મચાવી ધૂમ

(એજન્સી) મુંબઈ તા 29

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી પણ રણજી ટ્રોફી રમવા માટે તૈયાર છે. આ માટે કોહલી તેની હોમ ટીમ દિલ્હી સાથે જોડાયો છે. રણજી ટ્રોફીના બીજા તબક્કામાં દિલ્હી રેલવે સામે છેલ્લી લીગ મેચ રમશે. આ પહેલા વિરાટ કોહલીએ ટીમના ખેલાડીઓ સાથે પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. મુંબઈમાં સંજય બાંગરની દેખરેખ હેઠળ બેટિંગની પ્રેક્ટિસ કર્યા પછી, કોહલી હવે દિલ્હી પહોંચી ગયો છે અને દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ટીમ સાથે પ્રેક્ટિસ સેશનમાં ભાગ લેતી વખતે તેને ખૂબ મજા કરી. મુંબઈમાં બેટિંગની પ્રેક્ટિસ કરતો વિરાટ કોહલીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આમાં વિરાટ ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ બેટિંગ કોચ સંજય બાંગર સાથે જોવા મળ્યો હતો. પરંતુ હવે દિલ્હીમાં તેની દિલ્હી રણજી ટીમમાં જોડાયા પછી, તે સ્ટેડિયમમાં ખેલાડીઓ સાથે મસ્તી કરતો જોવા મળ્યો. તે દિલ્હીના ખેલાડીઓ સાથે ફૂટબોલ પણ રમતો હતો. હવે કોહલીના આ નવા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. રણજી ટ્રોફીના બીજા તબક્કામાં દિલ્હીએ 23 જાન્યુઆરીથી સૌરાષ્ટ્ર સામે તેની પહેલી મેચ રમી હતી. આ મેચમાં કોહલી પણ રમવાનો હતો પરંતુ તેને ગરદનની ઈજાનો સામનો કરવો પડ્યો હતો પરંતુ હવે તે રેલવે સામે દિલ્હીની છેલ્લી લીગ મેચમાં રમશે. આ મેચ 30 જાન્યુઆરીથી શરૂ થશે. આ સાથે વિરાટ 13 વર્ષ પછી રણજીમાં વાપસી કરશે. આ દ્વારા, કોહલી તેના ખરાબ ફોર્મમાંથી વાપસી કરવાનો પણ પ્રયાસ કરશે. વિરાટ 2024માં ટેસ્ટ ક્રિકેટમાં ખરાબ ફોર્મમાંથી પસાર થતો રહ્યો પરંતુ હવે તે રણજીમાં રન બનાવવા માટે સખત મહેનત કરી રહ્યો છે. હવે જોવાનું એ છે કે રણજીમાં તેનું બેટ કેવું પ્રદર્શન કરે છે.



# જસપ્રીત બુમરાહએ રચ્યો ઈતિહાસ, પ્રથમ ભારતીય ફાસ્ટ બોલરે જીત્યો આ એવોર્ડ



મુંબઈ | ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને ICC મેન્સ ક્રિકેટર ઓફ ધ યર બનવા બદલ પ્રતિષ્ઠિત સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડથી નવાજવામાં આવ્યો. તાજેતરમાં જ જસપ્રીત બુમરાહને ICC મેન્સ ક્રિકેટર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. જસપ્રીત બુમરાહ ઉપરાંત, ઈંગ્લેન્ડના હેરી બ્રુક, જો રૂટ અને ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડને ICC મેન્સ ક્રિકેટર ઓફ ધ યર માટે નામાંકિત કરવામાં આવ્યા હતા, પરંતુ ભારતીય ફાસ્ટ બોલરે ત્રણેયને હરાવીને એવોર્ડ જીત્યો. રાહુલ દ્રવિડ સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય છે. રાહુલ દ્રવિડને 2004 માં સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ પછી સચિન તેંડુલકરને 2010 માં સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડથી નવાજવામાં આવ્યા. જ્યારે, રવિ અશ્વિને વર્ષ 2016 માં સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડ જીત્યો હતો. જ્યારે વિરાટ કોહલીએ 2017 અને 2018 માં સતત બે વર્ષ સુધી આ એવોર્ડ જીત્યો હતો. જસપ્રીત બુમરાહે વર્ષ 2024 માં શાનદાર બોલિંગ પ્રદર્શન રજૂ કર્યું. ગયા વર્ષે જસપ્રીત બુમરાહ સૌથી વધુ ટેસ્ટ વિકેટ લેનાર બોલર હતો. જસપ્રીત બુમરાહે 13 ટેસ્ટ મેચમાં 14.92 ની એવરેજથી 71 વિકેટ લીધી હતી. તાજેતરમાં, તેને ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં 32 વિકેટ લીધી હતી. આ સિરીઝમાં, જસપ્રીત બુમરાહ સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની લિસ્ટમાં ટોપ પર હતો. ભારતે 2024 ના T20 વર્લ્ડકપની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટાઈટલ જીત્યું. આ આખી ટુર્નામેન્ટમાં બુમરાહનું પ્રદર્શન અદ્ભુત રહ્યું. બુમરાહે 2024ના T20 વર્લ્ડ કપમાં બોલિંગ કરતી વખતે 15 વિકેટ લીધી હતી. જેના માટે તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પણ પસંદ કરવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયા સાથે રમાયેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં જસપ્રીત બુમરાહે શાનદાર બોલિંગ પ્રદર્શન કર્યું. પાંચ મેચની આ સિરીઝમાં બુમરાહે બોલિંગ કરતી વખતે 32 વિકેટ લીધી હતી.

## જસપ્રીત બુમરાહે સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડ જીતીને રચ્યો ઈતિહાસ

જસપ્રીત બુમરાહ પહેલા રાહુલ દ્રવિડ સિવાય સચિન તેંડુલકર, રવિ અશ્વિન અને વિરાટ કોહલી ભારત માટે પ્રતિષ્ઠિત સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડ જીતી ચૂક્યા છે. વિરાટ કોહલીએ આ પ્રતિષ્ઠિત એવોર્ડ બે વાર જીત્યો છે. પરંતુ આ પહેલી વાર છે જ્યારે કોઈ ભારતીય ફાસ્ટ બોલરે સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડ જીત્યો છે.

# ICC મહિલા અંડર-19 T20 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની વર્લ્ડકપમાં સૌથી મોટી જીત



(એજન્સી) મુંબઈ તા 29

મલેશિયામાં યોજાઈ રહેલા ICC મહિલા અંડર-19 T20 વર્લ્ડ કપમાં ભારતીય ટીમ શાનદાર પ્રદર્શન કરી રહી છે. ટીમ ઈન્ડિયાએ ગ્રુપ સ્ટેજમાં એક પણ મેચ હાર્યા વિના સુપર સિક્સમાં સ્થાન મેળવ્યું હતું અને હવે તેણે આ સ્ટેજની શરૂઆત જીત સાથે કરી છે. ભારતે સુપર સિક્સ મેચમાં સ્કોટલેન્ડને શાનદાર હરાવ્યું, જે વર્લ્ડ કપમાં તેનો સૌથી મોટો વિજય 150 રનના માર્જિનથી નોંધાવ્યો. મેચમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં 208/1 રન બનાવ્યા, જેના જવાબમાં સ્કોટલેન્ડ 14 ઓવરમાં માત્ર 58 રનમાં ઓલઆઉટ થઈ ગયું. સ્કોટલેન્ડે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો, જે સંપૂર્ણ ભૂલ સાબિત થઈ. ભારતીય ટીમ તરફથી ઈનિંગ્સની શરૂઆત કરવા આવેલા જી કમલિની અને ગોગાડી ત્રિશાએ શાનદાર બેટિંગ કરી. બંનેએ સાથે મળીને વિરોધી બોલરો માટે મુશ્કેલી ઉભી કરી અને પ્રથમ વિકેટ માટે 147 રન બનાવ્યા. કમલિનીની વિકેટ 14મી ઓવરમાં પડી અને તે 42 બોલનો સામનો કરીને આઉટ થઈ, જેમાં 9 ચોગ્ગાની મદદથી 51 રન બનાવ્યા.ત્રિશાએ જબરદસ્ત સ્ટાઈલમાં બેટિંગ કરવાનું ચાલુ રાખ્યું અને પોતાની અડધી સદીને સદીમાં ફેરવી દીધી. તે ટુર્નામેન્ટના ઈતિહાસમાં સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન પણ બની. ત્રિશા અંત સુધી અણનમ રહી અને 59 બોલમાં 110 રન બનાવ્યા, જેમાં 13 ચોગ્ગા અને 4 છગ્ગાનો સમાવેશ થાય છે. સાનિકા ચાલકેએ પણ 20 બોલમાં પાંચ ચોગ્ગાની મદદથી 29 રનની અણનમ ઈનિંગ રમી. સ્કોટલેન્ડ તરફથી એકમાત્ર વિકેટ મેસી મેસેઈરાને ગઈ. લક્ષ્યનો પીછો કરતી વખતે સ્કોટલેન્ડનો દાવ શરૂઆતથી જ નિષ્ફળ ગયો.

## નેતન્યાહુ 4 ફેબ્રુઆરીએ વ્હાઈટ હાઉસ પહોંચશે; ટ્રમ્પની નવી સરકારમાં પ્રથમ મહેમાન બનશે

# ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલના PMને આમંત્રણ આપ્યું...

(એજન્સી) વોશિંગ્ટન | તા 29

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને અમેરિકા આવવાનું આમંત્રણ આપ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ 4 ફેબ્રુઆરીના રોજ વ્હાઈટમાં નેતન્યાહૂની યજમાની કરશે. વ્હાઈટ હાઉસ અને નેતન્યાહુએ મંગળવારે આ જાણકારી આપી હતી.

ટ્રમ્પના બીજા કાર્યકાળમાં કોઈ વિદેશી રાજનેતાની આ પ્રથમ સત્તાવાર મુલાકાત હશે. ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં નેતન્યાહૂએ જણાવ્યું હતું કે, તે ઈઝરાયલ અને તેના પડોશીઓ વચ્ચે શાંતિ લાવવા અને દુશ્મનોનો સંયુક્ત રીતે સામનો કરવા ટ્રમ્પ સાથે વાતચીત કરવા આતુર છે. ગયા વર્ષની શરૂઆતમાં ટ્રમ્પ અને નેતન્યાહૂ ચાર વર્ષ પછી મળ્યા હતા.

CNNના અહેવાલ મુજબ, અમેરિકા ઈઝરાયલ અને હમાસ પર યુદ્ધવિરામ ચાલુ રાખવા માટે સતત દબાણ કરી રહ્યું છે. આ સંદર્ભમાં, ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચેની મુલાકાત ખૂબ જ ખાસ છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે 15 મહિનાના યુદ્ધ બાદ 19 જાન્યુઆરીએ યુદ્ધવિરામ શરૂ થયો હતો. આ દરમિયાન બંધકોની આપ-લે કરવામાં આવી રહી છે. 3 ફેબ્રુઆરીથી યુદ્ધવિરામના આગલા તબક્કાની ચર્ચા થવાની છે. તેનો હેતુ યુદ્ધને કાયમ માટે બંધ કરવાનો છે.

બીજી તરફ નેતન્યાહુ પણ અમેરિકાના રાષ્ટ્રપતિ સાથે હથિયારોની સપ્લાય પર વાત કરી શકે છે. બાઈડને પોતાના કાર્યકાળ દરમિયાન ઈઝરાયલ પર દબાણ લાવવા માટે મોટા બોમ્બનો સપ્લાય બંધ કરી દીધો હતો.

આ મહિને શપથ ગ્રહણ કરતા પહેલા ટ્રમ્પે મિડલ ઈસ્ટમાં તેમના વિશેષ પ્રતિનિધિ સ્ટીવ વિટકોફને પ્રદેશમાં મોકલ્યા હતા.



**યુદ્ધવિરામ પછી પેલેસ્ટિનિયનો ઉત્તર ગાઝા પાછા ફર્યા:** ઈઝરાયલ-હમાસના 15 મહિના બાદ રાફા બોર્ડર અને દક્ષિણ ગાઝા વિસ્તારમાંથી 3 લાખથી વધુ પેલેસ્ટિનિયન નાગરિકો ઉત્તર ગાઝા પરત ફર્યા છે. 19 જાન્યુઆરીએ યુદ્ધવિરામ બાદ 27 જાન્યુઆરીએ ઈઝરાયલે પેલેસ્ટિનિયન નાગરિકોને ઉત્તર ગાઝામાં પરત ફરવાની મંજૂરી આપી હતી.

યુદ્ધ શરૂ થયા પછી, 10 લાખથી વધુ લોકો દક્ષિણ તરફ ગયા હતા. અલ જઝીરાના રિપોર્ટ અનુસાર, ગાઝામાં ઈઝરાયલના હુમલાને કારણે 47 હજારથી વધુ લોકો માર્યા ગયા છે, જ્યારે 1.10 લાખથી વધુ લોકો ઘાયલ થયા છે.

યુદ્ધવિરામ ડીલ હેઠળ એ નક્કી કરવામાં આવ્યું હતું કે ઈઝરાયલ 25 જાન્યુઆરીથી પેલેસ્ટિનિયનોને ઉત્તર ગાઝામાં પાછા ફરવા દેશે. જો કે, ઈઝરાયલ અને હમાસ વચ્ચેના વિવાદને કારણે તેમાં 2 દિવસનો વિલંબ થયો હતો.

## લેન્ડિંગ દરમિયાન અકસ્માત; પાઈલટે પેરાશૂટથી પોતાનો જીવ બચાવ્યો...

# અમેરિકાનું F35 ફાઈટર પ્લેન અલાસ્કામાં ક્રેશ

અલાસ્કા | અમેરિકાનું એક એડવાન્સ્ડ ફાઈટર પ્લેન F35 મંગળવારે અલાસ્કામાં ક્રેશ થયું છે. પ્લેનના પાઈલટે પેરાશૂટની મદદથી પોતાનો જીવ બચાવ્યો હતો. અલાસ્કાના એયેલ્સન એરફોર્સ બેઝ પર ટ્રેનિંગ દરમિયાન આ અકસ્માત થયો હતો. દુર્ઘટના બુધવારે ભારતીય સમય અનુસાર સવારે 3:19 વાગ્યે (મંગળવારે સ્થાનિક સમય અનુસાર 12:49 વાગ્યે) થઈ હતી.

એરફોર્સની 354મી ફાઈટર વિંગના કમાન્ડર કર્નલ પોલ ટાઉનસેન્ડે એક પ્રેસ-કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ઉડાન દરમિયાન પાઈલટને એરક્રાફ્ટમાં ખામી સર્જાઈ હતી, જેના કારણે લેન્ડિંગ દરમિયાન પ્લેનને અકસ્માત નડ્યો હતો.

અકસ્માત બાદ પાઈલટ સુરક્ષિત છે. તે સિંગલ સીટર ફાઈટર પ્લેન હતું, જેમાં એક જ પાઈલટ હતો.

F-35 ફાઈટર એરક્રાફ્ટ 5મી પેઢીનું એરક્રાફ્ટ છે. એનું ઉત્પાદન લોકહેડ માર્ટિન દ્વારા કરવામાં આવ્યું છે. આ પ્લેનનું ઉત્પાદન 2006થી શરૂ કરવામાં આવ્યું હતું. 2015થી એ યુએસ એરફોર્સનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે.





### F-35 ફાઈટર જેટ ખૂબ મોંઘું છે

■ યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ પેન્ટાગોનના ઈતિહાસમાં F-35 સૌથી મોંઘું એરક્રાફ્ટ છે. આ ફાઈટર પ્લેન અત્યારસુધીના તમામ વિમાનો કરતાં વધુ આધુનિક અને મોંઘું છે. એને બનાવવાનું બજેટ અબજો રૂપિયાનું હતું. 2013માં સરકારના જવાબદારી વિભાગે એને જોખમી નિર્ણય ગણાવ્યો હતો. ■ પેન્ટાગોનને પણ ખ્યાલ છે કે તે આ વિમાન ઘણા દેશોને આપી શક્યું નથી. તેની શરૂઆતથી અત્યારસુધીમાં આ વિમાન પર 60 હજાર અબજ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જો યુએસ એરફોર્સ આ એરક્રાફ્ટનો ઉપયોગ કરશે તો એનાથી પેન્ટાગોનના ખર્ચમાં જ વધારો થશે. એની જાળવણી પણ મુશ્કેલ છે.

આ હોવા છતાં 2015ના બજેટમાં તત્કાલિન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ યુએસ સંસદને તેને સુધારવા માટે 80 હજાર કરોડ રૂપિયા પસાર કરવાની વિનંતી કરી હતી.

### અમેરિકા ભારતને પણ આ જ ફાઈટર જેટ આપવા માગે છે

■ એરો ઈન્ડિયા શો ફેબ્રુઆરી 2024માં બેંગલુરુમાં યોજાયો હતો. વિશ્વભરના વિદેશી વિમાનોએ એમાં ભાગ લીધો હતો, પરંતુ સૌથી વધુ હેડલાઈન્સ મેળવનાર અમેરિકન નિર્મિત F-35 ફાઈટર જેટ હતું. ખરેખરમાં અમેરિકન F-35 ફાઈટર પહેલીવાર ભારત આવ્યું હતું. નિષ્ણાતોનું માનવું છે કે અમેરિકા દ્વારા ભારતને રીઝવવાનો આ પ્રયાસ હતો.

■ રોઈટર્સના અહેવાલ મુજબ, અમેરિકાએ તેનાં 27 વર્ષના ઈતિહાસમાં ભારતના એરો ઈન્ડિયા શોમાં સૌથી વધુ સંખ્યામાં પ્રતિનિધિ મોકલ્યા હતા, જે દર્શાવે છે કે ભારત અમેરિકા માટે કેટલું મહત્ત્વનું બની રહ્યું છે.

■ રશિયન વિમાને રોસોબોરોના એક્સપોર્ટ એરો શોમાં કેન્દ્રસ્થાને લીધું હતું. આ વખતે એ ઓછું હતું. રિપોર્ટ અનુસાર, અમેરિકા હથિયારોની ખરીદીના મામલામાં રશિયા પર ભારતની નિર્ભરતાને ખતમ કરવા માગે છે. આ કારણે તે F-35 ફાઈટર જેટ દ્વારા ભારતને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યો છે.

■ કોઈપણ દેશને સરળતાથી F-35 જેટ નથી આપતું. જ્યારે યુએસ એમ્બેસીમાં રીઅર એડમિરલ માઈકલ એલ. બેકરને પૂછવામાં આવ્યું કે શું તેઓ આ ફાઈટર જેટ ભારતને ઓફર કરશે? તો આના પર તેમણે કહ્યું કે ભારત એને ખરીદવા અંગે વિચારી રહ્યું છે.

# Trumpની કર્મચારીઓને વિચિત્ર ઓફર

## 6 ફેબ્રુઆરી સુધીમાં રાજીનામું આપો, 8 મહિનાનો પગાર મળશે

(એજન્સી) વોશિંગ્ટન | તા 29

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારથી તેમનો પદભાર સંભાળ્યો છે.ત્યારથી અલગ અલગ નીતિઓ પર કામ કરી હર્યા છે.અમેરિકામાં ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને ફેડરલ કર્મચારીઓ માટે એક મેમો જારી કર્યો છે, જેમાં રાજીનામાનો પત્ર સામેલ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત પોતાના દમ પર રાજીનામું આપનાર કર્મચારીઓને ઘણા ફાયદા મળી શકે છે.

સરકારી કર્મચારીઓની સંખ્યા ઘટાડવા માટે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે ફેડરલ કર્મચારીઓની ખરીદીનો પ્રસ્તાવ મૂક્યો છે, એટલે કે તેમની નોકરીઓ તેમના પોતાની રીતે છોડવી. આ માટે કર્મચારીઓને 6 ફેબ્રુઆરી 2025 સુધીનો સમય આપવામાં આવ્યો છે. જો કર્મચારીઓ પોતાની રીતે નોકરી છોડી દે છે તો તેમને 8 મહિના સુધીનો પગાર પણ આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે વ્હાઈટ હાઉસનો આ નિર્ણય ટ્રમ્પ દ્વારા અમેરિકન સરકારમાં અભૂતપૂર્વ ફેરફારો કરવાનો એક ભાગ છે.

સરકારની માનવ સંસાધન એજન્સી 'ઓફિસ ઓફ પર્સનલ મેનેજમેન્ટ' એ ફેડરલ કર્મચારીઓને એક મેમો જારી કર્યો છે, જેમાં તેણે કર્મચારીઓ માટે 4 સૂચનાઓ જાહેર કરી છે. આ અંતર્ગત તમામ કર્મચારીઓએ ઓફિસમાં આવીને સમય પ્રમાણે કામ કરવું પડશે, જેથી તેઓ પોતાનું કામ વધુ સારી રીતે કરી શકે. આ ઉપરાંત સારું કામ કરનારને ઈનામ પણ આપવામાં આવશે. આ સિવાય મેમોમાં રાજીનામાનો પત્ર પણ છે. આમાં રસ ધરાવતા કર્મચારીઓ પોતાનું રાજીનામું આપી શકે છે. ઘણા લોકોએ મેમો અંગે ચિંતા પણ વ્યક્ત કરી છે. તેઓ માને છે કે આ મેમો ફેડરલ કર્મચારીઓના અધિકારોને ઘટાડી શકે છે. જેના કારણે તેમના કામની ગુણવત્તા પણ



બગડી શકે છે. આ મેમો ફેડરલ વર્કફોર્સને વધુ અસરકારક બનાવવાના ટ્રમ્પ વહીવટીતંત્રના પ્રયાસોનો એક ભાગ છે.

ઈમેલમાં લખવામાં આવ્યું છે કે, જો તમે ફેડરલ વર્કફોર્સમાં તમારી વર્તમાન ભૂમિકાને ચાલુ રાખવા માંગતા નથી, તો અમે દેશ પ્રત્યેની તમારી સેવા બદલ તમારો આભાર માનીએ છીએ. વિલંબિત રાજીનામું કાર્યક્રમનો ઉપયોગ કરીને તમને સંઘીય સરકાર તરફથી આદરણીય અને ન્યાયી પ્રસ્થાન પ્રદાન કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે આ પ્રોગ્રામ 28 જાન્યુઆરી 2025 થી 6 ફેબ્રુઆરી 2025 સુધી શરૂ થયો છે. જેમાં કર્મચારીઓને કહેવામાં આવ્યું છે કે જો તેઓ આ કાર્યક્રમ હેઠળ રાજીનામું આપે છે, તો તેમને તેમના રોજિંદા કામના ભારણને ધ્યાનમાં લીધા વિના 30 સપ્ટેમ્બર સુધી સંપૂર્ણ લાભ મળશે. ઉપરાંત, તેમને વ્યક્તિગત કાર્ય જરૂરિયાતોમાંથી મુક્તિ આપવામાં આવશે.

# "કેનેડાની ધરતી પર ખાલિસ્તાનીઓ.." આખરે કેનેડાએ સત્ય કબુલ્યુ..!

(એજન્સી) કેનેડા તા 29

કેનેડાએ પ્રથમ તેના દેશમાં ખાલિસ્તાની આતંકવાદીઓની વિરોધી પ્રવૃત્તિઓ સ્વીકારી છે. કેનેડાના જાહેર તપાસ આયોગના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે કેનેડામાં ખાલિસ્તાન સપોર્ટ આંદોલન અંગે ભારતની ચિંતા માન્ય છે. જો કે, અહેવાલમાં આરોપ છે કે ભારત 'કેનેડિયન ચૂંટણીઓમાં વિદેશી હસ્તક્ષેપમાં સામેલ બીજો સૌથી સક્રિય દેશ' છે. ચીનને સૌથી વધુ હસ્તક્ષેપ દેશ તરીકે વર્ણવવામાં આવ્યું છે.

ચૂંટણી પ્રક્રિયાઓ અને લોકશાહી સંસ્થાઓમાં વિદેશી હસ્તક્ષેપની તપાસ કરનારી જાહેર તપાસ સમિતિએ મંગળવારે પોતાનો અંતિમ અહેવાલ જાહેર કર્યો છે. કેનેડામાં રાજદ્વારી અધિકારીઓ અને પ્રોક્સી દ્વારા વિદેશી હસ્તક્ષેપ થઈ રહ્યો છે. જેમાં ચીન અને ભારત પર ચૂંટણીને અસર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આમાં રશિયા, પાકિસ્તાન અને ઈરાનનું પણ હસ્તક્ષેપ દેશોમાં નામ આપવામાં આવ્યું છે. કેનેડાએ વિદેશી દખલને ખતરો માન્યો છે.

અહેવાલમાં કેનેડિયન સેફ્ટી ઈન્ટેલિજન્સ સર્વિસ



(સીએસઆઈએસ) ને ટાંકવામાં આવ્યું છે કે 'કેનેડામાં ખાલિસ્તાની ઉગ્રવાદના ધમકી અંગે ભારતની ચિંતાઓ માટે કેટલાક આધારો માન્ય છે. કેટલાક ઉગ્રવાદીઓ કેનેડાની અંદરથી જ ભારતને નિશાન બનાવીને જોખમ સંબંધિત પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે. ખાસ કરીને ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓનું સંકલન અને ધિરાણ દ્વારા તેઓ જોખમ સંબંધિત પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે. પરંતુ એવું કહેવામાં આવે છે કે ખાલિસ્તાન સમર્થકોનો એક વર્ગ ખૂબ શાંતિપૂર્ણ છે. તે એમ પણ જણાવે છે કે ભારત કેનેડામાં વસતા ખાલિસ્તાનની વકીલાત અને ખાલિસ્તાની હિંસક ઉગ્રવાદીઓની રાજકીય હિમાયત વચ્ચે તફાવત કરતો નથી.

## ચોર સોનાનો મુગટ લઈ ગયા : ચોરોએ વિસ્ફોટનો ઉપયોગ કરીને મ્યુઝિયમમાં પ્રવેશવાનો રસ્તો બનાવ્યો

# નેધરલેન્ડના મ્યુઝિયમમાં 'ધૂમ-2' સ્ટાઈલમાં ચોરી

(એજન્સી) નેધરલેન્ડ | તા 29

નેધરલેન્ડના એસેન શહેરમાં સ્થિત ઐતિહાસિક ડ્રેન્ટ્સ મ્યુઝિયમમાં થયેલી ચોરીની ઘટના બિલકુલ બોલિવૂડ ફિલ્મ 'ધૂમ-2'ની વાર્તા જેવી લાગે છે. ચોરોએ વિસ્ફોટનો ઉપયોગ કરીને મ્યુઝિયમમાં પ્રવેશવાનો રસ્તો બનાવ્યો અને શનિવારે સવારે ચોરીને અંજામ આપ્યો. ચોરી દરમિયાન સેંકડો વર્ષ જૂની કિંમતી ચીજવસ્તુઓ ગુમ થઈ ગઈ હતી. તે સમયે આ મ્યુઝિયમમાં 'ડેસિયા - એમ્પાયર ઓફ ગોલ્ડ એન્ડ સિલ્વર' નામનું એક પ્રદર્શન ચાલી રહ્યું હતું, જે પ્રાચીન કલાકૃતિઓના પ્રદર્શન માટે પ્રખ્યાત હતું. આ પ્રદર્શન તેના છેલ્લા સપ્તાહમાં હતું.

એસેનના ડ્રેન્ટ્સ મ્યુઝિયમમાં સોના અને ચાંદીથી બનેલા રોમાનિયન જ્વેલરીના ચાલી રહેલા પ્રદર્શનમાં ચોરીની એક મોટી ઘટના પ્રકાશમાં આવી છે. ચોરો કોટોફેનેશિયન સમયગાળાના ત્રણ ડેસિયન સોનાના બંગડી અને ભવ્ય રીતે શણગારેલી હેલ્મેટ લઈ ગયા હતા. આ અમૂલ્ય હેલ્મેટ અંદાજે 2500 વર્ષ જૂનું છે અને તે પ્રદર્શનનું મુખ્ય આકર્ષણ



હતું. ડ્રેન્ટ્સ મ્યુઝિયમના ડિરેક્ટર હેરી તુપને આ ઘટના પર શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે આપણા 170 વર્ષના ઈતિહાસમાં આ સૌથી મોટી ઘટના છે.

ચોરીની આ ઘટના બાદ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી છે. એક શંકાસ્પદ વાહનની તપાસ કરવામાં આવી રહી છે અને પોલીસ વિસ્ફોટ અને નજીકના લોકો પાસેથી ઘટના સંબંધિત માહિતી એકઠી કરી રહી છે. આ એક્ઝિબિશનમાં રોમાનિયાના 15થી વધુ મ્યુઝિયમમાંથી લાવેલા 600થી વધુ સોના-ચાંદીના ઘરેણાં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. રોમાનિયાના સંસ્કૃતિ મંત્રાલયે ચોરાયેલી વસ્તુઓને પુનઃપ્રાપ્ત કરવા માટે દરેક સંભવિત પગલાં લેવાનું વચન આપ્યું છે, જે બુકારેસ્ટમાં ડચ મ્યુઝિયમને લોન આપવામાં આવી હતી. વધુમાં, એક રોમાનિયન પ્રતિનિધિમંડળ સ્થળની મુલાકાત લેશે.

પોલીસે ખુલાસો કર્યો કે શનિવારે સવારે 4:15 વાગ્યે ગ્રોલરસ્ટ્રેટ અને મારવિજકસૂર્ડના આંતરછેદ પર કારમાં આગ લાગવાની જાણ થઈ હતી. ઘટનાસ્થળે બળી ગયેલી કારની નજીક કોઈ વ્યક્તિ મળી આવી ન હતી. એવું માનવામાં આવે છે કે કારમાં સવાર લોકો અન્ય વાહનમાં ભાગી ગયા હોઈ શકે છે અને આ ડ્રેન્ટ્સ મ્યુઝિયમની ચોરી સાથે સંબંધિત હોઈ શકે છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને પોલીસ અને ઈન્ટરપોલની ટીમો મળીને આ ચોરીનો ભેદ ઉકેલી રહી છે.

# 'ChatGPT નોકરી પણ AIના કારણે જ ગઈ...' DeepSeek ટ્રેન્ડ થતા જ યુઝર્સે ઉડાવી ઠેકડી

(એજન્સી) ચીન | તા 29

ચીનની એઆઈ કંપની DeepSeek એ માત્ર 52 કરોડ રૂપિયાના ખર્ચે R1 મોડલ લોન્ચ કરતાં જ વિશ્વભરની દિગ્ગજ ટેક્નોલોજી કંપનીઓમાં ખળભળાટ વધ્યો છે. ચીનનું ઓછા ખર્ચે તૈયાર થયેલુ એઆઈ મોડલ ઓપનએઆઈને આકરી ટક્કર આપી રહ્યું છે.

એપલના યુએસ એપ સ્ટોર પર ડીપસીકની એઆઈ એપ સૌથી વધુ ડાઉનલોડ થનારી એપ બની હતી. તે ચેટજીપીટી કરતાં પણ સૌથી વધુ ડાઉનલોડ થઈ હતી. ડીપસીકના કારણે અમેરિકાના દિગ્ગજ ટેક્ કંપની એનવીડિયાને 54 લાખ કરોડનું નુકસાન થયુ હતું. સોશિયલ મીડિયા પર પણ યુઝર્સ ડીપસીકની વાહવાહી અને ચેટજીપીટીની મજાક ઉડાવી રહ્યા છે.

સોશિયલ મીડિયા પર ચેટજીપીટી અને ડીપસીક વચ્ચે તુલના થઈ રહી છે. યુઝર્સ મીમ બનાવી ચેટજીપીટીની ટીખળ કરી રહ્યા છે. જેમાં ડીપસીક ચેટજીપીટીની એઆઈ નોકરી ખાઈ ગયો હોવાની પોસ્ટ ખૂબ વાયરલ થઈ છે.

ડીપસીકની તુલના ઓલિમ્પિકના વાયરલ તૂર્કિયે શૂટર યુસુફ ડિકેક સાથે થઈ રહી છે. ઉલ્લેખનીય છે, માઈક્રોસોફ્ટ અને ઓપનએઆઈએ એનવીડિયાના મોંઘા ચીપ્સ પાછળ અબજો ડોલર ઠાલવ્યા હતાં. પરંતુ ચીનની ડીપસીકે સસ્તામાં ચીપ્સ લોન્ચ કરી આ કંપનીઓને મોટુ નુકસાન કરાવ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપ્રમુખ બન્યા બાદ એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ કરવા કંપની શરૂ કરી હોવાની જાહેરાત કરી હતી. એવામાં ચીનની ડીપસીકના એઆઈ મોડલે ચિંતા વધારી છે. અમેરિકાની અન્ય ટેક્નોલોજી કંપનીઓ અને રોકાણકારોની ઉંઘ ઉડાવી દીધી છે. ટ્રમ્પે આ બિઝનેસ અમેરિકાની કંપનીઓ માટે વેકઅપ કોલ હોવાનું જણાવી એલર્ટ રહેવા અપીલ કરી છે.

ડીપસીક મહિને 0.50 ડોલર (રૂ. 44)માં સબ્સ્ક્રિપ્શન પ્લાન આપી રહ્યું છે. જ્યારે ચેટજીપીટીના યુઝર્સે દરમહિને 20 ડોલર (રૂ. 1730)નો ખર્ચ કરવો પડે છે.

# રસ્તાઓ પર ઉતરશે શેખ હસીનાની પાર્ટી અવામી લીગ; મોટા આંદોલનની તૈયારીમાં...!

(એજન્સી) બાંગ્લાદેશ તા 29

આવશ્યક ચીજવસ્તુઓના આસમાને પહોંચેલા ભાવ, કથળતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને જાહેર સલામતી એ મુખ્ય મુદ્દાઓ છે જેને આવામી લીગ તેના આંદોલન દ્વારા પ્રકાશિત કરવા માંગે છે. તે જ સમયે, પાર્ટીએ રાજકીય જોડાણના આધારે નાગરિકો પર થતી હત્યાઓ અને હુમલાઓ તથા ન્યાયતંત્ર અને કાયદાની સાથે સાથે રાજકારણની નિંદા કરી છે.

બાંગ્લાદેશમાં અવામી લીગ સરકારના સત્તાથી બેદખલ કરાયાના 6 મહિનામાં જ દેશની જૂની રાજકીય પાર્ટી અવામી લીગે આંદોલનનું એલાન કરી દીધું છે. મંગળવારે જારી કરાયેલા એક નિવેદનમાં, અવામી લીગે કહ્યું: "યુનુસના બિનચૂંટાયેલા શાસનના માત્ર છ મહિનામાં, બાંગ્લાદેશ સંપૂર્ણ અરાજકતામાં ડૂબી ગયું છે." આ દેશ હવે એક નિષ્ફળ રાજ્ય બનવાની અણી



પર છે, જ્યાં માનવ અધિકારો, સમાનતા અને જાહેર સલામતી માટે કોઈ આદર બાકી નથી. પાર્ટીએ તેના પાયાના કાર્યકરોને યુનુસ સરકારના "કુશાસન" અને "ધાર્મિક અને વંશીય લઘુમતીઓ પરના હુમલાઓ અને ધાર્મિક ભેદભાવને સરકારી સમર્થન" સામે વિરોધ કરવા હાકલ કરી છે.

આવશ્યક ચીજવસ્તુઓના આસમાને પહોંચેલા ભાવ, કથળતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને જાહેર સલામતી એ મુખ્ય મુદ્દાઓ છે જેને આવામી લીગ તેના આંદોલન દ્વારા પ્રકાશિત કરવા માંગે છે. તે જ સમયે, પાર્ટીએ રાજકીય જોડાણના આધારે નાગરિકો પર થતી હત્યાઓ અને હુમલાઓ અને ન્યાયતંત્ર અને કાયદા અમલીકરણના રાજકીયકરણની નિંદા કરી છે.

હાંકી કાઢવામાં આવેલા વડા પ્રધાન શેખ હસીનાની પાર્ટીએ ફેબ્રુઆરીથી વિવિધ આંદોલન કાર્યક્રમોની જાહેરાત કરી છે જેમાં 1 થી 5 ફેબ્રુઆરી સુધી પત્રિકાઓનું વિતરણ, 6 ફેબ્રુઆરીએ વિરોધ રેલીઓ, 10 ફેબ્રુઆરીએ દેખાવો, 16 ફેબ્રુઆરીએ રસ્તા રોકો અને 18 ફેબ્રુઆરીએ દેશવ્યાપી હડતાળનો સમાવેશ થાય છે.

## કુંભના ઈતિહાસમાં ક્યારે-ક્યારે સર્જાઈ છે દુર્ઘટનાઓ

# કુંભ મેળામાં નાસભાગ સાથે જૂનો છે નાતો

(એજન્સી) પ્રયાગરાજ । તા. 29

મહાકુંભમાં આજે અમાસના દિવસે ત્રીજું શાહી સ્નાન કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતાં ગઈકાલ મોડી રાત્રે નાસભાગ થઈ હતી. જેમાં અનેક લોકો કચડાયા હોવાના અહેવાલો છે. કુંભના મેળામાં નાસભાગ, અફરાતફરીના બનવો અગાઉ અનેક વખત બની ચૂક્યા છે. જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત પણ થયા છે. ગઈકાલે સર્જાયેલી નાસભાગને ધ્યાનમાં રાખતા વડાપ્રધાન મોદીએ બે કલાકમાં ત્રણ વખત મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરી યુદ્ધ સ્તરે રાહત અને બચાવ કામગીરી કરવા નિર્દેશ આપ્યો છે. યોગી આદિત્યનાથે પણ લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી છે.






### અગાઉ અનેક વખત બની ચૂક્યા છે નાસભાગના કિસ્સા

**1954 :** આઝાદી બાદ પ્રથમ વખત 1954માં પ્રયાગરાજ ખાતે કુંભ મેળાનું આયોજન થયું હતું. તે દરમિયાન 3 ફેબ્રુઆરી, 1954માં પ્રયાગરાજમાં મૌની અમાસના પાવન અવસરે પવિત્ર સ્નાન કરવા ઉમટી પડેલા શ્રદ્ધાળુઓમાં નાસભાગ મચી હતી. જેમાં આશરે 800 લોકો નદીમાં ડૂબી તથા કચડાઈને મૃત્યુ પામ્યા હતા.

**1986:** આ વર્ષે કુંભ મેળો હરિદ્વારમાં યોજાયો હતો. તે દરમિયાન 14 એપ્રિલ, 1986ના રોજ મેળામાં યુપીના પૂર્વ મુખ્યમંત્રી વીર બહાદુર સિંહ અનેક રાજ્યોના મુખ્યમંત્રી અને સાંસદો સાથે હરિદ્વાર પહોંચ્યા હતા. જેથી શ્રદ્ધાળુઓને તટ પર જતાં અટકાવતાં ભીડ બેકાબૂ થઈ હતી અને નાસભાગ મચી હતી. જેમાં 200 લોકોના મોત થયા હતા.

**2003:** 1986ની નાસભાગની ઘટના બાદ લાંબા સમય સુધી કુંભ મેળાનું સફળતાપૂર્વક આયોજન થતું રહ્યું. ક્રાઉડ મેનેજમેન્ટમાં ઘણો સુધારો જોવા મળ્યો હતો. પરંતુ 2003માં નાસિક કુંભમાં ફરી આ પ્રકારની દુર્ઘટના બની હતી. જેમાં અચાનક નાસભાગ થતાં 39 તીર્થયાત્રીઓએ જીવ ગુમાવ્યા હતા. 100થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

**2010:** હરિદ્વારમાં યોજાયેલા કુંભ મેળામાં 14 એપ્રિલ, 2010ના રોજ શાહી સ્નાનમાં સાધુઓ અને શ્રદ્ધાળુઓ વચ્ચે અથડામણ થતાં નાસભાગ મચી હતી. જેમાં સાત લોકોના મોત થયા હતા અને 15 લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. સાધુઓ અને શ્રદ્ધાળુઓ વચ્ચે બોલાચાલી થતાં નાસભાગ મચી હતી.

**2013:** પ્રયાગરાજ કુંભમાં મેળામાં નહીં પરંતુ અલ્હાબાદ રેલવે સ્ટેશન પર નાસભાગની ઘટના બની હતી. જેમાં 42 લોકોના મોત થયા હતા. અલ્હાબાદ રેલવે સ્ટેશન પર એક ફૂટબ્રિજ પર રેલિંગ પડતાં નાસભાગ મચી હતી. ભારે ભીડને નિયંત્રિત કરવા રેલવે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. જેના કારણે નાસભાગ મચી હતી. જેમાં 29 મહિલાઓ, 12 પુરુષ, અને એક આઠ વર્ષની બાળકી મૃત્યુ પામી હતી. 45થી વધુ લોકો ઘાયલ પણ થયા હતા.

**2025:** હાલ પ્રયાગરાજમાં 144 વર્ષ બાદ આવેલા મહાકુંભમાં ગઈકાલે અચાનક નાસભાગ મચી હતી. જેમાં 10 લોકોના મૃત્યુની આશંકા છે. આ દુર્ઘટના બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લોકોને અપીલ કરી છે કે, 'તમે જ્યાં છો, ત્યાં જ ઘાટ પર સ્નાન કરો. સંગમ ઘાટ પર જવાનો આગ્રહ રાખશો નહીં. તમે પ્રશાસનના નિર્દેશોનું પાલન કરો.

### 'અડધો કલાક ભીડ નીચે કચડાતો રહ્યો

## પત્ની નજર સામે મૃત્યુ પામી..' મહાકુંભ નાસભાગના પીડિતની આપવીતી



(એજન્સી) પ્રયાગરાજ । તા. 29

પ્રયાગરાજ મહાકુંભમાં મંગળવારની રાત્રે ભીડ એટલી વધી ગઈ કે, નાસભાગ મચી ગઈ. સંગમ કિનારે ભીડના કારણે નાસભાગમાં અત્યાર સુધી 10 લોકોના મોત થયા અને સાત લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની જાણકારી મળી છે. ઈજાગ્રસ્તોને કુંભ ક્ષેત્રના સેક્ટર-2માં બનાવવામાં આવેલી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

**'મારી મા દબાઈને મરી ગઈ...' |** આ દરમિયાન દુર્ઘટના સમયે ત્યાં હાજર પીડિતોએ મીડિયા સાથે વાત કરતાં કરી હતી. બિહારના ઔરંગાબાદથી સૂરજ યાદવ નામના વ્યક્તિએ જણાવ્યું કે, 12-13 લોકો ગંગા સ્નાન માટે આવ્યા હતા. એ દરમિયાન નાસભાગ મચી અને મારી મા દબાઈને મરી ગઈ.

**'હું અડધો કલાક સુધી દબાયેલો હતો...' |** દુર્ઘટનામાં પોતાની પત્નીને ગુમાવનાર ફૂલચંદ વિશ્વકર્મા નામના વ્યક્તિએ જણાવ્યું કે, રાત્રે ગંગામાં સ્નાન કરીને નીકળ્યા તો જોયું કે, ત્યાંથી ગેટ ખુલ્લો હતો. બંને બાજુ પબ્લિક હતી. લોકો એકબીજાને કચડી-કચડીને ભાગી રહ્યા હતા. મારી પત્નીનું મૃત્યુ થઈ ગયું અને હું અડધો કલાક ભીડમાં નીચે દબાયેલો હતો.

**'માણસો પર માણસ પડતા રહ્યા...' |** ઔરંગાબાદથી જ આવેલા વિનય કુમાર નામના એક વ્યક્તિએ જણાવ્યું કે, અમુક લોકો ઘાટ તરફ જઈ રહ્યા હતા. એટલાંમાં આગળ વધેલા અમુક લોકો આગળ વધ્યા અને અમુક લોકો પાછા આવવા લાગ્યા. અહીંથી જઈ રહેલા લોકોએ ધક્કો માર્યો તો કોઈ બહાર જ ન નીકળી શક્યું અને તે જગ્યાએ કોઈ પોલીસ નહતી. આ દરમિયાન ભીડમાં લોકો પડ્યા અને બાદમાં માણસો પર માણસો પડતા રહ્યા. કોઈ ઉપાડી ન શક્યા અને દબાઈને લોકોના મોત થઈ ગયા.

**મહાકુંભમાં કેવી રીતે થયો અકસ્માત? |** મૌની અમાવસ્યા પર સ્નાનના કારણે મંગળવારે રાત્રે 2 વાગ્યે સંગમ તટ પર શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી હતી. આ દરમિયાન બેરિકેડિંગનો એક ભાગ તૂટીને પડી ગયો અને નાસભાગ મચી ગઈ. થોડી જ મિનિટોમાં સ્થિતિ બેકાબૂ થઈ ગઈ અને લોકો ગમે ત્યાં ભાગવા લાગ્યા. અનેક શ્રદ્ધાળુઓનો સામાન પડી ગયો, જેનાથી અવ્યવસ્થા ફેલાઈ ગઈ. લોકો એકબીજાને કચડી રહ્યા હતા. આ ઘટનાના પ્રત્યક્ષદર્શીએ કહ્યું કે, અમે આરામથી જઈ રહ્યા હતા, ત્યારે અચાનક ભીડ આવી ગઈ, ધક્કા-મુક્કી થવા લાગી. અમે બચવાનો પ્રયાસ કર્યો, પરંતુ ક્યાંય જગ્યા નહતી. બધા જ્યાં-ત્યાં ભાગવા લાગ્યા, ઘણાં લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા. સ્થિતિ એવી હતી કે, ખબર જ ન પડી શું થઈ રહ્યું છે.'મોડી રાત્રે નાસભાગની સૂચના મળતાં જ પોલીસ, પેરામિલિટ્રી ફોર્સ અને ફાયર બ્રિગેડની ટીમ સ્થળે પહોંચી. આ વિસ્તારમાં પહેલેથી જ ફાયર સર્વિસ ઑલ-ટેરેન વ્હીકલ હાજર હતા, જેની મદદથી ઘણાં ઈજાગ્રસ્તોને કાઢવામાં આવ્યા હતા.

## ગૃહ મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ-સ્તરીય સમિતિ (HLC)એ વિવિધ રાજ્યો માટે આપત્તિ નિવારણ માટે રૂ. 3027.86 કરોડ મંજૂર કર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 29

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિ (એચએલસી) એ વિવિધ રાજ્યો માટે ડિઝાસ્ટર મિટિગેશન પ્રોજેક્ટ્સ માટે રૂ. 3027.86 કરોડ. નાણાં મંત્રી, કૃષિ મંત્રી અને નીતિ આયોગનાં ઉપાધ્યક્ષની બનેલી સમિતિએ 10 રાજ્યોમાં વીજળીનાં જોખમને ઓછું કરવા માટે વીજળીનાં જોખમને ઓછું કરવા પર મિટિગેશન પ્રોજેક્ટનાં પ્રસ્તાવો પર વિચાર કર્યો હતો તથા નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ (એનડીએમએફ)માંથી ભંડોળ મેળવવા માટે દુષ્કાળની શક્યતા ધરાવતાં 12 રાજ્યોનાં 49 જિલ્લાઓને ઉદ્દીપક સહાય પર વિચાર કર્યો હતો.

ઉચ્ચ-સ્તરીય સમિતિએ દુષ્કાળની શક્યતા ધરાવતાં 12 રાજ્યોને કેટાલિટિક સહાય માટેનાં પ્રોજેક્ટને મંજૂરી આપી છે, જેનો કુલ ખર્ચ રૂ. 2022.16 કરોડ છે, જેમાંથી કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. 1200 કરોડ હશે. આ 12 રાજ્યોમાં આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, ઝારખંડ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે. સમિતિએ આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય, ઓડિશા, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ માટે કુલ રૂ. 186.78 કરોડના ખર્ચે 10 રાજ્યોમાં વીજળીની સલામતી પરના મિટિગેશન પ્રોજેક્ટને પણ મંજૂરી આપી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ 19 રાજ્યોનાં ઉચ્ચ પ્રાથમિકતા ધરાવતાં 144 જિલ્લાઓમાં રૂ. 818.92 કરોડનાં કુલ ખર્ચ સાથે અમલીકરણ માટે ફોરેસ્ટ ફાયર રિસ્ક મેનેજમેન્ટ માટે મિટિગેશન સ્કીમને પણ મંજૂરી આપી છે, જેમાંથી એનડીએમએફ અને એનડીઆરએફમાંથી કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. 690.63 કરોડ થશે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ દેશમાં ફોરેસ્ટ ફાયર મેનેજમેન્ટ અભિગમમાં પરિવર્તન લાવવા માટે શમન પ્રોજેક્ટનો અમલ કરવાનો છે, જેથી જંગલમાં આગની સમસ્યાનું નિવારણ અને શમન કરવાની મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓને મજબૂત અને ટેકો મળી શકે. આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મણિપુર, મહારાષ્ટ્ર, મિઝોરમ, મધ્ય પ્રદેશ, મેઘાલય, નાગાલેન્ડ, ઓડિશા, તમિલનાડુ, તેલંગાણા અને ઉત્તરાખંડ જેવા રાજ્યો જંગલમાં લાગેલી આગને હળવી કરવા, જંગલમાં લાગેલી આગને હળવી કરવા, જંગલમાં લાગેલી આગની પ્રતિક્રિયા માટે સજ્જતા તેમજ આગ લાગ્યા પછીની આકારણી અને પુનઃપ્રાપ્તિ માટે જરૂરી પ્રવૃત્તિઓ હાથ ધરીને પોતપોતાની દરખાસ્તો રજૂ કરશે. ગૃહ મંત્રાલયે ગૃહ મંત્રી શ્રી અમિત શાહનાં માર્ગદર્શન હેઠળ દેશમાં આપત્તિઓનું અસરકારક વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે અનેક પહેલો હાથ ધરી છે. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળની સરકારે ભારતમાં આપત્તિ જોખમ ઘટાડવાની વ્યવસ્થાને મજબૂત કરીને આફતો દરમિયાન જાનમાલના કોઈ વ્યાપક નુકસાનને રોકવા માટે અનેક પગલાં લીધા છે.

### HLCએ કુલ રૂ. 2022.16 કરોડના ખર્ચે ઉત્પ્રેરક સહાય માટેના પ્રોજેક્ટને મંજૂરી આપી છે

આ દરખાસ્તો અગાઉ એચએલસીએ સાત મુખ્ય શહેરોમાં શહેરી પૂરનાં જોખમ નિવારણ પ્રોજેક્ટ્સ જેવા અન્ય પ્રોજેક્ટ્સ માટે એનડીએમએફ પાસેથી નાણાકીય સહાયને મંજૂરી આપી હતી, જેમાં કુલ રૂ. 3075.65 કરોડનાં ખર્ચે, 4 રાજ્યોમાં જીએલઓએફ રિસ્ક મેનેજમેન્ટને કુલ રૂ. 150 કરોડનાં ખર્ચે અને 15 રાજ્યોમાં ભૂસ્ખલનનું જોખમ ઘટાડવાની કામગીરી સામેલ છે, જેનો કુલ ખર્ચ રૂ. 1000 કરોડ છે.

### 'સૈન્યના હવાલે કેમ ન કર્યો મહાકુંભ...' નાસભાગમાં શ્રદ્ધાળુઓના મોત થતાં રડી પડ્યાં મહામંડલેશ્વર પ્રેમાનંદ

(એજન્સી) પ્રયાગરાજ । તા. 29

મહામંડલેશ્વર પ્રેમાનંદ પુરી શ્રી નિરંજની અચાનક રડવા લાગ્યા. તેમણે જણાવ્યું હતું કે, 'અમે પહેલાથી જ કહ્યું હતું કે કુંભની સુરક્ષા સેનાને સોંપવી જોઈએ પરંતુ કોઈએ અમારી વાત સાંભળી નહીં. કુંભ વહીવટી તંત્ર દ્વારા દૂષિત હતો. આ વાત આવે ત્યારે ભીડને સંભાળવાનું કામ પોલીસનું નથી. આનું પરિણામ એ આવ્યું કે અનેક પરિવારે પોતાના સ્વજનો ગુમાવ્યા. આ ખૂબ જ દુઃખદ સમાચાર છે, મારું હૃદય ખૂબ જ દુઃખી છે.'તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'જો કુંભને સેનાને સોંપવામાં આવ્યો હોત, તો મને નથી લાગતું કે આટલો મોટો અકસ્માત થયો હોત. મને ખૂબ જ દુઃખ છે.'

## 'શ્રદ્ધાળુઓ કરતાં VIP પર વધુ ધ્યાન...', મહાકુંભમાં નાસભાગની બાદ રાહુલ ગાંધીના યોગી સરકાર પર પ્રહાર



(એજન્સી) પ્રયાગરાજ । તા. 29

પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં નાસભાગ મચી જતાં 10થી વધુ લોકોના મોતની આશંકા વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ આક્રમક પ્રતિક્રિયા આપતાં યોગી સરકારને ઘેરી હતી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'મૌની અમાસના અવસરે બનેલી નાસભાગની ઘટના બદલ યુપી સરકાર જ જવાબદાર છે. આ દુઃખદ ઘટના મિસ મેનેજમેન્ટ, સામાન્ય શ્રદ્ધાળુઓની જગ્યાએ VIP મૂવમેન્ટ પર તંત્રનું ખાસ ધ્યાન હોવાને કારણે સર્જાઈ હતી. ' કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ 'X' પર લખ્યું કે, 'હાલમાં મહાકુંભને ઘણો સમય બાકી છે અને હજુ ઘણાં મહાસ્નાન થવાના છે. આજ જેવી દુઃખદ ઘટના ભવિષ્યમાં ન બને તેના માટે સરકારે વ્યવસ્થામાં સુધારા કરવા જોઈએ. વીઆઈપી કલ્ચર પર સકંજો કસવામાં આવે અને સરકાર સામાન્ય શ્રદ્ધાળુઓની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે શ્રેષ્ઠ વ્યવસ્થા કરે. કોંગ્રેસ કાર્યકરો અને નેતાઓને મારી અપીલ છે કે તેઓ પીડિત પરિવારોની મદદ કરે.'તેમણે લખ્યું કે, 'હું શોકમાં ગરકાવ પરિવારે પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું અને ઘાયલો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરું છું. પ્રયાગરાજ મહાકુંભમાં નાસભાગને કારણે અનેક લોકોના મોતના સમાચાર અને ઘાયલ થયાની ઘટના દુઃખદ છે.'બીજી બાજુ અખિલેશ યાદવે પણ આ મામલે સરકાર અને મહાકુંભમાં મેનેજમેન્ટ સામે નિશાન સાધતા 'X' પર લખ્યું કે, 'અવ્યવસ્થાને કારણે આ દુઃખદ ઘટના સર્જાઈ છે અને સરકાર વીઆઈપી લોકોની સુરક્ષામાં જ વ્યસ્ત છે. નોંધનીય છે કે, મૌની અમાસ પર લગભગ બે કરોડ લોકોએ પ્રયાગરાજમાં સ્નાન કર્યું. માહિતી અનુસાર એક પ્રત્યક્ષદર્શીએ કહ્યું કે, 'મધ્યરાત્રિએ શ્રદ્ધાળુઓની ભારે ભીડ સંગમ કિનારે ઉમટી હતી. આ દરમિયાન જ બેરિકેડનો એક હિસ્સો તૂટ્યો અને નાસભાગ મચી ગઈ. જોત જોતામાં સ્થિતિ બેકાબૂ થઈ અને લોકો બેફામ આમ-તેમ ભાગવા લાગ્યા. જેના લીધે અનેક લોકોની વસ્તુઓ નીચે પડી ગઈ અને જે લોકો વસ્તુઓ ઉપાડવા નમ્યા તે ભીડ નીચે કચડાઈ ગયા. ઘણાં લોકોએ બચવા પ્રયાસ કર્યો પણ કોઈ બચવાની જગ્યા ન મળી. બધા વિખેરાઈ ગયા.

## મહારાષ્ટ્ર ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગ સલામતી જાગૃતિ અભિયાનમાં ચેમ્બુરની રાયન ઇન્ટરનેશનલ સ્કૂલનું શ્રેષ્ઠ પ્રદર્શન



(એજન્સી) મુંબઈ । તા. 29

મહારાષ્ટ્ર ટ્રાફિક પોલીસ દ્વારા વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી જાગૃતિ વધારવા માટે એક ખાસ અભિયાનના ભાગ રૂપે, ચેમ્બુર સ્થિત રાયન ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે એક અનોખા પ્રેરક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત, વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના નિયમો અને પ્રોટોકોલ વિશે શિક્ષિત કરવા માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાયન ઇન્ટરનેશનલ સ્કૂલના વિવિધ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

આ સ્પર્ધાઓમાં મુખ્યત્વે ભાષણ, નિબંધ લેખન, ચિત્રકામ અને સૂત્ર લેખન સ્પર્ધાઓનો સમાવેશ થતો હતો, જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહ સાથે ભાગ લીધો હતો અને તેમની એન્ટ્રીઓ દ્વારા માર્ગ સલામતી વિશેની તેમની સર્જનાત્મકતા અને સમજણ દર્શાવી હતી. આ કાર્યક્રમે ભાવિ પેઢીના માર્ગ વપરાશકર્તાઓમાં જવાબદારીની ભાવના કેળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જેનાથી બધા માટે સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત થયું હતું.

રાયન ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં નોંધપાત્ર પુરસ્કારો જીત્યા. સિરાજ ગુપ્તા (વર્ગ 8C) ને વક્તવ્ય સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર, અખિલ કોચરી (વર્ગ 8A) ને નિબંધ લેખન સ્પર્ધામાં બીજું પુરસ્કાર, શરીસા ડી'લિમા (વર્ગ 7B) ને નિબંધ લેખન સ્પર્ધામાં પ્રશંસા પુરસ્કાર, અમાયા ગુપ્તા (વર્ગ 7B) ને નિબંધ લેખન સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવ્યું અને સુષ્મિતા દાસગુપ્તા (ધોરણ 8C) એ નિબંધ લેખન સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવ્યું. આ વિદ્યાર્થીઓની ભાગીદારી અને ઉત્કૃષ્ટ પ્રદર્શન માત્ર તેમની રુચિ અને સમર્પણને જ પ્રતિબિંબિત કરતું નથી પરંતુ રોજિંદા જીવનમાં માર્ગ સલામતીનું મહત્વ પણ દર્શાવે છે.

આ પ્રસંગે બોલતા વિવિધ મહેમાનોએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર ટ્રાફિક પોલીસ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગ સલામતી વિશે શિક્ષિત કરવાના પ્રયાસો પ્રશંસનીય છે. આ અર્થપૂર્ણ પ્રયાસોની લાંબા ગાળાની અસર ચોક્કસપણે અકસ્માતો ઘટાડવા અને જવાબદાર માર્ગ વર્તનને પ્રોત્સાહન આપવામાં મોટી ભૂમિકા ભજવશે.

### મહિલાની શાખ, ડીએનએ ટેસ્ટ ના કરાવવાનો પ્રાઈવેસીનો અધિકાર વગેરેને ધ્યાનમાં રાખીને સુપ્રીમે આ ચુકાદો આપ્યો હતો

## પતિ સાથે રહેતી પત્નીના અન્યો સાથે સંબંધ હોય તો જન્મેલું બાળક પતિનું જ ગણાય : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 29

સુપ્રીમ કોર્ટે છેલ્લા બે દસકાથી ચાલી રહેલા એક કેસમાં અંતિમ ચુકાદો આપ્યો હતો. આ કેસ ડીએનએ ટેસ્ટ ના કરાવવા માગતા એક પુરુષની પ્રાઈવસીનો અધિકાર અને ટેસ્ટની માગ કરી રહેલાના ભરણપોષણ અને તેના મૂળ પિતા કોણ છે તે જાણવાના એક પુત્રના અધિકારો વચ્ચેનો હતો. સુપ્રીમ કોર્ટે પ્રાઈવસીના અધિકારને ધ્યાનમાં રાખીને અંતે પુત્રની માગ ઠુકરાવી હતી. સુપ્રીમે પ્રાઈવસી, મહિલાનો અને પુત્રનો અધિકાર એમ ત્રણેય મુદ્દાને ધ્યાનમાં રાખી ચુકાદો આપ્યો હતો.

મહિલાના લગ્ન 1989માં થયા હતા, 1991માં એક બાળકીનો જન્મ થયો જે બાદ 2001માં એક બાળકનો જન્મ થયો હતો. 2003માં મહિલા પતિથી અલગ થઇ ગઇ, બાદમાં વર્ષ ૨૦૦૬માં બન્ને વચ્ચે છૂટાછેડા થઇ ગયા. આ દરમિયાન મહિલાએ નગર પાલિકામાં અરજી કરી અને પોતાના 2001માં જન્મેલા બાળકના પિતાનું નામ બદલવા માગ કરી અને દાવો કર્યો કે તેના મૂળ પિતા કોઇ અન્ય પુરુષ છે. જોકે પાલિકાએ અરજી ઠુકરાવી દીધી. બાદમાં સ્થાનિક કોર્ટમાં અપીલ કરાઇ, કોર્ટે બાયોલોજિકલ પિતાનો ડીએનએ ટેસ્ટ કરાવવા આદેશ આપ્યો, જેને બાયોલોજિકલ પિતાએ હાઇકોર્ટમાં પડકાર્યો.

હાઇકોર્ટે પ્રાઇવસીના અધિકારને માન્ય રાખીને ડીએનએ ટેસ્ટ ના પાડી દીધી. સાથે જ કહ્યું કે પેટરનિટી ટેસ્ટનો આદેશ ત્યારે જ આપી શકાય જ્યારે એ સાબિત થાય કે પતિ-પત્ની વચ્ચે કોઇ સંપર્ક નહોતો. તેથી હાઇકોર્ટના ચુકાદાને બાદમાં પુત્ર દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો. જોકે સુપ્રીમ કોર્ટે પણ હાઇકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો. સુપ્રીમમાં યુવકે દલીલ કરી હતી કે તેના મૂળ પિતા કોણ છે તે જાણવા ડીએનએ ટેસ્ટ જરૂરી છે, આ મારો અધિકાર છે. જોકે જેનો ડીએનએ ટેસ્ટ કરાવવાની માગ થઇ હતી તેણે પુત્રની આ માગનો વિરોધ કર્યો હતો અને દાવો કર્યો હતો કે ડીએનએ ટેસ્ટથી મારી પ્રાઇવેસીનો ભંગ થશે.

સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે જ્યારે પુત્રનો જન્મ થયો ત્યારે મહિલા પોતાના પતિ સાથે એક ઘરમાં રહેતી હતી, આ દરમિયાન અન્ય કોઇ પુરુષ સાથે સંબંધથી પણ જો કોઇ બાળકનો જન્મ થાય તો તેવુ ના માની લેવાય કે મહિલા અને તેના પતિ વચ્ચે કોઇ સંબંધ નહોતો. એવુ માની પણ લઇએ કે મહિલા લગ્નેત્તર સંબંધમાં હતી અને તેનાથી જ બાળકનો જન્મ થયો તો પણ આ દલીલ પૂર્ણ નથી. કોઇ એક કે તેથી વધુ સાથે સંપર્ક હોવાથી સાબિત નથી થતું કે મહિલાનો તેના પતિ સાથે કોઇ સંબંધ નહોતો. તેથી યુવકને તેના કાયદેસર પિતાનો જ પુત્ર માનવામાં આવે. આ મામલામાં મહિલાની શાખ, ડીએનએ ટેસ્ટ ના કરાવવાનો પ્રાઇવેસીનો અધિકાર વગેરેને ધ્યાનમાં રાખીને સુપ્રીમે આ ચુકાદો આપ્યો હતો.

## મહાકુંભમાં નાસભાગ બાદ રેલવેએ ઉતાવળીયો નિર્ણય ફેરવી તોળ્યો, કહ્યું- સ્પેશિયલ ટ્રેન દોડશે

### નાસભાગની ઘટના બનવા પાછળનું કારણ બેરિકેડ તૂટી જવાનું જણાવાઈ રહ્યું છે

(એજન્સી) પ્રયાગરાજ । તા. 29

મૌની અમાસના શાહી સ્નાન વખતે પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં ભયંકર નાસભાગ મચી હતી. આ દરમિયાન એવા અહેવાલો વહેતા થયા હતા કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શનથી પ્રયાગરાજ જતી મહાકુંભ મેળાની વિશેષ ટ્રેનોનું સંચાલન બંધ કરી દેવામાં આવ્યું છે. ત્યારે રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રયાગરાજ મહાકુંભ માટે કોઈ ખાસ ટ્રેન રદ કરવામાં આવી નથી. બધી સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન પહેલાની જેમ જ ચાલુ રહેશે.

અહેવાલો અનુસાર, અગાઉ પંડિત દીનદયાળ ઉપાધ્યાય રેલવે ડિવિઝનના વાણિજ્યિક મેનેજર મનીષ કુમારે જણાવ્યું હતું કે, 'પ્રયાગરાજમાં મૌની અમાસના દિવસે ભારે ભીડને ધ્યાનમાં રાખીને, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શનથી પ્રયાગરાજ જતી મહાકુંભ મેળાની વિશેષ ટ્રેનોનું સંચાલન બંધ કરવામાં આવ્યું છે. આગામી આદેશ સુધી નિયમિત ટ્રેનો દોડતી રહેશે.' પ્રયાગરાજમાં મોટી ભીડ અને નાસભાગને કારણે ખાસ ટ્રેનો બંધ કરવાની ચર્ચા થઈ હતી. ઉલ્લેખનીય છે કે, મૌની અમાસના શાહી સ્નાન વખતે પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં ભયંકર નાસભાગ મચી જેમાં અત્યાર સુધીમાં 10થી વધુના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે આ નાસભાગની ઘટના બનવા પાછળનું કારણ બેરિકેડ તૂટી જવાનું જણાવાઈ રહ્યું છે જેના લીધે ઘટનાસ્થળે અફરા તફરી મચી ગઈ હતી.

**પશ્ચિમ રેલવે અમદાવાદ**

**OHE સિસ્ટમની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન અને પરીક્ષણ**

ઇ-ટેન્ડર સૂચના નંબર : **EL/C/ADI/TRD &GS/ 44/2024-25** **(1)** કામનું નામ અને સ્થળ : પશ્ચિમ રેલવેના ADI વિભાગના સાબરમતી A થી અસારવા વચ્ચે "Y" કનેક્ટિવિટીના સંદર્ભમાં 25 kV AC OHE સિસ્ટમ ની ડિઝાઇન, પુરવઠો, સ્થાપન અને પરીક્ષણ અને સામાન્ય સેવા કાર્ય. **(2)** કામની અંદાજિત કિંમત: ₹1,31,49,958. 50/- **(3)** જમા કરાવવા અર્નેસ્ટ મની ડિપોઝિટ : IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. **(4)** બોલી રજૂ કરવાની અને ખોલવાની તારીખ અને સમય : IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. **(5)** ટેન્ડર ફી : IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. **(6)** કામ પૂર્ણ કરવાનો સમયગાળો : 12 મહિના **(7)** વેબસાઇટ અને નોટિસ બોર્ડની વિગતો જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું : નોટિસ બોર્ડ અને ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ) ની ઓફિસ, પશ્ચિમ રેલવે,નિર્માણ ભવન-અસારવા, અમદાવાદ (ગુજરાત-382345) **www.ireps.gov.in** 117

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે અમદાવાદ**

**નિર્માણ કાર્ય**

ભારતીય સંઘના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી, ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) III, પશ્ચિમ રેલવે, અમદાવાદ, નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: **ઇ-ટેન્ડર સૂચના નંબર : Dy.CE (C)III/ADI/DDC/01(RI)** ઇ-ટેન્ડર નંબર : Dy.CE (C)III/ADI/DDC/01(RI) **(1) કામનું નામ અને સ્થળ** : "CAO/C/ADI, પશ્ચિમ રેલવે હેઠળ બાંધકામ સંગઠનના પ્રોજેક્ટ્સ માટે નવી લાઇનમાં પુલનું બાંધકામ, ગેજ કન્વર્ઝન, ડબલિંગ, 3જી અને 4થી લાઇન પ્રોજેક્ટ્સ, રોડ ઓવર બ્રિજ, રેલ ફ્લાયઓવર, રોડ અંડર બ્રિજ અને રિટેઇન્ડ બ્રિજ વગેરે," "સ્ટેશન માટે માળખાકીય ડિઝાઇન, સ્ટેશન બિલ્ડિંગ, FOBS, PF આશ્રયસ્થાનો અને અન્ય આનુષંગિક માળખાં સહિત માળખાંના લોન્ચિંગ અને ડિલોન્ચિંગ પ્લાનની તૈયારી સંબંધિત સેવાઓ પૂરી પાડવા" માટે વિગતવાર ડિઝાઇન સલાહકાર (DDC) ની નિમણૂક માટે અમદાવાદ વિનંતી દરખાસ્ત (RFP). **(2) કામની અંદાજિત કિંમત** : ₹6,70,62,664.00 **(3) જમા કરાવવા ની અર્નેસ્ટ મની** : ₹4,85,300.00 **(4) કામ પૂર્ણ કરવાનો સમયગાળો** : 36 (છત્રીસ) મહિના **(5) મૂળ દસ્તાવેજોનું ભૌતિક ટેન્ડર સબમિશન**: 17-02-2025 ના રોજ 18.00 કલાક સુધી . **(6) ટેકનિકલ બિડ રજૂ કરવા અને ખોલવા માટેની તારીખ અને સમય: સબમિશન** : 18-02-2025 ના 15.00 કલાક સુધીમાં. ટેન્ડર ખુલવાની તારીખ : (ટેકનિકલ બિડ)18-02-2025 ના 15.30 કલાકે. **(7) ટેન્ડર સિસ્ટમ** : બે પેકેટ સિસ્ટમ.(ઓપન ટેન્ડર) **(8) વેબસાઇટ અને નોટિસ બોર્ડની વિગતો જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું** : નોટિસ બોર્ડ અને ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) III નું કાર્યાલય, પશ્ચિમ રેલ્વે, બીજો માળ નિર્માણ ભવન - જીસીએસ હોસ્પિટલની સામે, અસારવા, અમદાવાદ. **વેબસાઇટ** : www.ireps.gov.in 118

અમને લાઇક કરો: facebook.com/WesternRly

સિટી એક્સપ્રેસ
THURSDAY 30 JANUARY-2025
AHMEDABAD

## મહેસાણાની મર્ચન્ટ કોલેજમાં વિદ્યાર્થિનીનો આપઘાત

મહેસાણા | મહેસાણાના બાસણા નજીક આવેલ મર્ચન્ટ કોલેજમાં 19 વર્ષીય ઉર્વશી શ્રીમાળી નામની વિદ્યાર્થિનીએ આપઘાત કરી લીધો હતો. આ વિદ્યાર્થીનીએ ગર્લ્સ હોસ્ટેલમાં ગળેફાંસો ખાઈ લઈને જીવન ટુંકાવ્યું હતું. આ અંગે જાણ થતા મહેસાણા તાલુકા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વિદ્યાર્થિનીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલીને વધુ તપાસ હાથ ધરી છે. આ દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો અને કોલેજના ટોર્ચરને કારણે ઉર્વશીએ આપઘાત કર્યાનો આરોપ લગાવ્યો હતો.

## MS યુનિવર્સિટીમાં બાંગ્લાદેશી યુવતીએ કર્યો આપઘાત

વડોદરા | વડોદરાની MS યુનિવર્સિટીમાં ફાર્મસી વિભાગના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી 20 વર્ષીય મોહના મંડલ નામની બાંગ્લાદેશી યુવતીએ પરીક્ષાના દિવસ જ આત્મહત્યા કરી લીધી. મળતી માહિતી મુજબ, શહેરના સુરસાગર પાસેના નર્મદા એપાર્ટમેન્ટમાં મોહના રહેતી હતી. જો કે, પરીક્ષા શરૂ થઈ છતાં તે ન આવતા તેની મિત્રએ મોહનાના ઘરે જઈને તપાસ કરી હતી. જેમાં અન્ય મહિલા મિત્રએ મોહનાના ઘરનો દરવાજો ખખડાવ્યો છતાં ન ખોલતા, ભારે જહેમતે દરવાજો તોડીને અંદર જોતાં મોહનાએ ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો.



### ‘વહાલી દીકરીઓની.....વહાલી સરકાર’

# ‘વહાલી દીકરી યોજના’હેઠળ ૨.૭૮ લાખથી વધુ દીકરીઓને લાભ અપાશે : 3 હજાર કરોડથી વધુની સહાયને મંજૂરી અપાઈ



**પાત્રતા ધરાવતી રાજ્યની દીકરીઓને રૂ. ૧,૧૦,૦૦૦ ત્રણ હપ્તામાં ચૂકવાશે**

(એજન્સી) ગાંધીનગર | તા.29

દીકરી એટલે વહાલનો દરિયો. દેશની દીકરીઓ આજે દરેક ક્ષેત્રમાં આગળ વધી પોતાનું અને દેશનું નામ રોશન કરી રહી છે. ત્યારે સમાજમાં દીકરીના જન્મને પ્રોત્સાહન આપવા તથા સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવા માટે વર્ષ ૨૦૧૯થી ગુજરાતમાં ‘વહાલી દીકરી યોજના’ અમલી બનાવાઈ છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૨.૭૮ લાખથી વધુ દીકરીઓની ૩ હજાર કરોડથી વધુની સહાય મંજૂર કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં કન્યા કેળવણીને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ વખત રાજ્યમાં કન્યા કેળવણી મહોત્સવ જેવા દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપતા કાર્યક્રમ શરૂ કર્યા હતા. જેને વર્તમાન મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયા સુપેરે આગળ ધપાવી રહ્યાં છે. વર્ષ ૨૦૧૯થી કાર્યરત વહાલી દીકરી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૨,૬૨૨ દીકરીઓ, ૨૦૨૦-૨૧માં ૩૨,૦૪૨ દીકરીઓ, ૨૦૨૧-૨૨માં ૬૯,૯૦૩, ૨૦૨૨-૨૩માં ૫૫,૪૩૩, વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૭,૦૧૨ તથા વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૧,૬૪૯ દીકરીઓની નોંધણી કરવામાં આવી છે. જે હેઠળ અત્યાર સુધીમાં ૩ હજાર કરોડથી વધુની સહાયની મંજૂરી આપવામાં આવી છે. વહાલી દીકરી યોજના અંતર્ગત ૨ ઓગષ્ટ ૨૦૧૯ પછી પ્રથમ ત્રણ સંતાન પૈકીની તમામ દીકરીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. આ ઉપરાંત લાભાર્થી દીકરીના માતા-પિતાની વાર્ષિક આવક ૨ લાખ રૂપિયા કે તેથી ઓછી હોય તેવા નાગરીકો આ યોજનાનો લાભ મેળવી શકે છે. ગુજરાત રાજ્યની પાત્રતા ધરાવતી દીકરીઓને રૂ. ૧,૧૦,૦૦૦ ત્રણ હપ્તામાં ચૂકવાય છે. જે અંતર્ગત દીકરી જ્યારે પહેલા ધોરણમાં પ્રવેશ મેળવે તે સમયે પ્રથમ હપ્તો રૂ. ૪૦૦૦ ચુકવવામાં આવે છે. દીકરી જ્યારે નવમાં ધોરણમાં પ્રવેશે ત્યોરે યોજનાનો બીજો હપ્તો રૂ. ૬૦૦૦ ચૂકવાય છે. દીકરીની ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ તથા લગ્ન સહાય માટે એક લાખ રૂપિયા ત્રીજા હપ્તા તરીકે સહાય ચૂકવવામાં આવે છે. યોજનાનો લાભ મેળવવા માટેનું ફોર્મ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતેથી મળી શકેશે. આ ઉપરાંત ગ્રામ પંચાયત VCE દ્વારા પણ ઓનલાઈન અરજી કરી શકાય છે.

# મૌની અમાસે સાળંગપુર મંદિરમાં કરાયો મહાકુંભનો શણગાર, હજારો ભક્તોએ લીધો દર્શનનો લ્હાવો



શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી અમાસ નિમિતે 29 જાન્યુઆરી 2025ને બુધવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર ધરાવી દાદાના સવારે 5:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી.

## અમદાવાદ મંડળના મુખ્ય રેલ્વે સ્ટેશનો પર 'રેલ કોચ રેસ્ટોરન્ટ' સ્થાપિત થશે

અમદાવાદ | પશ્ચિમ રેલવેનો અમદાવાદ મંડળ મુસાફરોની સુવિધા વધારવા માટે મહેસાણા, સાબરમતી, આંબલી રોડ, ભુજ અને ગાંધીધામ રેલવે સ્ટેશનોના સર્ક્યુલેટિંગ વિસ્તારમાં ’રેલ કોચ રેસ્ટોરન્ટ્સ’ શરૂ કરવા જઈ રહ્યો છે. આ અનોખી સુવિધાઓમાં ઈન્ડોર અને આઉટડોર બંને પ્રકારના ભોજનનો વિકલ્પ હશે.‘ જે બિન ઉપયોગી ટ્રેન કોચને સ્ટાઈલિશ, વ્હીલ-માઉન્ટેડ રેસ્ટોરન્ટમાં રૂપાંતરિત કરશે.‘ અમદાવાદ મંડળના વાણિજય પ્રબંધક અન્નુ ત્યાગીના જ ણા ા વ્ યા



અનુસાર, આનો ઉદ્દેશ્ય મુસાફરોને વૈભવી, એર-કન્ડિશન્ડ ભોજનનો પૂરો પાડવાનો છે. ભારતીય રેલવેના નવીન અભિગમના ભાગ રૂપે, સંશોધિત કોચમાં અત્યાધુનિક ડિઝાઈન, એટેચ કિચન અને વિવિધ સ્વાદને પૂર્ણ કરવા માટે મલ્ટી કયુઝિન મેનુની સુવિધા હશે, જે બધા ભોજન કરનારાઓ માટે આનંદદાયક અનુભવ સુનિશ્ચિત કરશે. વધુમાં, સમગ્ર પર્યાવરણને અનુકૂળ વાતાવરણને વધારવા માટે બાળકો માટે એક ફન ઝોનનો પણ સમાવેશ કરવામાં આવશે. રેલ કોચ રેસ્ટોરન્ટ્સ’ ચોવીસ કલાક કાર્યરત રહેશે, જે મુસાફરો અને શહેરના આસપાસના વિસ્તારોના રહેવાસીઓને ભોજન પૂરું પાડશે. ટેકઅવે કાઉન્ટર્સ સુવિધા ઉમેરશે, જેનાથી મુસાફરો હરતા -ફરતાં ઝડપથી ઓર્ડર આપી શકશે.

### પોલીસે ડ્રાઈવરની કરી ધરપકડ

# અમદાવાદ શહેરમાં બેફામ ફરતાં ટ્રકે PIની ગાડીનો કચ્ચરઘાણ કાઢ્યો

(એજન્સી) અમદાવાદ | તા.29

અમદાવાદમાં હિટ એન્ડ રન સહિતની અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે શહેરમાં બેફામ ફરતાં ટ્રકચાલકે PIની ગાડીને ટક્કર મારી હોવાની ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતની ઘટનામાં પોલીસની કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આજે બુધવારે અમદાવાદ ટ્રાફિક પોલીસ અધિકારીઓ કાલુપુર સર્કલથી સારંગપુર તરફ જતા બીબીસી માર્કેટ નજીક નાઈટ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન સારંગપુર વિસ્તારમાં વહેલી સવારે લગભગ 3:00 વાગ્યે PIની કારને એક ટ્રક ચાલકે ગંભીર રીતે ટક્કર મારી હતી. સમગ્ર ઘટના મામલે પોલીસે ટ્રકચાલક અલ્કેશકુમાર કટારાની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર ઘટનાને લઈને ઈ ડિવિઝન ટ્રાફિક પોલીસે જણાવ્યુ હતુ કે, ટ્રક ચાલક બેદરકારીથી વાહન ચલાવી રહ્યો હતો, ત્યારે તેણે સરકારી વાહનને ટક્કર મારી અને રોકાયા વિના ઘટનાસ્થળેથી ભાગી ગયો. આ ઘટના બાદ પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે અકસ્માતમાં સંડોવાયેલા વાહનનો રજીસ્ટ્રેશન નંબર શોધીને દાહોદ જિલ્લાના ફતેપુરાના રહેવાસી અલ્કેશકુમાર કમાજીભાઈ કટારા નામના ટ્રક ડ્રાઈવર ધરપકડ કરી લેવામાં આવી છે. સમગ્ર ઘટનામાં અકસ્માત સમયે આરોપી દારૂના નશામાં હતો કે નહી તેને લઈને પોલીસ દ્વારા વધુ તપાસ કરાશે. જ્યારે પોલીસે આરોપીને વધુ પૂછપરછ માટે કસ્ટડીમાં લઈને આગળની કાર્યવાહી હાથ ધરી.

### ટેકાના ભાવે તુવેર ખરીદવાનો રાજ્ય સરકારનો નિર્ણય

# ખેડૂતો 3 થી 20 ફેબ્રુઆરી સુધી કરાવી શકશે નોંધણી

(એજન્સી) અમદાવાદ | તા.29

રાજ્યમાં ટેકાના ભાવે તુવેર ખરીદવાનો સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જેમાં ટેકાના ભાવે તુવેરનું વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતો આગામી 3 થી 20 ફેબ્રુઆરી સુધીમાં ઓનલાઈન માધ્યમથી નોંધણી કરાવી શકશે. રાજ્યમાં કુલ 206 ખરીદ કેન્દ્રો રાખવામાં આવ્યા છે. ટેકાના ભાવે તુવેર ખરીદીને લઈને કૃષિ મંત્રી જણાવ્યુ હતુ કે, ’ટેકાના ભાવે તુવેરની ખરીદી માટે સરકારે તૈયારી દર્શાવતા તુવેર પકવતા ખેડૂતો માટે મોટી રાહત ઊભી થઈ છે.



**206 કેન્દ્ર પર ટેકાના ભાવે તુવેર ખરીદાશે**

ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી અન્નદાતા આવક સુરક્ષા અભિયાન હેઠળ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે વિવિધ પાકોની ખરીદી કરવામાં આવે છે, ત્યારે રાજ્ય સરકારે તુવેરના પાકની ટેકાના ભાવે ખરીદી કરવાને લઈને નિર્ણય કર્યો છે. આ વર્ષે તુવેર પાકનું વાવેતર થાય તે પહેલા જ તુવેર માટે રૂ.7550 પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરાયો. જ્યારે આગામી 3 થી 20 ફેબ્રુઆરી સુધી ટેકાના ભાવે ખરીદીને લઈને ખેડૂતો માટે નોંધણી શરૂ થવાની છે.

**પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળથી ચાલનારી ત્રણ જોડી સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેનો રિસ્ટોર**

પશ્ચિમ રેલવે એ અમદાવાદ-દરભંગા, ગાંધીધામ-ભાગલપુર અને અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેનોને સમાન સંરચના, સમય અને રૂટ પર ફરી શરુ કરવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે:- 1. ટ્રેન નંબર 09447 અમદાવાદ-પટણા સાપ્તાહિક સ્પેશ્યલ 5 માર્ચ 2025 થી 25 જૂન 2025 સુધી ચાલશે.2. ટ્રેન નંબર 09448 પટના-અમદાવાદ સાપ્તાહિક સ્પેશ્યલ 7 માર્ચ 2025 થી 27 જૂન 2025 સુધી ચાલશે.

### ૨૩ ગોલ્ડમેડલ અને ૦૪ સિલ્વરમેડલ સાથે કુલ ૭૬૬ વિદ્યાર્થીઓને પદવી-પ્રમાણપત્ર એનાયત

# આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૭મો પદવીદાન સમારોહ યોજાયો

(એજન્સી) ગાંધીનગર | તા.29

ગુજરાતની એકમાત્ર શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૭મો પદવીદાન સમારોહ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં આજે ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક એવા વેરાવળ ખાતે યોજાયો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને દીક્ષાંત પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, જો ભારતીય સંસ્કૃતિને જાણવી હશે, તો સંસ્કૃત ભાષા શીખવી જ પડશે. ભારતીય જ્ઞાન-પરંપરાના મૂળ આધારરૂપ વેદ, ઉપનિષદ વગેરે સંસ્કૃતમાં જ લખાયેલા છે. તેના આધારે જ ગીતા, રામાયણ-મહાભારત તેમજ સ્ત્રોતસૂત્ર અને ગ્રંથોની રચના થઈ છે. આ રીતે વેદ આપણી સંસ્કૃતિ અને ધર્મનો આધારસ્તંભ છે. પ્રાચીન ભારતીય વૈચારિક દર્શન અને જીવનદર્શનનો મૂળ આધાર સંસ્કૃત સાહિત્ય અને તેમાં લખાયેલા ગ્રંથો છે, તે સંસ્કૃતની મહત્તા દર્શાવે છે. તેમ તેમણે જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને શીખ આપતાં તેમણે જણાવ્યું હતું કે, જે રીતે આપણે વૃક્ષના મૂળને પાણી આપીએ તો સમગ્ર વૃક્ષ હર્યુંભર્યું બને છે. તે રીતે જ જો મનુષ્યને પૂર્ણતા પામવી હશે તો તેના મૂળમાં સંસ્કૃતરૂપી સિંચન કરવું જરૂરી છે. સંસ્કૃત યુનિવર્સિટી સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અર્થે, લોકોમાં સંસ્કૃત ભાષા પ્રત્યે અભિરૂચિ કેળવાય તે માટે પ્રયત્નશીલ છે, તેમ જણાવી રાજ્યપાલશ્રીએ સંસ્કૃત યુનિવર્સિટીની સંસ્કૃત વિદ્યાલક્ષી કામગીરીને બીરદાવી હતી. તેમણે કહ્યું કે, એટલે કે, વેદ સર્વાધિક પ્રાચીન ગ્રંથ છે. જર્મન લેખક મેક્સમૂલરે પણ એ વાતનો સ્વીકાર કર્યો હતો કે, વિશ્વની પહેલી લાઈબ્રેરી બની તેમાં જે પ્રથમ ગ્રંથ પ્રાપ્ત બન્યો તે વેદ જ હતો. વેદ પછી જ બાકીના અન્ય સાહિત્યનું સર્જન થયું છે. વેદની ભાષા સંસ્કૃત છે. વેદનો કોઈ લેખક નથી.



# ફરી એકવાર ગુજરાત ખતરામાં!

## જામનગરમાં ફરી કોંગો રોગનો વાયરસ દેખાતા ફફડાટ

(એજન્સી) જામનગર | તા.29

જામનગરમાં ફરી કોંગો રોગનો વાયરસ દેખાતા ફફડાટ વ્યાપી ગયો છે. જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા 50 વર્ષિય એક આધેડનું કોંગો ફીવરને કારણે મૃત્યુ થતા આરોગ્ય તંત્રમાં દોડધામ વ્યાપી ગઈ હતી. અઠવાડિયા અગાઉ એક દર્દી સરકારી જી.જી. હોસ્પિટલમાં કોઈ બીમારીની સારવાર અર્થે દાખલ થયા હતાં. આ દર્દીનો કોંગો ફીવરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેનું મૃત્યુ નિપજતા આરોગ્ય ભાગની ટીમે તાકીદે દર્દી જે વિસ્તારના રહેવાસી હતા. તે પંચેશ્વર ટાવર આસપાસના રહેણાક વિસ્તારમાં ઘરે ઘરે ફરીને તપાસ હાથ ધરી તથા સર્વેની કામગીરી કરી હતી. જામનગરમાં ફરી કોંગો રોગનો વાયરસ દેખાતા ફફડાટ વ્યાપી ગયો છે. જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા 50 વર્ષિય એક આધેડનું કોંગો ફીવરને કારણે મૃત્યુ થતા આરોગ્ય તંત્રમાં દોડધામ વ્યાપી ગઈ હતી. આરોગ્ય વિભાગની ટીમે સંબંધિત વિસ્તારમાં ઘરે-ઘરે ફરીને સર્વે હાથ ધર્યો હતો. જાણવા મળતી વિગતો મુજબ 50 વર્ષિય આધેડને તાવ આવતા તેમને જામનગરની ગુરુ ગોવિંદસિંઘ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં અને તેમનું સોમવારે સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. તેમના વિવિધ રિપોર્ટસ કરાવવામાં આવ્યા હતાં. જેમાં કોંગો ફીવર પોઝિટિવ હોવાનું જણાઈ આવ્યું હતું. કોંગો ફીવર રિપોર્ટ પછી જામનગર મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર પણ આજે હરકતમાં આવ્યું હતું અને સંક્રમિત દર્દીના રહેણાંક વિસ્તારમાં દવાના છંટકાવ તેમજ સર્વે સહિતની કામગીરી હાથ ધરી હતી. જામનગરમાં ક્રિમિઅન-કોંગો હેમરેજિક ફીવરનો પ્રથમ કેસ વર્ષ ૨૦૧૯ માં નોંધાયો હતો. જેમાં સરકારી હોસ્પિટલના રેસિડેન્ટ મહિલા તબીબને કોંગો થયો હતો. હવે ફરી પાંચ વર્ષ પછી કોંગો વાયરસ દેખાતા શહેરીજનોમાં ભારે ગભરાટનો માહોલ પ્રસરી ગયો છે.

### ગુનેગારો જે ભાષામાં સમજે છે તે કાયદાની ભાષામાં સ્પષ્ટ સમજ આપી

# ગુજરાત પોલીસે ત્રણ વર્ષમાં પાસા હેઠળ કાર્યવાહી પામેલા રીઢા આરોપીઓને કાયદાના પાઠ ભણાવ્યા

(એજન્સી) અમદાવાદ | તા.29

ગુજરાત પોલીસ રાજ્યના નાગરિકોની સુરક્ષા અને કલ્યાણ માટે તેમની પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરી રહી છે. એક તરફ મહિલા, બાળકો અને વયસ્ક નાગરિકોની સંવેદનશીલ જરૂરિયાતોને અનુરૂપ “સાંત્વના કેન્દ્ર”, “શી ટીમ”, “ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી” અને “તેરા તુજકો અર્પણ” જેવા વિવિધ કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ દ્વારા ગુજરાત પોલીસ સહાનુભૂતિપૂર્વક સહાય પૂરી પાડે છે. બીજી તરફ, ગુજરાત પોલીસ રાજ્યની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા ગુંડા તત્વો અને નિર્દોષ નાગરિકોને પરેશાન કરતા અસામાજિક તત્વો સામે કડક પગલા લેવા તેમજ કાયદાનું




ભાન કરાવવા કડક પગલા પણ લઈ રહી છે. ગુજરાત પોલીસ દ્વારા રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે વધુ એક મહત્વપૂર્ણ કાર્યવાહી છેલ્લા કેટલાક સમયથી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન ત્રણ વર્ષમાં પાસા હેઠળ અટક થયેલા ૧૧૫૭ આરોપીઓને ભેગા કરી કાયદાના પાઠ ભણાવવામાં આવ્યા છે. આ પહેલનો હેતુ એવા ગુનેગારો પર નજર રાખવાનો છે જેઓ અગાઉ અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. તે ઉપરાંત આ રીઢા ગુનેગારોને ફરીથી ગુનાખોરીના માર્ગે જતા અટકાવવાનો છે. રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયની સૂચનાથી તાજેતરમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં આ પ્રકારના આયોજન કરવામાં આવ્યા હતા. જેમા વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન પાસા હેઠળ અટક થયેલા કુલ ૧૧૫૭ આરોપીઓને બોલાવવામાં આવ્યા હતા. પોલીસે તેમની સાથે વાતચીત કરીને તેમની વર્તમાન પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી અને તેમને સ્પષ્ટ શબ્દોમાં સમજાવવામાં આવ્યું હતું કે જો તેઓ ફરીથી ગુનાખોરીમાં સંડોવાયેલા જણાશે તો તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાત પોલીસની આ પહેલ ગુનાખોરીને નિયંત્રણમાં રાખવા અને સમાજમાં શાંતિ અને સુરક્ષા જાળવવાના પ્રયાસમાં મહત્વની બની રહેશે.

**વ્યાજખોરોના ત્રાસ**

# પૈસાની લેતી-દેતીમાં મહિલાએ જીવન ટૂંકાવ્યું! સ્યુસાઈડ નોટમાં મોટા ખુલાસા

### કૃષ્ણનગર પોલીસે એક મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી

(એજન્સી) અમદાવાદ | તા.29

અમદાવાદના કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વ્યાજખોરોના ત્રાસના કારણે મહિલાએ કરેલા આપઘાત કેસમાં કૃષ્ણનગર પોલીસે ગુનો દાખલ કર્યા બાદ એક મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. નીતાબેન મોદી નામની મહિલાએ 27 જાન્યુઆરી પોતાના ઘરે એસિડ પીને જીવન ટૂંકાવ્યું હોવાનો બનવા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. અમદાવાદમાં વધુ એક વખત પૈસાની લેતી-દેતીમાં આત્મહત્યા કર્યાનો બનાવ સામે આવ્યો છે. કૃષ્ણનગરમાં મહિલાએ આત્મહત્યા કરી લેતા પોલીસે ફરિયાદ નોંધીને એક મહિલા આરોપી સહિત ત્રણની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે. અમદાવાદના કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વ્યાજખોરોના ત્રાસના કારણે મહિલાએ કરેલા આપઘાત કેસમાં કૃષ્ણનગર પોલીસે ગુનો દાખલ કર્યા બાદ એક મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. નીતાબેન મોદી નામની મહિલાએ 27 જાન્યુઆરી પોતાના ઘરે એસિડ પીને જીવન ટૂંકાવ્યું હોવાનો બનવા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જે મામલે તેઓનાં પતિએ આરોપીઓ સામે આત્મહત્યા દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે. ત્યારે કૃષ્ણનગર પોલીસે ફરિયાદના આધારે એન પ્રાથમિક પુરાવા મળી આવતા આરોપી વિરુદ્ધ ની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે કે મૃતક નીતાબેન મોદીએ નેહા પંડ્યા અને જયેશ પંડ્યા મારફતે વ્યાજે 50 હજાર રૂપિયા વ્યાજે લીધા હતા. જે રકમ વ્યાજ સાથે ભરી દીધી હોવા છતાં પણ વધારાના 10 હપ્તા ભરવા છેલ્લા એક મહિનાથી આરોપીઓ માનસિક ત્રાસ આપીને ધમકી ઓ આપતા હતા. મૃતક નીતા બેને મોદી એ જીગર રબારી નામના મહેસાણાનાં યુવક પાસેથી 10 ટકા વ્યાજે પૈસા લીધેલા હતા. જે પૈસા ભરી દીધા હોવા છતાં પણ વધુ પૈસાની માંગણી કરી ધમકીઓ આપવામાં આવતી હતી.